દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૩ ■ Volume 67 ■ Issue 96 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ- ૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 April 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૨૩ એપ્રિલ ૨૦૨૪ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦


વિશ્વ પુસ્તક દિવસ પૂર્તિ ૬ ૭ ૮ ૯


LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# લોકસભાની સુરત બેઠક પર ભાજપનાં ઉમેદવાર બિનહરીફ વિજયી

## ગુજરાતના રાજકીય ઇતિહાસમાં પહેલીવાર ભાજપનાં ઉમેદવાર બિનહરીફ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતનાં રાજકીય ઇતિહાસમાં પહેલી વખત ભાજપના ઉમેદવાર સુરત લોકસભા બેઠક પર સોમવારે બિન હરિફ વિજયી જાહેર થયા છે. સુરત બેઠક પરનાં ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ સામે ઉમેદવારી નોંધાવનારા કૉંગ્રેસનાં ઉમેદવાર નીલેશ કુંભાણીનું ઉમેદવારી પત્ર રદ થયાં બાદ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાના અંતિમ દિવસે તમામ પ્રતિસ્પર્ધી ઉમેદવારો ખસી જતાં દલાલને બિન હરિફ વિજયી જાહેર કરવામાં આવ્યા હતા. સુરત લોકસભા બેઠક બિન હરિફ વિજયી જાહેર થતા હવે રાજ્યની બાકીની ૨૫ બેઠકો પર સાતમી મે એ મતદાન થશે.

મળતી માહિતી મુજબ લોકસભા ચૂંટણીમાં સુરત બેઠક પર છેલ્લા બે-ત્રણ દિવસથી હાઇ વોલ્ટેજ ડ્રામા વચ્ચે રવિવારે કૉંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીના ફોર્મમાં ભાજપ દ્વારા વાંધા અરજી કરવામાં આવી હતી. જેની રવિવારના રોજ સુનાવણી હાથ ધરાઈ હતી અને કૉંગ્રેસના ઉમેદવારનું ફોર્મ અમાન્ય ઠેરવી રદ કરવામાં આવ્યું હતું. સોમવારે ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા દરમિયાન સુરત બેઠક પર બસપાના ઉમેદવાર પ્યારેલાલે ફોર્મ પરત ખેંચી લેતા ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતાં.

સુરત લોકસભા બેઠક પર છેલ્લા બે દિવસથી ચાલી રહેલા રાજકીય ડ્રામાને અંતે રવિવારે બપોરે ચૂંટણી અધિકારીએ કૉંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણીનું ફોર્મ રદ જાહેર કર્યું હતું. કુંભાણીના ટેકેદાર બનેવી, ભાણિયો અને ભાગીદાર ચૂંટણી અધિકારી સમક્ષ હીયરિંગમાં હાજર જ થયા નહીં. બીજી તરફ ચૂંટણી અધિકારીએ કરેલી તપાસમાં ત્રણેય ટેકેદારોની અસલ સહી ઉમેદવારીપત્રમાં કરેલી સહી સાથે મેચ થઈ નહીં. એટલું જ નહીં ટેકેદારોને ધાકધમકી કે દબાણ પણ કરવામાં આવ્યું ન હોવાનું તપાસમાં ફલિત થતાં ફોર્મ અમાન્ય જાહેર કરાયું હતું. ૨૨મી એપ્રિલે ફોર્મ ખેંચવાનો છેલ્લો દિવસ હોવાથી સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા કારણ કે, સુરત લોકસભા બેઠક પર અપક્ષ સહિત આઠ ઉમેદવારો પૈકી સાત ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચ્યુ હતું. બાદમાં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર પ્યારેલાલ કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતાં અને પોતાનું ઉમેદવારીપત્ર પરત ખેંચી લીધું હતુ. ભાજપના ઉમેદવાર સામે એકપણ પ્રતિસ્પર્ધી ઉમેદવાર નહીં રહેતા ભાજપના ઉમેદવારને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. આથી લોકસભા ચૂંટણી ૨૦૨૪માં સુરત દેશની પ્રથમ બિનહરીફ બેઠક બની છે.

## સુરતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પહેલું કમળ અર્પણ કર્યું: પાટીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને પહેલું કમળ અર્પણ કર્યું છે. હું સુરત લોકસભા બેઠકના અમારા ઉમેદવાર મુકેશ દલાલને બિનહરીફ ચૂંટાવા બદલ અભિનંદન આપું છું એમ ગુજરાત ભાજપ પ્રમુખ સી.આર. પાટીલે એક્સ (અગાઉ ટ્વીટર) પર પોસ્ટ કર્યું હતું. સોમવારે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે આઠ જેટલા ઉમેદવારોએ અને બહુજન સમાજ પાર્ટી (બીએસપી)ના પ્યારેલાલ ભારતીએ તેમની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સુરત બેઠક પરથી કૉંગ્રેસના નિલેશ કુંભાણીની ઉમેદવારીપત્રમાં રવિવારે જિલ્લા રિટર્નિંગ ઓફિસરને પ્રથમ દૃષ્ટિએ દરખાસ્તકર્તાઓની સહીઓમાં વિસંગતતા મળ્યા બાદ નામંજૂર કરવામાં આવી હતી. સુરતથી કૉંગ્રેસના ડમી ઉમેદવાર સુરેશ પડસાલાનું ઉમેદવારી ફોર્મ પણ અમાન્ય ઠર્યું હતું. ■



અગ્નિશમન: નવી દિલ્હીમાં ગાઝિપુર ખાતે લાગેલી આગને ઓલવતા અગ્નિશામક દળના કર્મચારીઓ. (પીટીઆઇ)

## કોર્ટે બંગાળની શાળાઓમાંની ૨૦૧૬ની ભરતી રદ કરી

કોલકાતા: કલકત્તા વડી આલતે પશ્ચિમ બંગાળ સરકારની અને તેની પાસેથી આર્થિક સહાય મેળવતી શાળાઓમાંની ભરતી માટે ૨૦૧૬માં લેવાયેલી સ્ટેટ લેવલ સિલેક્શન ટેસ્ટ દ્વારા કરાયેલી બધી નિમણૂક રદ કરવાનો સોમવારે આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ દેવાંગસુ બસક અને ન્યાયાધીશ શબ્બર રાશીદીની બનેલી ખંડપીઠે સીબીઆઇને આ કિસ્સામાં વધુ તપાસ આગળ વધારવાનો અને તપાસનો અહેવાલ ત્રણ મહિનામાં સુપરત કરવાનો આદેશ પણ આપ્યો હતો.

બૅન્ચે વેસ્ટ બંગાળ સ્કૂલ સર્વિસ

(જુઓ પાનું ૨) ▸▸

## મોદીએ ફરી એક વખત કૉંગ્રેસ પર સંપત્તિ ફેરવિતરણનો આરોપ લગાવ્યો

અલીગઢ: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે વધુ એક વખત કૉંગ્રેસ પર સત્તામાં આવે તો લોકોની સંપત્તિને વિતરિત કરી નાખવાની યોજના ઘડવાનો આરોપ લગાવ્યો હતો, પરંતુ આ વખતે સંપત્તિ મુસ્લિમોને આપી દેવામાં આવશે એવું બોલ્યા નહોતા.

પશ્ચિમી ઉત્તર પ્રદેશના અલીગઢમાં તેઓ ચૂંટણી રેલીને સંબોધી રહ્યા હતા. આ મતદારસંઘમાં મુસ્લિમોની સંખ્યા નોંધપાત્ર છે. મોદીએ વિપક્ષ કૉંગ્રેસ અને સમાજવાદી પાર્ટીની ટીકા કરતાં કહ્યું હતું કે તેઓ તુષ્ટીકરણની નીતિ અપનાવે છે, પરંતુ સમાજના આ વર્ગના સામાજિક-આર્થિક ઉત્થાન માટે કશું જ કરતા નથી.

બીજી તરફ તેમણે જણાવ્યું હતું કે ટ્રિપલ તલાક સામેનો કાયદો, હજ માટેના ક્વોટામાં વધારો જેવા નિર્ણયોને કારણે આ સમુદાયને મદદ થઈ છે.

અહીં ઉલ્લેખનીય છે કે રવિવારે વડા પ્રધાને કૉંગ્રેસ સત્તામાં આવશે તો સર્વેક્ષણ કરીને સંપત્તિનું ફેરવિતરણ કરવાનો ગંભીર આક્ષેપ કરીને વિવાદ છેડ્યો હતો.

ભૂતપૂર્વ વડા પ્રધાન મનમોહન સિંહના ૨૦૦૬માં આપવામાં આવેલા દેશના સંસાધનો પર મુસ્લિમોનો પહેલો અધિકાર છે વાળા નિવેદનનો આધાર લેતાં તેમણે રાજસ્થાનના બાંસવાડામાં કહ્યું હતું કે કૉંગ્રેસ તમારી સંપત્તિ ઘુસણખોરો અને વધુ બાળકો ધરાવનારા લોકોને આપી દેવા માગે છે.

અલીગઢમાં તેમણે સોમવારે સંપત્તિના ફેરવિતરણના મુદ્દાનું

(જુઓ પાનું ૨) ▸▸

## આ વખતે ૨૦ ફૂટના બરફીલા બાબા

### બીઆરઓએ અમરનાથ ટ્રેક સાફ કર્યો

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુ : આ વખતે અમરનાથ ગુફામાં ૨૦ ફૂટના બરફનું લિંગ બનવાનો સરકારે દાવો કર્યો છે. બીજી બાજુ બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (બીઆરઓ)એ એક મહિનામાં જ અમરનાથ ગુફા તરફ જનારા ટ્રેક પર બરફ હટાવાનું કામ પૂરું કર્યું છે.

બીઆરઓએ માહિતી આપી હતી કે યાત્રા માર્ગ પર બરફ હટાવવાનું કામ જારી છે. આ કામ માટે બાલટાલના આધાર શિબિરથી અમરનાથ ગુફા સુધી આધુનિક મશીનરી અને કુશળ શ્રમિકોને તૈનાત કરવામાં આવ્યા છે. એક મહિનાની અંદર કાલી માતા મદિર સુધી બરફ સાફ કરી નખાયો છે.

બીઆરઓ અધિકારીઓએ માહિતી આપી કે યાત્રા દરમિયાન તીર્થયાત્રીઓ અને આવશ્યક કર્મચારીઓ માટે સુગમ માર્ગની સવલત આપવા ૧૪ કિલોમીટરના ટ્રેકને ૧૨થી ૧૪ ફૂટની પહોળાઈ સુધી વિસ્તારિત કરવાની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. અહીં ધ્યાન દેવાની વાત એ છે કે પહેલી વાર પવિત્ર ગુફાની વાર્ષિક તીર્થયાત્રાની વ્યાપક તૈયારીના ભાગરૂપે બીઆરઓને અમરનાથ ટ્રેકના નિર્માણ અને દેખભાળનું નિયંત્રણ સોંપાયું છે.

અધિકારીઓએ કહ્યું હતું કે કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસનના નિર્દેશ પ્રમાણે બાલતાલથી અમરનાથ ગુફા સુધીનો બરફ હટાવવાની જવાબદારી

(જુઓ પાનું ૨) ▸▸

### મુંબઈની હાઇ કોર્ટના ચુકાદાને રદ કરતી સુપ્રીમ કોર્ટ

## બળાત્કારનો ભોગ બનેલી છોકરીને 30 અઠવાડિયાંનો ગર્ભ પડાવવાની છૂટ અપાઇ

### સાયનની હૉસ્પિટલને ડૉક્ટરોની ટીમ રચવા હુકમ

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે બળાત્કારનો ભોગ બનેલી ૧૪ વર્ષની છોકરીને ૩૦ અઠવાડિયાંનો ગર્ભ પડાવવાની એટલે કે ગર્ભપાત કરાવવાની પરવાનગી આપી હતી અને બોમ્બે વડી અદાલતના સંબંધિત આદેશને રદ કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતે આ કિસ્સાને ‘અપવાદરૂપ’ ગણાવીને જણાવ્યું હતું કે છોકરીની નાની (૧૪ વર્ષની) ઉંમરને અને તેના હિતને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે.

દેશના મુખ્ય ન્યાયાધીશ ડી. વાય. ચંદ્રચૂડ અને ન્યાયાધીશ જે. બી. પારડીવાલાની બૅન્ચે સંબંધિત હુકમ આપ્યો હતો.

બોમ્બે વડી અદાલતે આ છોકરીને ગર્ભપાત કરાવવા પરવાનગી આપવાનો ઇનકાર કરતો ચુકાદો ચોથી એપ્રિલે આપ્યો હતો, જેને સર્વોચ્ચ અદાલતની બૅન્ચે રદ કર્યો હતો.

સર્વોચ્ચ અદાલતે મુંબઈના સાયનની લોકમાન્ય ટિળક મ્યુનિસિપલ મેડિકલ કોલેજ અને જનરલ હૉસ્પિટલને આ છોકરીના ગર્ભપાત માટે ડૉક્ટરોની ટીમ તાત્કાલિક રચવાનો હુકમ પણ કર્યો હતો.

અગાઉ, સાયનની લોકમાન્ય ટિળક મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ અને જનરલ હૉસ્પિટલે આ કેસમાં સુપરત કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે મેડિકલ બોર્ડનો આ કિસ્સામાં સ્પષ્ટ મત છે કે જો ૧૪ વર્ષની આ છોકરીની ઇચ્છા વિરુદ્ધ તેની ગર્ભાવસ્થા ચાલુ રખાશે (એટલે કે ગર્ભપાત નહિ કરાય), તો તેને શારીરિક અને માનસિક માઠી અસર થઇ શકે છે.બૅન્ચે કોઇ પણ કેસમાં સંપૂર્ણ ન્યાય અપાવવા માટે જરૂરી આદેશ આપવાની પોતાને સત્તા આપતી બંધારણની કલમ ૧૪૨ની જોગવાઇને આધારે ચુકાદો આપ્યો હતો. (એજન્સી) ■



સુરક્ષા: લદાખના સિઆચેન બેસ કેમ્પની મુલાકાત વખતે લશ્કરના સૈનિકોની સાથે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને લશ્કરના વડા મનોજ પાંડે. (પીટીઆઇ)

## મેઘરાજાએ દક્ષિણ ચીનને ધમરોળી નાખ્યું, ચારનાં મોત

બીજિંગ : અઠવાડિયાના અંતમાં દક્ષિણ ચીનમાં તોફાન સાથે વરસાદ આવતાં નદીના તટે રહેલા શહેરોમાં ઓછામાં ઓછા ચાર જણનાં મોત થયા હતા અને બીજા ૧૦ લાપત્તા છે એવી માહિતી સરકારી માધ્યમોએ આપી હતી.

સત્તાવાર ઝિનહુઆ સમાચાર સંસ્થાએ માહિતી આપી હતી કે ત્રણ જણ ઝાઓકિંગમાં અને એક બચાવ કાર્યકર્તા શેગુઆન સિટીમાં મરણ પામ્યા હતા. જોકે આ લોકો કેવી રીતે અને ક્યારે મરણ પામ્યા એની માહિતી અપાઈ નહોતી.

ગુઆનડોન્ગ પ્રાંતના બે શહેરોમાં ગયા અઠવાડિયાનાં અંતમાં પડેલા મુશળધાર વરસાદે સૌથી વધારે તારાજી કરી હતી. બ્રોડકાસ્ટર સીસીટીવીના ફૂટેજમાં બચાવકારો રબર બોટમાં બેસાડીને રહેવાસીઓને જળબંબાકાર શોપિંગ સ્ટ્રીટ અને રહેણાંક વિસ્તારમાંથી ખસેડી રહ્યા છે.

સોમવાર સુધી આ પ્રાંતમાં ૧,૧૦,૦૦૦ લોકોને ખસેડવામાં આવ્યા હતા, જ્યારે ૨૫,૮૦૦ લોકોને તાકીદમાં ઊભા કરેલા આશ્રયસ્થાનમાં રખાયા છે.

સરકારે કહ્યું હતું કે ગુઆનડોન્ગની રાજધાની ગુઆન્ગઝાઉમાં સોમવારના સવારના દસ વાગ્યા (બે વાગ્યે ગ્રીનીજ મીન ટાઈમ) સુધી શહેરમાં એપ્રિલમાં ૬૦.૯ સેન્ટિમીટર (૨૪ ઈંચ) કુલ વરસાદ પડ્યો હતો જે ૧૯૫૯માં રેકોર્ડ રાખવાનું શરૂ થયું ત્યાર બાદનો સૌથી વધારે માસિક વરસાદ છે.

ચીનની કેન્દ્રીય હવામાન ખાતાએ તોફાન સાથે વરસાદની આગાહી મંગળવાર સાંજ સુધી લંબાવી હતી. દક્ષિણ ચીનમાં ગુઆન્ગઝી રીજન અને ગુઆનડોન્ગ અને ફુજીયન પ્રાંતમાં ધોધમાર વરસાદ પડે એવી આગાહી કરાઈ હતી. (એજન્સી) ■

## મોદી સરકારે દેશમાંથી આતંકવાદ ખતમ કરી નાખ્યો, નક્સલવાદ પણ ખતમ થવાને આરે: અમિત શાહ

રાયપુર: કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોમવારે કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની સરકારના કાર્યકાળમાં દેશમાંથી આતંકવાદને ખતમ કરી નાખવામાં આવ્યો છે અને નક્સલવાદ પણ ખતમ થવાને આરે પહોંચી ગયો છે.

છત્તીસગઢના કાંકેરમાં એક ચૂંટણી રેલીને સંબોધતાં અમિત શાહે નક્સલવાદીઓને શરણે આવવાની હાકલ કરતાં એવી ચેતવણી ઉચ્ચારી હતી કે અન્યથા આગામી બે વર્ષમાં તેમને મૂળ સહિત ઉખેડી નાખવામાં આવશે.

તેમણે કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીને એવો સવાલ કર્યો હતો કે તેમનો પરિવાર ચાર પેઢીથી સત્તામાં હતો, તેમણે છત્તીસગઢના ગરીબ લોકો માટે શું કર્યું હતું?

કૉંગ્રેસ કહે છે કે લઘુમતી કોમનો દેશના સંસાધનો પર પહેલો અધિકાર છે, પરંતુ અમે (ભાજપ) કહીએ છીએ કે ગરીબો, આદિવાસીઓ, દલિતો અને પછાતવર્ગના લોકોનો દેશના સંસાધનો

(જુઓ પાનું ૨) ▸▸

## વર્ષ ૨૦૨૨માં અંદાજીત ૬૬,000 ભારતીયો અમેરિકન નાગરિક બન્યા: રિપોર્ટ

વૉશિંગ્ટન: અમેરિકન નાગરિક બનવા ભારતીયોની સંખ્યા સતત વધી રહી છે અને આ અંગે એક રિપોર્ટ પણ સામે આવ્યો છે. વર્ષ ૨૦૨૨માં ઓછામાં ઓછા ૬૫,૯૬૦ ભારતીયો સત્તાવાર રીતે અમેરિકન નાગરિક બન્યા અને આ સાથે ભારત અમેરિકન નાગરિકતા મેળવનારા દેશોના લોકોની સંખ્યાના સંદર્ભમાં મેક્સિકો પછી બીજા સ્થાને પહોંચી ગયું છે.

યુએસ સેન્સસ બ્યુરોના અમેરિકન કોમ્યુનિટી સર્વેના ડેટા અનુસાર ૨૦૨૨માં વિદેશી મૂળના અંદાજિત ૪ કરોડ ૬૦ લાખ લોકો અમેરિકામાં રહેતા હતા, જે અમેરિકાની કુલ ૩૩ કરોડ ૩૩ લાખ વસ્તીના લગભગ ૧૪ ટકા છે. સ્વતંત્ર કોંગ્રેશનલ રિસર્ચ સર્વિસ(સીઆરએસ)ની નાણાકીય વર્ષ ૨૦૨૨ માટે યુએસ નેચરલાઇઝેશન પોલિસી(અમેરિકી નાગરિકતા નીતિ) પર ૧૫ એપ્રિલના તાજેતરના અહેવાલ અનુસાર નાણાકીય વર્ષ ૨૦૨૨માં ૯,૬૯,૩૮૦ વ્યક્તિઓ અમેરિકાના નાગરિક બન્યા હતા. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકન નાગરિકતા મેળવનાર મેક્સિકોમાં જન્મેલા લોકોની સંખ્યા સૌથી વધુ હતી. આ પછી ભારત, ફિલિપાઇન્સ, ક્યુબા અને ડોમિનિકન રિપબ્લિકના સૌથી વધુ લોકોને અમેરિકન નાગરિકતા મળી છે. તેમના પછી ભારત (૬૫,૯૬૦), ફિલિપાઇન્સ(૫૩,૪૧૩), ક્યુબા(૪૬,૯૧૩), ડોમિનિકન રિપબ્લિક

(જુઓ પાનું ૨) ▸▸

## હુબલીમાં યુવતીની હત્યાને લઇને ભાજપનું રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન

બેંગલુરુ: ભારતીય જનતા પાર્ટીના કર્ણાટક યુનિટે સોમવારે હુબલીમાં એક યુવતીની ક્રૂર હત્યાના વિરોધમાં રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કર્યું હતું. હુબલી-ધારવાડ મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર અને કૉંગ્રેસના નેતા નિરંજન હિરેમઠની પુત્રી નેહા હિરેમઠ(૨૩)ની ૧૮ એપ્રિલે ધારવાડના બીવીબી કોલેજ કેમ્પસમાં કથિત રીતે છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. આ ઘટનાને લઇને રાજ્યભરમાં રોષ જોવા મળ્યો હતો. નેહા માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશનની પ્રથમ વર્ષની વિદ્યાર્થીની હતી અને આરોપી ફયાઝ તેનો ભૂતપૂર્વ સહાધ્યાયી હતો. પોલીસે ફૈયાઝની ધરપકડ કરી લીધી છે. ભાજપે આ ઘટના માટે કૉંગ્રેસ સરકારની કથિત તુષ્ટિકરણની રાજનીતિને જવાબદાર ઠેરવતા રાજ્યવ્યાપી વિરોધ પ્રદર્શન કરવાનું નક્કી કર્યું હતું. પાર્ટીએ બેંગલુરુમાં રામેશ્વર કાફેમાં બોમ્બ વિસ્ફોટ, જયશ્રી રામના નારા લગાવવા અને હનુમાન ચાલીસાના પાઠ કરવા માટે યુવાનો પર હુમલો જેવી ઘટનાઓને પણ પ્રકાશિત કરી હતી. ભાજપના પ્રદેશ એકમના પ્રમુખ બી. વાય. વિજયેન્દ્રએ મૈસુરમાં વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું. જ્યારે વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા આર. અશોક અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને હાવેરીથી ભાજપના ઉમેદવાર બસવરાજ બોમાઇએ તુમકુરુ અને હાવેરીમાં વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું. પૂર્વ મુખ્ય મંત્રી જગદીશ શેટ્ટરે બેલાગવીમાં વિરોધ પ્રદર્શનનું નેતૃત્વ કર્યું હતું. શેટ્ટર ભાજપની ટિકિટ પર બેલગવીથી ચૂંટણી લડી રહ્યા છે. વિરોધીઓએ કૂચ કરી હતી અને નેહા હીરેમઠ અમર રહેના નારા લગાવ્યા હતા. કેટલાક વિરોધીઓએ તેમના હાથમાં પ્લેકાર્ડ અને નેહા હિરેમઠનો ફોટો લઇને પ્રદર્શન પણ કર્યું હતું. દેખાવકારોએ પોતાનો રોષ વ્યક્ત કરવા માટે રસ્તા વચ્ચે ટાયરો પણ સળગાવ્યા હતા. ધારવાડ સ્થિત અંજુમન-એ-ઇસ્લામ સંસ્થાએ નેહાની હત્યાના શોકમાં અને શોકગ્રસ્ત પરિવાર સાથે એકતા વ્યક્ત કરવા માટે સવારે ૧૦ વાગ્યાથી બપોરે ત્રણ વાગ્યા સુધી અડધા દિવસના બંધનું આહ્વાન કર્યું હતું. મુસ્લિમ દુકાન માલિકોએ ‘નેહા માટે ન્યાય’ લખેલા બેનરો લગાવ્યા હતા. ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સુરતમાં ભાજપ બિનહરીફ, ચૂંટણી વિના લોકશાહી કહેવાય?

**ગુજરાતના** ઈતિહાસમાં ૨૨ એપ્રિલ, ૨૦૨૪ને સોમવારનો દિવસ કલંકિત દિવસ તરીકે નોંધાઈ ગયો કેમ કે ગુજરાતની સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા. કૉંગ્રેસના નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયું પછી સુરત લોકસભા બેઠક પર બસપાના ઉમેદવાર પ્યારેલાલ સહિત આઠ ઉમેદવારો મેદાનમાં હતા.

આ પૈકી સવારે જ સાત ઉમેદવારોએ ફોર્મ પાછાં ખેંચી લીધેલાં પણ બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર પ્યારેલાલ ગાયબ હતા તેથી પ્યારેલાલ લોકશાહીની આબરૂ બચાવશે એવું લાગતું હતું. જો કે પ્યારેલાલ પણ પાણીમાં બેઠા ને છેલ્લી ઘડીએ કલેક્ટર કચેરીએ પ્રગટ થઈને ઉમેદવારી પત્રક પાછું ખેંચી લેતા ચૂંટણીપંચે ભાજપના મુકેશ દલાલને બિનહરીફ વિજેતા જાહેર કરી દીધા છે.

લોકશાહીનો આત્મા જ ચૂંટણી છે ત્યારે સુરત લોકસભા બેઠક પર તેનો જ છેદ ઊડી ગયો. કોઈ લશ્કરી સરમુખત્યારશાહી દેશમાં ચૂંટણી વિના જ સાંસદ ચૂંટાઈ જાય એ રીતે સુરત બેઠક પરથી પણ ભાજપના ઉમેદવાર સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા. બાંગલાદેશ કે રશિયા જેવા દેશોમાં સત્તામાં બેઠેલા શાસકની પાર્ટીના નેતા કોઈ વિરોધ વિના સંસદમાં પહોંચી જાય એવું થઈ ગયું.

આ કલંકકથા લખવામાં કૉંગ્રેસ ને ભાજપ બંનેનું સરખું યોગદાન છે. કૉંગ્રેસ એ રીતે દોષિત છે કે, કૉંગ્રેસે એક એવા ઉમેદવારને પસંદ કર્યો કે જેણે ઉમેદવારી નોંધાવતાં પહેલાં જ ભાજપ સાથે ફિક્સિંગ કરી દીધેલું. ભાજપે એ રીતે દોષિત છે કે, પોતે સરળતાથી જીતી શકે એવી બેઠક પર ચૂંટણી લડીને જીતીને લોકશાહીનાં મૂલ્યોનું જતન કરવાના બદલે બિનહરીફ જીતનો અહમ સંતોષ્યો.

કૉંગ્રેસના નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થયું પછી બીજા આઠ ઉમેદવાર મેદાનમાં હતા. તેમને ઊભા રહેવા દઈને દેખાવ ખાતર ભાજપ ચૂંટણી લડ્યો હોત તો લોકશાહીનું ગૌરવ જળવાયું હોત. લોકશાહીના સૌથી મોટા પર્વ એવા ચૂંટણીની ગરિમા જળવાઈ હોત પણ ભાજપે એ ગરિમા જાળવવાના બદલે તુચ્છ અહમ્ સંતોષ્યો. ભાજપના નેતા મતાધિકારને સૌથી મોટો અધિકાર ગણાવે છે પણ સુરત લોકસભા મતવિસ્તારના ૨૦ લાખથી વધારે મતદારોનો આ અધિકાર જ છિનવી લીધો.

મીડિયા સુરતમાં ભાજપના ઉમેદવાર બિનહરીફ ચૂંટાયા તેની વધામણીઓ ખાઈ રહ્યું છે. ગુજરાતમાં ભાજપની જીતનો ધમાકેદાર આરંભ થયો છે, સુરત લોકસભા બેઠક બિનહરીફ કરાવીને ભાજપે ઐતિહાસિક જીત મેળવી છે એવી વાતો કરી રહ્યો છે પણ આ જીત ઐતિહાસિક નથી. બલ્કે એક ખતરનાક ભાવિનાં એંધાણ છે. અત્યારે તો આ રીતે એક જ બેઠક બિનહરીફ કરાવાઈ છે પણ ભવિષ્યમાં કોઈ પક્ષ પૈસા કે મસલ પાવર કે બીજા કોઈ જોરે આ રીતે સો-દોઢસો બેઠકો પર બિનહરીફ ઉમેદવારોને જીતાડી દે તો શું થાય એ વિચારવાની જરૂર છે.

સુરતના ભવાડાએ કૉંગ્રેસની આબરુનું તો ધોવાણ કર્યું જ છે પણ કૉંગ્રેસની રહીસહી વિશ્વસનિયતા પણ ખતમ થઈ ગઈ છે. આ ભવાડા પછી એક જ સવાલ થાય કે, ગુજરાતની પ્રજા હવે શું કરવા કૉંગ્રેસનો ભરોસો કરે? અત્યાર સુધી ગુજરાતની પ્રજા જે કૉંગ્રેસીઓને વિધાનસભા કે લોકસભામાં ચૂંટીને મોકલતી હતી એ બધા ચૂંટાયા પછી પ્રજાનો દ્રોહ કરીને કૉંગ્રેસ છોડીને ભાજપમાં જોડાઈ જતા હતા.

કૉંગ્રેસીઓના ભાજપમાં જોડાઈ જવા પાછળ ક્યા પરિબળો કામ કરતાં હતાં એ કહેવાની જરૂર નથી. કૉંગ્રેસ છોડીને ભાજપ બનેલા નેતાઓને તાત્કાલિક પ્રધાનપદ મળે છે ને બીજા લાભ પણ મળે છે એ જોતાં આ લાલા લાભ વિના લોટતા નહોતા એ સ્પષ્ટ છે. નાણાંની લેવડદેવડ, સત્તામાં ભાગીદારી, જૂના કેસોમાંથી છૂટકારો સહિતનાં કારણોસર કૉંગ્રેસીઓ ભાજપમાં જતા રહેતા હતા.

હવે કૉંગ્રેસીઓ ચૂંટાવાની પણ રાહ જોતા નથી એ કુંભાણીના કેસે સાબિત કર્યું છે. કુંભાણીએ ભાજપ સાથે પાંચ કરોડ રૂપિયામાં સોદો કર્યો હોવાના આક્ષેપો કૉંગ્રેસના જ નેતા કરી રહ્યા છે. કુંભાણી અને તેમની આખી ટોળકી જે રીતે વર્તી છે એ જોતાં હવે કૉંગ્રેસીઓ ચૂંટાયા પહેલાં જ ભાજપ સાથે સોદાબાજી કરીને પોતે બિકાઉ છે એ તો સાબિત કરી જ રહ્યા છે પણ સાથે સાથે લોકશાહીના સિધ્ધાંતોના પણ ધજાગરા ઉડાડી રહ્યા છે. લોકશાહીને ટકાવી રાખનારું સૌથી મોટું પરિબળ ચૂંટણી છે પણ સુરતના ભવાડાએ ચૂંટણીને જ ફારસ બનાવી દીધી. ચૂંટણી વિના લોકસભાનો સભ્ય ચૂંટાય તો એ લોકશાહી કેવી?

કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે આ ભવાડા પછી સુપ્રીમ કોર્ટ સુધી લડી લેવાનો હુંકાર કર્યો છે. શક્તિસિંહે આ ફુંફાડા મારવાના બદલે સૌથી પહેલાં તો ગુજરાતની પ્રજાની માફી માગવી જોઈએ કે, અમે કોઈ નૈતિકતા વિનાનો ઉમેદવાર પસંદ કર્યો.

કૉંગ્રેસે નિલેશ કુંભાણીને કોર્ટમાં પણ ઢસડી જવા જોઈએ કેમ કે કુંભાણીએ માત્ર પ્રજા સાથે વિશ્વાસઘાત કર્યો નથી પણ ફોર્જરી અને ઠગાઈનો ગંભીર ક્રિમિનલ અપરાધ પણ કર્યો છે. કુંભાણીએ ફોર્મ ભર્યું તેમાં તેમના નામની દરખાસ્ત કરનારા ટેકેદારો તરીકે જગદીશ સાવલિયા (કુંભાણીના બનેવી), ધ્રુવીન ધામેલીયા( કુંભાણીના ભાગીદાર) અને રમેશ પોલરા (કુંભાણીના ભાગીદાર) હતા. કુંભાણીના ડમી ઉમેદવાર સુરેશ પડસાળાના ટેકેદાર તરીકે પણ કુંભાણીનો ભાણિયો હતો.

કુંભાણીએ પોતાના બનેવી, ભાણેજ અને ધંધાકીય પાર્ટનર્સની મદદથી આખો ખેલ ગોઠવીને કૉંગ્રેસનો ખેલ બગાડી દીધો પણ દેખાવ એવો કર્યો કે, તેના નામની દરખાસ્ત કરનારા ફરી ગયા છે. કુંભાણીનું ફોર્મ રદ થયું કેમ કે કુંભાણીના બનેવી, ભાણેજ અને ભાગીદારોએ ચૂંટણી અધિકારી સમક્ષ હાજર થઈને પોતાની સહી ખોટી હોવાનું સોગંદનામું કર્યું છે. છેલ્લી ઘડીએ એ લોકોએ એફિડેવિટ દ્વારા કહી દીધું કે, કુંભાણીના ફોર્મમાં સહી અમારી નથી. તેનો મતલબ શું? એ જ કે, કુંભાણીએ તેના બનેવી, ભાણેજ અને પાર્ટનર્સની ખોટી સહી કરી છે. કુંભાણીના ફોર્મમાં તેના બનેવી કે બીજાં લોકોની ખોટી સહીઓ બીજું કોણ કરવાનું?

આ સિમ્પલ ફોર્જરીનો ગુનો છે.

કુંભાણીને કૉંગ્રેસે લોકસભાના ઉમેદવાર બનાવેલા ને તેના માટે મેન્ડેટ આપેલો પણ તેનો કુંભાણીએ દુરુપયોગ કરીને કોંગ્રેસને છેતરી. કૉંગ્રેસે તેના માટે કુંભાણી સામે છેતરપિંડીનો કેસ પણ કરવો જોઈએ.

શક્તિસિંહ ઈલેક્શન પીટિશનની વાતો કરે છે પણ આ મામલો ક્રિમિનલ કોન્સ્પિરસીનો છે.

કૉંગ્રેસમાં કુંભાણી સામે એવો કેસ કરવાની હિંમત છે ખરી? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર ગ્રીષ્મઋતુ), મંગળવાર, તા. ૨૩-૪-૨૦૨૪, નક્ષત્ર વારના યોગ અનુસાર મંગળ ગ્રહદેવતાનું પૂજન.

- ભારતીય દિનાંક ૩, માહે વૈશાખ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ-૧૫
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૧૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર ચિત્રા રાત્રે ક. ૨૨-૩૧ સુધી, પછી સ્વાતિ.
- ચંદ્ર કન્યામાં ૦૯-૧૮ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૪, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૧-૫૩, રાત્રે ક. ૨૩-૫૧
- ઓટઃ સાંજે ક. ૧૭-૪૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૦ (તા. ૨૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - પૂર્ણિમા. ચૈત્રી પૂનમ, શ્રી હનુમાન જયંતિ, વૈશાખ સ્નાનારંભ, મન્વાદિ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સાંજે ક. ૧૬-૨૪ સુધી શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ઉપનયન, સર્વત્ર હનુમાન જયંતી ઉત્સવ, હનુમાન પૂજા, ઘરે ઘરે સર્વજન દ્વારા હનુમાન ચાલીસા પાઠ વાંચન, સુંદરકાંડ પાઠ વાંચન, વિશેષ આરતીના આયોજનો, દેવી મંદિરોમાં યાત્રાનો મહિમા, બિલીનું વૃક્ષ વાવવું, જન્મકુંડળીમાં મંગળ ગ્રહની બળ પ્રાપ્તિ માટે વિશેષ પૂજાનો જ્યોતિષ યોગ. સર્વશાંતિ પૂજા, પરગામ પ્રયાણ મધ્યમ, નવા વસ્ત્રો, આભૂષણ, પશુ લે-વેંચ, દુકાન-વેપાર માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક, તુલસીપૂજા, વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન. તીર્થમાં વૈશાખ સ્નાનના આરંભનો મહિમા, તર્પણનો મહિમા.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ કુટુંબકલેશ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય પ્રતિયુતિ (તા. ૨૪)
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કુંભ, વક્રી બુધ-મીન, ગુરુ-મેષ (કૃતિકા-૧ ચરણ), શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર ■

## છત્તીસગઢમાં નક્લીઓ દ્વારા પ્લાન્ટ કરાયેલ આઇઇડી વિસ્ફોટ થતા એકનું મોત

બિજાપુરઃ છત્તીસગઢના બિજાપુર જિલ્લામાં નક્સલવાદીઓ દ્વારા પ્લાન્ટ કરવામાં આવેલા ઇમ્પ્રોવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (આઇઇડી) ફાટતા એક ૧૮ વર્ષીય યુવકનું મોત થયું હોવાનું પોલીસે સોમવારે જણાવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના શનિવારે ગંગલૂર પોલીસ સ્ટેશનની હદમાં આવતા મુત્વેન્ડી ગામ નજીક બની હતી, પરંતુ તેના વિશે પોલીસને જાણ સોમવારે કરવામાં આવી હતી. મુત્વેન્ડીનો રહેવાસી અને ગડિયા તરીકે ઓળખાતો ભોગ બનનાર યુવક નજીકના જંગલમાં ગયો હતો જ્યાં તેણે અજાણતા પ્રેશર આઇઇડી પર પગ મૂક્તા વિસ્ફોટ થયો હતો. જેમાં તેનું મોત નીપજ્યું હતું. સોમવારે પોલીસને આ ઘટના અંગે જાણ કરવામાં આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે જણાવ્યું હતું કે તાજેતરમાં જિલ્લામાં આવી જ ઘટનામાં નૈમેડ વિસ્તારના કાચિલવાર ગામનો રહેવાસી ગંભીર રીતે ઘાયલ થયો હતો. ૧૨ એપ્રિલના રોજ જિલ્લાના મિરટુર પોલીસ સ્ટેશનની હદમાં માર્ગ બાંધકામના કામમાં રોકાયેલા એક કામદારનું પ્રેશર આઇઇડી બ્લાસ્ટમાં મોત થયું હતું.

## રાજનાથ સિંહે સિયાચીનની લીધી મુલાકાત

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોમવારે વિશ્વના સર્વોચ્ચ યુદ્ધ મેદાન સિયાચીનની મુલાકાત લીધી હતી અને આ ક્ષેત્રમાં ભારતની એકંદર સૈન્ય સજ્જતાની સમીક્ષા કરી હતી. સિંહની સિયાચીનની મુલાકાત ભારતીય સેનાએ વ્યૂહાત્મક રીતે મહત્ત્વના ક્ષેત્રમાં તેની હાજરીના ૪૦માં વર્ષને ચિહ્નિત કર્યાના એક અઠવાડિયા પછી આવી છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર સંરક્ષણ પ્રધાને આર્મી ચીફ જનરલ મનોજ પાંડે સાથે આ ક્ષેત્રની એકંદર સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. સિંહે સિયાચીનમાં તૈનાત સૈનિકો સાથે પણ વાતચીત કરી હતી. સિયાચીન ગ્લેશિયર જે કારાકોરમ રેન્જમાં લગભગ ૨૦,૦૦૦ ફૂટની ઊંચાઇએ આવેલું છે. જે વિશ્વના સૌથી ઊંચા લશ્કરી ક્ષેત્ર તરીકે ઓળખાય છે. જ્યાં સૈનિકોને હિમ લાગવાથી અને ભારે પવન સાથે લડવું પડે છે. ભારતીય સેનાએ ઓપરેશન મેઘદૂત હેઠળ એપ્રિલ ૧૯૮૪માં સિયાચીન ગ્લેશિયર પર તેનું સંપૂર્ણ નિયંત્રણ સ્થાપિત કર્યું હતું. ભારતીય સેનાએ છેલ્લાં કેટલાક વર્ષોમાં સિયાચીનમાં પોતાની હાજરી મજબૂત કરી છે.

## નાયડુ, નાઇક સહિત અનેકને પદ્મ અવૉર્ડ એનાયત કરાયા

નવી દિલ્હીઃ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સોમવારે રાષ્ટ્રપતિભવન ખાતે ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ, સુલભ ઇન્ટરનેશનલના સ્થાપક બિંદેશ્વર પાઠક, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ રાજ્યપાલ રામ નાઇક સહિત અનેક અગ્રણીને પદ્મ અવૉર્ડ એનાયત કર્યા હતા.

ભરતનાટ્યમ્ ડાન્સર પદ્મા સુબ્રહ્મણિયમને પદ્મ વિભૂષણ અવૉર્ડ અપાયો હતો. અભિનેતા મિથુન ચક્રવર્તી, ગાયિકા ઉષા ઉથુપ, ઉદ્યોગ ક્ષેત્રનાં અગ્રણી સીતારામ જિંદલનું પદ્મ ભૂષણથી સન્માન કરાયું હતું.

સામાજિક કાર્ય, વિજ્ઞાન, ઇજનેરી, શિક્ષણ, સાહિત્ય સહિતના વિવિધ ક્ષેત્રે મહત્ત્વનું યોગદાન આપનારા લોકોને દર વર્ષે પદ્મ અવૉર્ડ એનાયત કરાય છે. પદ્મ અવૉર્ડ વિજેતાઓના નામ દર વર્ષે પ્રજાસત્તાકની પૂર્વસંધ્યાએ જાહેર કરાય છે. આ વખતે ૧૩૨ જણને પદ્મ અવૉર્ડ માટે પસંદ કરાયા હતા, જેમાં પાંચને પદ્મવિભૂષણ, ૧૭ જણને પદ્મભૂષણ અને ૧૧૦ જણને પદ્મશ્રી આપવાની જાહેરાત કરાઇ હતી. જાહેર થયેલા પદ્મવિજેતાઓમાંના પચાસ ટકા લોકોને સોમવારે પદ્મ અવૉર્ડ અપાયા હતા, જ્યારે બાકીનાને આવતા અઠવાડિયે એનાયત થવાની શક્યતા છે. (એજન્સી)

## મધ્ય પ્રદેશમાં અકસ્માતોમાં ૧૧નાં મોત, ૨૮ ઘાયલ

ખરગોન/ સિવની / મૈહર : મધ્ય પ્રદેશના ખરગોન, સિવની અને મૈહરમાં છેલ્લા ૨૪ કલાકમાં થયેલા અકસ્માતોમાં ૧૧ જણના મૃત્યુ થયા હતા અને ૨૮ જણને ઈજા પહોંચી હતી, એવી માહિતી પોલીસે આપી હતી. ખરગોનની દુર્ઘટનામાં બે જણ મરણ પામ્યા હતા અને ૧૧ જણ ઘાયલ થયા હતા, સિવનીમાં ચાર અકસ્માતમાં સાત જણ મરણ પામ્યા હતા અને ૧૬ જણ ઘાયલ થયા હતા અને મૈહરમાં બે જણ મરણ પામ્યા હતા અને એક જણ ઘાયલ થયો હતો. ખરગોનમાં કોટવાલી પોલીસ સ્ટેશનની હદમાં કાર સ્પોર્ટ્સ યુટિલિટી વેહિકલ સાથે અથડાતા ૬૫ વર્ષનાં તાજ બી અને ૪૮ વર્ષના તેના પુત્ર આમિનનું ઘટનાસ્થળે જ મરણ થયું હતું. તાજ બી અને આમિન એસયુવીમાં ઈંદોરથી ખરગોન મુસાફરી કરી રહ્યા હતા. ઈજગ્રસ્તોમાં કારના બે અને એસયુવીના નવ જણનો સમાવેશ થાય છે. આઠ ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે ઈંદોર ખસેડવામાં આવ્યા છે, એવી માહિતી જિલ્લા હૉસ્પિટલના ઈન ચાર્જ રામનરેશ શર્માએ આપી હતી. સિવનીમાં સોમવારે બપોરે બાલઘાટ જતા રોડમાં બે કાર અથડાતાં નીતિન નેમા (૪૩) અને તેમના નવ વર્ષના પુત્રનું મરણ થયું હુતં. તેમની પત્ની અને બીજા પુત્ર ઘાયલ થયા હતા. બીજી કારમાં મુસાફરી કરી રહેલા આઠ જણ ઘાયલ થયા હતા. બીજા એક બનાવમાં ડમ્પર ટ્રકે ચાર સવાર ધરાવતી મોટર સાઈકલને ટક્કર મારી હતી. આને લીધે ૫૫ વર્ષની મહિલા અને ૧૨ વર્ષનો કિશોર મરણ પામ્યા હતા. બીજા બે સવારને ઈજા થઈ હતી. મૈહરમાં ટ્રકે બાબુપુરની નજીક નેશનલ હાઈવેમાં ટુ વ્હિલરને ટક્કર મારતાં એક માણસ અને તેનો ભત્રીજો મરણ પામ્યા હતા. (એજન્સી)

## અખિલેશ નહીં લડે લોકસભા ચૂંટણી, કન્નૌજથી ભત્રીજાને ઉમેદવારી

લખનઊ/કન્નૌજઃ સમાજવાદી પાર્ટીએ અખિલેશ યાદવની કન્નૌજ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવાની અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. સોમવારે જાહેર કરવામાં આવેલી ઉમેદવારોની યાદીમાં તેજ પ્રતાપ યાદવને કન્નૌજથી ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. બીજી તરફ બલિયાથી સનાતન પાંડેને ઉમેદવારી આપવામાં આવી છે. તેજ પ્રતાપ યાદવ સપાના પ્રમુખના ભત્રીજા છે અને તેમના લગ્ન ૨૦૧૫માં બિહારના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન લાલુ પ્રસાદ યાદવની નાની દીકરી રાજલક્ષ્મી સાથે કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે તેજપ્રતાપ યાદવ આ પહેલાં મૈનપુરી બેઠક પરથી સંસદસભ્ય રહી ચૂક્યા છે. તેઓ મુલાયમ સિંહના મોટા ભાઈ રતન સિંહના પૌત્ર છે. તેજ પ્રતાપના પિતા રણવીર સિંહ યાદવનું માત્ર ૩૬ વર્ષની ઉંમરે નિધન થઈ ગયું હતું અને તેઓ બ્લોક પ્રમુખ રહ્યા હતા. રણવીરસિંહ યાદવ અને અખિલેશ યાદવ કાકાના દીકરા ભાઈઓ છે. આ રીતે તેજ પ્રતાપ તેમનો ભત્રીજો થાય છે. તેજ પ્રતાપ યાદવનો જન્મ ૨૧ નવેમ્બર, ૧૯૮૭માં થયો હતો. તેઓ ૨૦૧૪થી ૨૦૧૯ સુધી મૈનપુરીથી સંસદસભ્ય રહી ચૂક્યા છે. મુલાયમ સિંહ યાદવે ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં આઝમગઢ અને મૈનપુરી બંને બેઠકો પર વિજય મેળવ્યો હતો. મૈનપુરીની બેઠક પરથી તેમણે રાજીનામું આપતાં અહીં પેટા ચૂંટણી થઈ હતી અને તેમાં તેજ પ્રતાપ યાદવ વિજયી થયા હતા.

## મોદીના નિવેદનને 'મુસ્લિમ-વિરોધી' ગણાવીને વાંધો ઉઠાવતા વિપક્ષો

નવી દિલ્હીઃ વિપક્ષના નેતાઓએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના બાંસવાડા ખાતે ચૂંટણીપ્રચાર માટેની જાહેરસભામાં કરેલા કેટલાક નિવેદનને 'મુસ્લિમ-વિરોધી' ગણાવીને તેની સામે વાંધો ઉઠાવ્યો હતો અને જનતાને આ સંબંધમાં ચૂંટણી પંચમાં ફરિયાદ કરવા હાકલ કરી હતી. મોદીએ રવિવારે ચૂંટણીસભામાં જણાવ્યું હતું કે જો કૉંગ્રેસની સરકાર ફરી આવશે, તો તે જનતાની મિલકત મુસ્લિમોમાં વહેંચી દેશે. કૉંગ્રેસ લોકોએ મહેનતથી કમાયેલા નાણાં અને મૂલ્યવાન ચીજો 'ઘૂસણખોરો' અને 'અનેક સંતાન ધરાવતા લોકો'ને આપવાની યોજના ધરાવે છે.માર્ક્સવાદી પક્ષના મહામંત્રી સીતારામ યેચુરીએ જણાવ્યું હતું કે મોદીની આ ટિપ્પણી બહુ જ ખરાબ ગણાય અને ચૂંટણી પંચ તેમની સામે પગલાં લેવાને બદલે ચુપકીદી સેવી રહ્યું છે.

તૃણમૂલ કૉંગ્રેસના રાજ્યસભામાંના સાંસદ સકેત ગોખલેએ સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે હું તમને (જનતાને) મુખ્ય ચૂંટણી કમિશનરનું ઇમેલ આઇડી આપી રહ્યો છું. તમે (લોકો) મોદીના આ નિવેદનની વિરુદ્ધ ફરિયાદ કરો.તેમણે આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચ વિપક્ષોની ફરિયાદની અવગણના કરે છે અને મોદી તેમ જ ભાજપના અન્ય નેતાઓને દરેક છૂટ આપે છે. (એજન્સી)

## ટેરર ફંડિંગ કેસમાં એનઆઈએની મોટી કાર્યવાહી, શ્રીનગરમાં નવ સ્થળ પર દરોડા

શ્રીનગરઃ ટેરર ફંડિંગ કેસમાં મોટી કાર્યવાહી કરતા નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) એ જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં નવ સ્થળો પર દરોડા પાડ્યા છે. આ દરોડામાં એનઆઈએ અધિકારીઓની સાથે જમ્મુ-કાશ્મીર પોલીસ અને સીઆરપીના જવાનો પણ સામેલ છે. એનઆઈએએ શ્રીનગરના કલામદાનપોરામાં મુઝમ્મિલ શફી ખાન (૨૫)ના ઘરે દરોડા પાડ્યા હતા. મુઝમ્મિલ રેવલોન કંપનીમાં કોસ્મેટિક માર્કેટિંગનું કામ કરે છે. આ ઉપરાંત તપાસ એજન્સીએ શ્રીનગરના નવાબજારમાં પણ દરોડા પાડ્યા હતા. નવાબજાર બાદ તપાસ એજન્સીએ શ્રીનગરના ગોકદલમાં મુસ્તાક અહેમદના ઘરે દરોડા પાડ્યા હતા. મુસ્તાક રોડ અને ટ્રાન્સપોર્ટ વિભાગમાં કામ કરતો હતો. હાલમાં તે નિવૃત્ત છે. એસઆઈએએ ટેરર ફંડિંગ નેટવર્ક પણ પકડ્યું હતું.

જાન્યુઆરી મહિનામાં જ સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એસઆઈએ)એ આતંકવાદી ફંડિંગમાં સંડોવાયેલા એક પોલીસકર્મી સહિત બે લોકોની ધરપકડ કરી હતી. ધરપકડ કરાયેલા બંને આરોપીઓ પર ક્રોસ બોર્ડર નાર્કોટિક્સ સિન્ડિકેટ સાથે સંકળાયેલા હોવાનો આરોપ છે.

જમ્મુના સિલેક્શન ગ્રેડના કોન્સ્ટેબલ સૈફ-ઉદ-દિન અને ઉત્તર કાશ્મીરના બારામુલા જિલ્લાના ઉરીના ભૂતપૂર્વ સરપંચ ફારુક અહેમદ જંગલની આતંકવાદી ભંડોળના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી.

આ પહેલા જૂન ૨૦૨૩માં પણ તપાસ એજન્સીએ આતંકી ફંડિંગના મામલામાં જમ્મુ-કાશ્મીરના બે જિલ્લાઓમાં દરોડા પાડ્યા હતા. ત્યારબાદ દક્ષિણ કાશ્મીરના પુલવામા અને શોપિયાં જિલ્લામાં ઘણી જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા હતા.

અગાઉ શ્રીનગરમાં જી-૨૦ બેઠક પહેલા આતંકવાદ સંબંધિત મામલામાં જમ્મુ અને કાશ્મીરના સાત જિલ્લા શ્રીનગર, પુલવામા, અવંતીપોરા, અનંતનાગ, શોપિયાં, પૂંચ અને કુપવાડામાં ૧૫ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. આ પહેલા પણ એનઆઈએએ ૭૦ થી વધુ જગ્યાઓ પર આતંકીઓ અને તેમના મદદગારો પર દરોડા પાડી ચૂકી છે.

## પહેલા પાનાનું ચાલુ

### કોર્ટે બંગાળની

કમિશનને નવેસરથી ભરતી પ્રક્રિયા હાથ ધરવાનો હુકમ પણ કર્યો હતો.

પશ્ચિમ બંગાળની શાળાઓમાંની ખાલી પડેલી ૨૪,૬૪૦ જગ્યાની ભરતી માટે ૨૦૧૬માં લેવાયેલી સ્ટેટ લેવલ સિલેક્શન ટેસ્ટ ૨૩ લાખથી વધુ ઉમેદવારે આપી હતી અને કુલ ૨૫,૭૫૩ જણને નિમણૂકના પત્ર અપાયા હતા.

સર્વોચ્ચ અદાલતના આદેશને પગલે વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ દ્વારા રચાયેલી ખંડપીઠે સ્કૂલ સર્વિસ કમિશન દ્વારા ધોરણ ૯, ૧૦, ૧૧ અને ૧૨ના શિક્ષકો, ગ્રૂપ - સી અને ગ્રૂપ - ડીના કર્મચારીઓની ૨૦૧૬માં કરાયેલી ભરતી પ્રક્રિયાને પડકારતી અસંખ્ય અરજીઓની સુનાવણી કરી હતી. આ સુનાવણી ૨૦ માર્ચે પૂરી થઇ હતી અને ચુકાદો સોમવારે અપાયો હતો. (એજન્સી)

### મોદીએ ફરી એક વખત

પુનરાવર્તન કર્યું હતું અને ઉમેર્યું હતું કે અમે દેશના લોકોને કૉંગ્રેસ અને વિપક્ષી ઈન્ડી ગઠબંધનના ઈરાદાઓથી સાવચેત કરવા માગીએ છીએ.

કૉંગ્રેસના શહેજાદા કહે છે કે તેમની સરકાર આવશે તો તેઓ તપાસ કરાવશે કે કોણ કેટલું કમાય છે અને તેમની પાસે કેટલી સંપત્તિ છે. આટલું જ નહીં, તેઓ વધુમાં કહે છે કે સરકાર સંપત્તિ જપ્ત કરશે અને તેનું ફેરવિતરણ કરશે. આ તેમના ચૂંટણી ઢંઢેરામાં કહેવામાં આવ્યું છે, એમ તેમણે રાહુલ ગાંધીનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું.

જરા વિચારો, આપણી માતા અને બહેનો પાસે સોનું છે. આ તેમનું સ્ત્રીધન છે. તેને પવિત્ર માનવામાં આવે છે. કાયદામાં પણ તેને રક્ષણ આપવામાં આવ્યું છે. પરંતુ હવે તેઓ કાયદામાં ફેરફાર કરીને આપણી માતા-બહેનોની સંપત્તીને છીનવી લેવાની યોજના બનાવી છે.

### વર્ષ ૨૦૨૨માં

(૩૪,૫૨૫), વિયેતનામ (૩૩,૨૪૬) અને ચીન (૨૭,૦૩૮)ને અમેરિકન નાગરિકતા મળી છે.તેમણે કહ્યું કે ૨૦૨૩ સુધીમાં વિદેશી મૂળના અમેરિકન નાગરિકોમાં ભારતના લોકોની સંખ્યા ૨,૮૩૧,૩૩૦ હતી. જે મેક્સિકો (૧૦,૬૩૮,૪૨૯) પછી બીજી સૌથી વધુ સંખ્યા છે. ત્યારબાદ આ યાદીમાં ચીન (૨,૨૨૫,૪૪૭) આગળ છે. સીઆરએસ રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે યુ.એસ.માં રહેતા લગભગ ૪૨ ટકા ભારતીય મૂળના વિદેશી નાગરિકો હાલમાં યુએસ નાગરિક બનવા માટે અયોગ્ય છે.

### મોદી સરકારે

પર પહેલો અધિકાર છે, એમ શાહે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે કૉંગ્રેસના નેતાઓએ અયોધ્યામાં રામ મંદિરમાં રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠામાં હાજરી આપી નહોતી, ફક્ત પોતાની વોટ બેંકને ખુશ કરવા માટે. કેન્દ્રીય પ્રધાને મોદીની પ્રશંસા કરતાં કહ્યું હતું કે તેમની પાસે ૧૦ વર્ષના કામનો હિસાબ છે અને આગામી ૨૫ વર્ષ માટેની યોજનાઓ છે.

નરેન્દ્ર મોદીજીએ દેશમાંથી આતંકવાદ ખતમ કરી નાખ્યો છે જ્યારે નક્સલવાદ ખતમ થવાને આરે છે. મહાદેવ એપ બ્રાન્ડ ભૂપેશ બાઘેલ સરકારે નક્સલવાદીઓ સામે કોઈ પગલાં ભર્યા નથી, એમ પણ તેમણે કહ્યું હતું.

તેઓ રાજ્યની અગાઉની કૉંગ્રેસ સરકારના શાસનકાળનો ઉલ્લેખ કરી રહ્યા હતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનની મહાદેવ બેટિંગ એપ કૌભાંડમાં સંડોવણીનો ઉલ્લેખ કરતા હતા.

છત્તીસગઢમાં ભાજપની સરકાર આવ્યા બાદ વિષ્ણુ દેવ સાઈને મુખ્ય પ્રધાન અને વિજય શર્માને ગૃહ પ્રધાન બનાવવામાં આવ્યા હતા. ચાર મહિનામાં ૯૦ નક્સલવાદીઓને ખતમ કરવામાં આવ્યા છે. ૧૨૩ નક્સલવાદીઓની ધરપકડ કરવામાં આવી છે અને ૨૫૦ નક્સલવાદીઓએ શરણાગતી સ્વીકારી લીધી છે, એમ તેમણે કહ્યું હતું.

તેમણે એવો દાવો કર્યો હતો કે મોદીના કાર્યકાળમાં આંધ્ર પ્રદેશ, તેલંગણા, બિહાર, ઝારખંડ અને મધ્ય પ્રદેશ સહિત આખા દેશમાંથી નક્સલવાદને ખતમ કરવામાં આવ્યો છે. મોદીને ત્રીજી ટર્મ માટે ચૂંટી કાઢો તો છત્તીસગઢમાંથી પણ બે વર્ષમાં નક્સલવાદને ખતમ કરી નાખવામાં આવશે. (પીટીઆઈ)

### આ વખતે ૨૦ ફૂટના

બીઆરઓને અપાઈ છે. આ વખતે યાત્રા ૨૯ જૂને શરૂ થવાની છે. યાત્રાળુ માટે એક સુરક્ષિત અને સુલભ માર્ગ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ પૂરજોશમાં છે.

હકીકતમાં ગંદરબલ જિલ્લાના બાલતાલથી અમરનાથ ગુફા સુધીના પારંપારિક ૧૪ કિલોમીટરનો માર્ગે અનેક પડકારો ઊભા કર્યા હતા. ખાસ કરીને તેની સંકીર્ણ અને જોખમી પ્રકૃતિ અને અનિશ્ચિત મોસમની સ્થિતિને લીધે આ કામ વધુ પડકારરૂપ બન્યું હતું.

આની સાથે એ પણ હકીકત છે કે અમરનાથની પવિત્ર ગુફામાં આ વખતે બનનારા આશરે ૨૦થી ૨૨ ફૂટ ઊંચા હિમલિંગે ગ્લોબલ વોર્મિંગને પણ પરાજિત કર્યું છે. ગ્લોબલ વોર્મિંગને લીધે દુનિયામાં હિમ ઝડપથી પીગળવાનું જોખમ ઊભું થયું છે. આના દર્શન ૨૯ જૂનથી શરૂ થવાના છે અને અમરનાથની યાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલુ છે. સોશિયલ મીડિયામાં છેલ્લાં થોડા દિવસોથી શિવલિંગ ૨૦ ફૂટનું બન્યું હોવાનો વીડિયો વહેતો થયો છે.

૨૯ જૂનથી શરૂ થઈ રહેલી અમરનાથ યાત્રા માટે શ્રાઈન બૉર્ડે પહેલેથી વ્યવસ્થા કરી છે. આના પ્રવકતાના જણાવ્યા પ્રમાણે હિમલિંગના સંરક્ષણ માટે ગુફાના દ્વારમાં લોખંડની એક ગ્રિલ આઠ વરસ પહેલાં લગાડવામાં આવી છે. હવે શ્રાઈન બોર્ડ એક ટીમને ગુફા માટે રવાના કરશે. આ ટીમની જવાબદારી હિમલિંગનું સંરક્ષણ હશે. આ ટીમ એવી તકેદારી લેશે કે કોઈ પણ ગુફામાં જઈને હિમલિંગ સાથે કોઈ છેડછાડ ન કરે.

આ ટીમ બે મહિના ગુફાની બહાર જ રહેશે અને એવા ભકતોને કાબૂમાં રાખશે જે સમય કરતાં પહેલાં હિમલિંગના દર્શન કરવા માગે છે. છેલ્લાં થોડા વર્ષોથી એ જોવા મળે છે કે યાત્રા શરૂ કરતાં પહેલાં જ હિમલિંગ પીગળી જાય છે.

# ક્ષત્રિયોના વિરોધ વચ્ચે પુરુષોત્તમ રૂપાલાને જીતાડવા ભાજપ મેદાને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે પુરુષોત્તમ રૂપાલા જ રહેશે અને તેમની જગ્યાએ પાર્ટી દ્વારા અન્ય કોઈ ઉમેદવાર ચૂંટણી નહીં લડે તે વાત ફોર્મ ચકાસણી સમય જ સામે આવી ચૂકી છે. બીજી તરફ ક્ષત્રિયો દ્વારા આંદોલન પાર્ટ ૨ની જાહેરાત કરવામાં આવી છે. આ સંજોગોમાં રાજકોટ લોકસભા મત વિસ્તારમાં ક્ષત્રિય સમાજના રોષનો ભોગ ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ન બને તેમ જ પુરુષોત્તમ રૂપાલા પાંચ લાખથી વધુની લીડ સાથે જીતે અને હાલની પરિસ્થિતિનો તાગ મેળવવા માટે રાજ્યના ગૃહપ્રધાન હર્ષ સંઘવી અને ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર રાજકોટ બાદ ભાવનગર ખાતે આવી પહોંચ્યા હતા અને ક્ષત્રિય સમાજના નેતાઓ સાથે બેઠક કરી હતી.

રવિવારના રોજ રાજકોટની ભાગોળે આવેલી હોટેલ ખાતે બપોરના ૩:૩૦ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી બેઠક ચાલી હતી, જે બેઠકમાં ગુજરાત ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરા, ધારાસભ્ય ઉદય કાનગડ, દર્શિતા શાહ, રમેશ ટીલાળા, ભાનુબેન બાબરીયા, જયરાજસિંહ જાડેજા, જયેશ રાદડિયા સહિતના ધારાસભ્ય અને પૂર્વ ધારાસભ્યો હાજર રહ્યા હતા. સાથે જ ક્ષત્રિય સમાજના આગેવાન અને રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલા પણ બેઠકમાં હાજર રહ્યા હતા. સાથે જ રાજકોટ શહેર અને જિલ્લા ભાજપના પદાધિકારીઓ પણ બેઠકમાં હાજર રહ્યા હતા. બેઠક પૂર્ણ થયા બાદ સંગઠન મહામંત્રી રત્નાકર અને હર્ષ સંઘવી હીરાસર એરપોર્ટ ખાતે જવા રવાના થયા હતા.

રાજકોટ બાદ સોમવારે ભાવનગરમાં ક્ષત્રિય સમાજના ભાજપના આગેવાનો સાથે બંધબારણે બેઠકનો ધમધમાટ શરૂ કર્યો છે. આ ડેમેજ કન્ટ્રોલ સ્પષ્ટ બતાવે છે કે ભાજપને હવે ડર લાગી રહ્યો છે. હર્ષ સંઘવી અને રત્નાકર ભાવનગરની ઓચિંતી મુલાકાતે પહોંચ્યા હતા. ભાવનગર શહેર સંગઠન સાથે ચર્ચા બેઠક બાદ હર્ષ સંઘવી અને રત્નાકર રવાના થયા હતા. આ બેઠકમાં શું ચર્ચાઓ થઈ એ હકીકતો હજુ બહાર નથી આવી. આ બેઠકમાં ભાજપના મહિલા ઉમેદવાર નિમુબેન બાંભણિયા, જીતુ વાઘાણી, શહેર પ્રમુખ અભય ચૌહાણ અને સ્થાનિક આગેવાનો હાજર રહ્યા હતા. બે-બે ઉચ્ચ રાજકીય નેતાઓ સાથે એક કલાક કરતા વધુ સમય એક ખાનગી હોટેલમાં મીટિંગનો દોર ચાલ્યો હતો. હર્ષ સંઘવીની ઓચિંતી મુલાકાતને પગલે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, શનિવારના રોજ રાજકોટની કલેકટર કચેરી ખાતે ફોર્મ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ફોર્મ ચકાસણીની પ્રક્રિયા અંતર્ગત ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ જેવી બંને મુખ્ય પાર્ટીઓના મુખ્ય ઉમેદવારોના ફોર્મ મુખ્ય ચૂંટણી અધિકારી રાજકોટ દ્વારા માન્ય રાખવામાં આવ્યા હતા. જ્યારે બંને ઉમેદવારોના ડમી ઉમેદવારોના ફોર્મ પોતે વૈકલ્પિક ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યા હોવાના કારણે અમાન્ય રાખવામાં આવ્યા હતા. આમ એક બાબત સ્પષ્ટ થઈ ચૂકી હતી કે હવે રાજકોટના રણ મેદાનમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે પુરુષોત્તમ રૂપાલાની સામે કોંગ્રેસના ઉમેદવાર તરીકે પરેશ ધાનાણી યથાવત રહેશે. ■

# ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં ગાયનેક વિભાગના ડેમોન્સ્ટ્રેશન રૂમમાં આગ લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર સિવિલ હૉસ્પિટલના ગ્રાઉંડ ફ્લોર પર આવેલા ગાયનેક વિભાગની ઓપીડી પાસેના ડેમોન્સ્ટ્રેશન રૂમના એસીમાં શોટ સર્કિટનાં કારણે અચાનક આગ લાગી હતી.

ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક પહોંચી જઈ આગ ઉપર કાબૂ મેળવી લીધો હતો. જોકે સલામતીનાં ભાગરૂપે ગાયનેક વિભાગના તમામ સ્ટાફ, દર્દીઓ તેમજ વિદ્યાર્થીઓને બહાર કાઢી લેવામાં આવ્યા હતા.

સૂત્રોના જણાવ્યા મુજબ ગાંધીનગર સિવિલ હૉસ્પિટલના ગ્રાઉંડ ફ્લોર પર આવેલા ગાયનેક વિભાગમાં રાબેતા મુજબ સવારના સમયે ઓપીડી ચાલી રહી હતી. ઓપીડી પાસેના ડેમોન્સ્ટ્રેશન રૂમના એસીમાંથી અચાનક ધુમાડા નીકળવાની સાથે આગ ભભૂકી હતી.

જેના પગલે વિભાગમાં હાજર સૌ કોઈ ગભરાઈ ગયા હતા. જોકે કેટલાક સ્ટાફે આગ પર કાબુ મેળવવા માટેનાં પ્રયાસો પણ કર્યા હતા. સલામતીના ભાગરૂપે ગાયનેક વિભાગને ખાલી કરાવી ટીમે રૂમની બહારની સાઈડ તરફના બારીના કાચ તોડીને કામગીરી આરંભી દીધી હતી. બાદમાં પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

આ અંગે સિવિલ સુપરિટેન્ડન્ટએ જણાવ્યું હતું કે, સોમવાર હોવાના કારણે દર્દીઓની સંખ્યા વધુ હતી. ગાયનેક વિભાગની ઓપીડી ચાલુ હતી.

આ દરમિયાન બાજુના ડેમો રૂમનાં એસીમાં ટેકનિકલ કારણોસર શોટ સર્કિટ થવાના લીધે આગ લાગી હતી. જો કે વિભાગમાં હાજર મેડિકલ સ્ટાફ, દર્દીઓ તેમજ વિદ્યાર્થીઓને સલામત સ્થળે ખસેડી લેવામાં આવ્યા હતા. ડેમો રૂમ સિવાય બીજે ક્યાંય આગ લાગી નથી કે કોઈ કેઝયુલટી થઈ નથી. ■

# મહેસાણાના બલોલ ગામમાં સામાન્ય બોલાચાલીમાં બે યુવક પર છરીથી હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના બલોલ ગામમાં સામાન્ય બોલાચાલીમાં એક શખ્સે છરીથી હુમલો કરતા બે યુવાનને ગંભીર ઈજા થઇ હતી, જેમાં એક યુવાનની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર જોટાણા તાલુકાના બલોલ ગામે નાસ્તાના સ્ટોલ પર ઊંચા અવાજે વાતો કરવા બાબતે બોલાચાલી થઈ હતી. એક શખ્સે છરી વડે હુમલો કર્યો હતો જેમાં જોટાણાના સાંથલના બે યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત બન્ને યુવકોને પ્રથમ જોટાણા બાદ મહેસાણા સિવિલ હૉસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયાં હતા. જ્યારે સામાપક્ષના શખ્સને મારામારીમાં ઈજા થતાં તેને મહેસાણા હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. પોલીસે બન્ને પક્ષના પાંચ શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# વાઘોડિયા બેઠક પરથી મધુ શ્રીવાસ્તવે અપક્ષ ઉમેદવારી પરત ખેંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં લોકસભાની ચૂંટણીને પગલે સતત રાજકીય હલચલ જોવા મળી રહી છે. વાઘોડિયા બેઠક પરથી મધુ શ્રીવાસ્તવે અપક્ષ ઉમેદવારી પરત ખેંચી હતી અને તેમણે કોંગ્રેસને સમર્થનની જાહેરાત કરી હતી.

સોમવાર બપોરે ત્રણ વાગ્યા સુધી ઉમેદવારી પરત ખેંચવાની સમયસીમા વચ્ચે મધુ શ્રીવાસ્તવે અપક્ષ ઉમેદવારી પરત ખેંચી હતી. વાઘોડિયાના અપક્ષ ઉમેદવાર મધુ શ્રીવાસ્તવે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. મધુ શ્રીવાસ્તવે કહ્યું હતું કે, ક્ષત્રિય સમાજ થકી અત્યાર સુધી હું ચૂંટણી જીતતો હતો. હું ક્ષત્રિય છું એટલે ક્ષત્રિય સમાજને સપોર્ટ કરવાનો છું. હું કોંગ્રેસને ખુલ્લેઆમ સપોર્ટ કરવાનો છું. ■

# પાટણમાં દંપતી સહિત ત્રણ લોકો તળાવમાં ડૂબ્યાઃ બે વ્યક્તિનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણના રણુજથી મણુદ વચ્ચેના માર્ગ પર આવેલા તળાવમાં એક દંપતી સહિત ત્રણ લોકો ન્હાવા પડ્યા બાદ ત્રણેય ડૂબવા લાગતા બૂમાબૂમ કરી હતી જેમાં યુવતીને બચાવી લેવામાં આવી હતી. જ્યારે અન્ય બે યુવકો પાણીમાં ડૂબી જતા તેઓની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. શોધખોળ દરમિયાન એક યુવકની લાશ મળી આવી છે. જ્યારે અન્ય એકની લાશ સોમવારે સવારે મળી આવી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ પાટણના રણુજથી મણુદ વચ્ચેના માર્ગ પર આવેલા સિક્કમના એક દંપતી સહિત ત્રણ લોકો ન્હાવા માટે પડ્યા હતા. ત્રણેય લોકો ઊંડા પાણીમાં ડૂબવા લાગતા બૂમાબૂમ કરવા લાગ્યા હતા. જેમાં યુવતી હેમખેમ બહાર નીકળવામાં સફળ રહી હતી.

પરંતુ, તેનો પતિ અને અન્ય યુવક પાણીમાં ગરકાવ થઈ જતા પત્ની દ્વારા અન્ય લોકોની મદદ માગવામાં આવી હતી. સ્થાનિક અને ફાયરબ્રિગેડ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવતા એક વ્યકિતની લાશ મળી આવી હતી જેનું નામ પ્રહલાદ હોવાનું અને તે શંખેશ્વરના મુજપુરના રહેવાસી હોવાનું બહાર આવ્યુ હતુ. જ્યારે બચી ગયેલી યુવતીના પતિની શોધખોળ કરવામાં આવી હતી. દરમિયાન સોમવારે સવારે પતિની પણ લાશ મળી આવી હતી. પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. ■

# ભિલોડાના ગલીસેમરો ગામે મકાનમાંથી ૧૭.૯૦૦ કિલો ગાંજા સાથે શખ્સ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરવલ્લીમાં ભિલોડા તાલુકાના ગલીસેમરો ગામે એક રહેણાંકના મકાનમાંથી ૧૭.૯૦૦ કિલો ગ્રામ ગાંજાના જથ્થા સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. એસઓજીએ બે મોબાઈલ મળી કુલ ૧.૮૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરુદ્ધ નાર્કોટીક્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ એસઓજીના ઇન્ચાર્જ પીએસઆઇને ભિલોડા તાલુકાના ગલીસેમરો ગામમાં રહેતા સવજી તરાળ પોતાના ઘરે ગાંજાનો જથ્થો રાખીને ગેરકાયદે વેચાણ કરતાં હોવાની માહિતી મળતાં એસઓજીની ટીમે ગલીસેમરો ગામમાં શાંતિપુરા ફળીયામાં આરોપીના ઘરે અચાનક રેડ કરતાં ઉપરોક્ત આરોપીના ઘરે તિજોરી પાસેથી પ્લાસ્ટિકની થેલી અને કોથળામાં ગેરકાયદે રાખેલો ૧.૭૯ લાખનો ગાંજો મળી આવ્યો હતો.

પોલીસે આરોપી પાસેથી મળેલા રૂ. ૪૦૦૦ના બે મોબાઈલ, ગાંજાના જથ્થા સહિત કુલ રૂ. ૧.૮૩ લાખનો મુદ્દામાલ કબજે લઈ ગાંજાનું છૂટક વેચાણ કરતાં ઉપરોક્ત આરોપીની અટકાયત કરી તેની સામે નાર્કોટિક્સ ડ્રગ પદાર્થ અધિનિયમ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આરોપી રાજસ્થાનમાંથી ગાંજો લાવી ગેરકાયદે વગર પાસ પરમિટે ગાંજાનો વેપાર ઘરેથી કરતો હોવાનું બહાર આવ્યુ હતું. ■

# ગુજરાતમાં કાળઝાળ ગરમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. રાજ્યમાં આકરી ગરમી પણ લોકોને પરેશાન કરી રહી છે. રાજ્ય હવામાન વિભાગે બેથી ત્રણ ડિગ્રી તાપમાન ઊંચું જવાની આગાહી કરી હતી. હવામાન વિભાગે ઉત્તર ગુજરાત તથા સૌરાષ્ટ્રના ભાગોમાં તાપમાન સામાન્ય કરતા નીચું નોંધાયું હતું, જ્યારે સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં સોમવારે સામાન્ય કરતા ઊંચું તાપમાન પણ નોંધાયું હતું. અમદાવાદમાં ૩૮ અને ગાંધીનગરમાં ૩૭ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી મોટા ફેરફાર ન થવાની અને તે પછી મહત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થવાની આગાહી કરવામાં આવી છે. જોકે, ગત બુધવારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૨ ડિગ્રી નોંધાયું હતું. અત્યારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાદળછાયું વાતારવણ રહેતા ગરમીનો પારો ઘટ્યો છે. જોકે, આગામી દિવસોમાં વાદળો હટવાની સાથે જ કાળઝાળ ગરમી પડવાની આગાહી કરી છે. ■

# મહેસાણામાં છ ટકા વધુ ઉનાળુ વાવેતર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લામાં ઉનાળુ વાવેતરની સીઝનની પૂરી થઇ છે. ચાલુ વર્ષે અંદાજ કરતાં છ ટકા વધુ વાવેતર થયું છે. જિલ્લાના ૧૦ પૈકી ૭ તાલુકામાં અંદાજ કરતાં વધુ વાવેતર થયું છે. મુખ્ય પાકોમાં આવતી બાજરીનું વાવેતર ૧૧,૭૭૮ હેક્ટરમાં થયું છે. ઉનાળુ સીઝનમાં જિલ્લામાં ૪૨,૬૯૭ હેક્ટરમાં વાવેતર થવાનો કૃષિ વિભાગે અંદાજ મૂક્યો હતો. તેની સામે ૪૫,૧૯૬ હેક્ટરમાં વાવેતર થયું છે. એટલે કે, સીઝનનું ૧૦૬ ટકા વાવેતર થયું છે. પાક પ્રમાણે વાવેતરની સ્થિતિ જોઇએ તો ઘાસચારાનું સૌથી વધુ ૨૭,૨૫૭ હેક્ટરમાં વાવેતર થયું હતું. ઉપરાંત બાજરીનું વાવેતર ૧૧,૭૭૮ હેક્ટરમાં થયું હતું. જ્યારે શાકભાજીનું ૪૧૨૫ હેક્ટરમાં, મગફળીનું ૧૨૮૯ હેક્ટરમાં, તલનું ૩૭૯ હેક્ટરમાં, ડાંગરનું ૧૫૭ હેક્ટરમાં થયું હતું. મગનું ૧૩૯ હેક્ટરમાં, ગુવારગમનું ૩૩ હેક્ટરમાં, ડુંગળીનું ૬ હેક્ટરમાં તેમજ અન્ય પાકોનું વાવેતર ૯૨ હેક્ટરમાં થયું હતું. બીજી બાજુ, ૩૩ હેક્ટરમાં બાગાયતી પાકોનું વાવેતર થયું હતું. જે પૈકી ૨૨ હેક્ટરમાં તરબૂચનું વાવેતર થયું છે. જ્યારે ૧૧ હેક્ટરમાં અન્ય ફળપાકોનું વાવેતર થયું છે. ■

# દક્ષિણ ગુજરાતમાં એક મહિનો મોડી શરૂ થઈ કેરીની સીઝન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કમોસમી માવઠા બાદ સતત વધતી ગરમીના કારણે ફળોના રાજા કેરીના ઉત્પાદન ઉપર માઠી અસર પડી હતી. જોકે સમય કરતા મોડી પણ નવસારી એપીએમસીમાં કેરીની આવક શરૂ થઇ છે. પ્રતિ મણ કેરીના સારા ભાવ મળતા ખેડૂતોમાં આનંદ છવાયો છે.

રાજ્યમાં સતત બદલાતા વાતાવરણે કેરી રસિયાઓને નિરાશ કર્યા છે. વાતાવરણમાં વધતી ગરમીને કારણે આંબાવાડીઓમાં ગત દિવસોમાં કેરીમાં ખરણ જોવા મળ્યું હતું. જેને કારણે આ વખતે ૫૦ થી ૬૦ ટકા જ કેરી આવવાની શક્યતા જોવાતી હતી. પરિણામે કેરીની સીઝન લગભગ એક મહિનો મોડી થઈ છે. જોકે હાલ નવસારી એપીએમપીમાં કેરીની આવક શરૂ થતા વેપારીઓમાં ખુશી જોવા મળી છે, પરંતુ નહિવત્ આવક સાથે જ ફળની સાઈઝ નાની આવી રહી છે, જેથી વેપારીઓ થોડા નિરાશ પણ થયા છે. બીજી તરફ કેરીની આવક પણ ગત વર્ષો કરતા ૧૦ ટકા જ આવી રહી છે. ગત વર્ષે આ દિવસોમાં પાંચ હજાર મણ આસપાસ આવક હતી, પરંતુ આ હાલમાં ફકત ૩૦૦ થી ૫૦૦ મણ જ કરીની આવક થઈ રહી છે. ખેડૂતોને હાલ કેસર કેરીનો પ્રતિ મણ ભાવ ૧૭૦૦ થી ૨૨૦૦ રૂપિયા મળી રહ્યો છે. જોકે ૧૦ દિવસ બાદ કેરીની આવક વધશે અને કેરીની સીઝન પાછળ સારી રહે એવી આશા સેવાઈ રહી છે. ■

# ધંધુકા પોલીસ સ્ટેશનમાં મહિલા કોન્સ્ટેબલે દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જિલ્લામાં ધંધુકા પોલીસ મથકમાં મહિલા પોલીસ કોન્સ્ટેબલે ઝેરી પ્રવાહી પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. મહિલા કોન્સ્ટોબલને ગંભીર હાલતમાં ભાવનગર સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસની કાર્ય પદ્ધતી અને પતિને ખોટા દારૂના કેસમાં ફીટ કરી દીધાના આક્ષેપ કર્યા હતા. જ્યારે આરોપીને ઢોર માર મારતા પીઆઈનો વીડિયો વાયરલ થયો હતો. જેને પગલે પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી હતી. અમદાવાદ જિલ્લામા ધંધુકા પોલીસ મથકમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા મહિલા પોલીસ કોન્સ્ટેબલે ધંધુકા પોલીસ મથકમાં પોતાની જાતે મચ્છર મારવાનું પ્રવાહી પી લઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેઓને તાત્કાલીક સારવાર માટે પ્રથમ ધંધુકા સરકારી દવાખાને ત્યારબાદ વધુ સારવાર માટે ભાવનગર સર ટી. હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસ મથકમાં જ મહિલા કોન્સ્ટેબલે આપઘાતનો પ્રયાસ કરતા ભારે ચકચાર મચી જવા પામી હતી. ■

# સુરતમાં જુદા જુદા બનાવોમાં ચાર લોકોએ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરના અલગ-અલગ વિસ્તારમાંથી આપઘાતના ચાર બનાવોમાં ચાર લોકોનાં મોત થયાં હતાં. જેમાં ધો.૯ની વિદ્યાર્થિની, બીમારીના લીધે ચોક બજારમાં યુવક, રાંદેરમાં મહિલા અને વરાછામાં આધેડે આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરમાં પહેલા બનાવમાં મૂળ મહારાષ્ટ્રના વતની અને સુરતના વેડરોડ ખાતે રહેતા પ્રેમચંદ પાટીલે (ઉં.વ.૩૭) ઘરે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેઓને છેલ્લા ૬ મહિનાથી ટીબીની બીમારી હતી. બીમારીના કારણે તેઓ કોઈ કામધંધો પણ કરી શકતા ના હોવાનું જાણવા મળ્યું હતું. બીજા બનાવમાં સુરતના સરથાણા કોમ્યુનિટી હોલ નજીક રહેતા રાકેશની ૧૪ વર્ષની દીકરી હાલમાં ધો.૯માં અભ્યાસ કરતી હતી. દીકરીએ ઘરે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જે બાદ પરિવારજનો તેને સારવાર અર્થે હૉસ્પિટલ લઇ ગયા હતા, જ્યાં તેનું સારવાર દરમ્યાન મોત થયું હતું. ત્રીજો બનાવ વરાછા વિસ્તારમાં રહેતા લંબે હનુમાન રોડ સ્થિત રહેતા સુરેશ દોઢીયા (ઉં.વ.૪૬) એ ઘરમાં ઝેરી દવા પી લેતા તેઓને સારવાર અર્થે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમ્યાન મોત થયું હતું. ચોથો બનાવ શહેરના રાંદેર રામનગર વિસ્તારમાં રહેતા કિરણબેન સુરતી (ઉં.વ.૫૬)એ ગળે ફાંસો ખાઈ લીધો હતો. તેઓને પરિવારજનો સારવાર અર્થે હૉસ્પિટલ લઇ ગયા હતા, જ્યાં તેઓને મૃત જાહેર કરાયા હતા. પોલીસે ચારે બનાવમાં ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# પાટણમાં પેપર ચેક કરવા વિદ્યાર્થિનીને ઘરે બોલાવી શિક્ષકે છેડતી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણની ખાનગી શાળાના એક શિક્ષકે શાળાના પેપર તપાસવા માટે પોતાની જ શાળાની એક વિદ્યાર્થિનીને ઘરે બોલાવી છેડતી કરી હતી. જ્યાં બળજબરી કરવાનો પ્રયાસ કરતા ગભરાઈ ગયેલી વિદ્યાર્થિની ત્યાંથી ભાગી છૂટી હતી. રસ્તા પર આવ્યા બાદ અન્ય લોકો અને માતાપિતાને ફોન પર જાણ કરી હતી. આ ઘટનાના પગલે હોબાળો થતાં લોકોએ જાહેરમાં જ લંપટ શિક્ષકને મેથીપાક ચખાડ્યો હતો. પોલીસે પીડિત વિદ્યાર્થિનીની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

આ અંગે ભોગ બનનાર વિદ્યાર્થિનીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર પાટણની એક શાળામાં ફરજ બજાવતા વ્યાયામ શિક્ષક રણજિત ચૌધરીએ પોતાની જ શાળાની એક વિદ્યાર્થિનીને રવિવારે રજાના દિવસે શાળાનાં પેપરો તપાસવાના બહાને મેસેજ કરીને ઘરે બોલાવી હતી.

જોકે, વિદ્યાર્થિનીના માતાએ પોતાની દીકરી તમારે ત્યાં પેપર તપાસવા માટે નહીં આવે, તમારે પેપર તપાસવા આપવા હોય તો ઘરે આપો. એમ કહેતા શિક્ષકે વિદ્યાર્થિનીને પેપર ઘરે લઈ જવા માટે આનંદ સરોવર આગળ બોલાવી હતી. જેથી વિદ્યાર્થિની મોબાઇલ ફોન લઈને આનંદ સરોવર ખાતે આવી હતી. જ્યાંથી શિક્ષકે પેપર ઘરે પડ્યા હોય તેમ જણાવી શહેરના પાલિકા બજાર સામે આવેલી એક સોસાયટીમાં પોતાના ઘરે વિદ્યાર્થિનીને લઈ ગયો હતો. શિક્ષકે વિદ્યાર્થિનીને પોતાના રૂમમાં બેસાડીને પેપર કેમ ચેક કરવા એ શીખવાડી રહ્યો હતો. આ દરમિયાન વિદ્યાર્થિનીના શરીરનાં અંગો સાથે હાથ ચાલાકી કરતાં તેણે શિક્ષકની વૃત્તિને પારખી પોતાનો હાથ છોડાવી દીધો હતો. એ બાદ ઉઘાડા પગે શિક્ષકના ઘરમાંથી દોડીને પાલિકા બજાર ખાતે આવી ગઈ હતી. જ્યાં પાણીપૂરીની લારી ઉપર તેની બહેનપણી મળતાં સઘળી હકીકત જણાવી હતી તેમજ વિદ્યાર્થિનીનાં માતા-પિતાને મોબાઈલ ફોન દ્વારા બનાવની જાણ કરતાં તેઓ પણ ઘટનાસ્થળે દોડી આવ્યાં હતાં. શિક્ષકને પાલિકા બજાર ખાતે બોલાવતાં હંગામો મચી ગયો હતો. પાલિકા બજાર ખાતે લોકોનાં ટોળાં એકઠાં થયાં હતાં. વિદ્યાર્થિની સાથે છેડતી કરનાર શિક્ષકને લોકોએ જાહેરમાં જ મેથીપાક ચખાડ્યો હતો. જોકે, લોકોનાં ટોળેટોળાં એકઠાં થતાં બનાવની જાણ બી ડિવિઝન પોલીસને કરતાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી શિક્ષકને બી ડિવિઝન ખાતે લાવી વિદ્યાર્થિનીનું નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ઘોડાસર-કેડિલા ફ્લાયઓવર ખુલ્લો મુકાતાં વાહનચાલકોને રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરનાં પૂર્વ પટ્ટામાં ટ્રાફિકથી ચોવીસ કલાક ધમધમતાં નારોલ-નરોડા હાઇવે ઉપર ઘોડાસર જંકશન ઉપર ૬૨ કરોડનાં ખર્ચે બનાવાયેલાં ફ્લાયઓવરને કોઇ ધામધૂમ વગર નાગરિકોનાં હસ્તે ખુલ્લો મુકાવી દેવામાં આવતાં હજારો વાહનચાલકોને રાહત થઇ છે.

મ્યુનિ. સ્ટે. કમિટી ચેરમેને જણાવ્યું હતું કે, નારોલ-નરોડા હાઇવે ઉપર અનેક જંકશન આવેલાં છે જેની ઉપર મોટાભાગે બીઆરટીએસ માટે ફ્લાયઓવર બનાવવામાં આવેલાં છે, પરતું ઇસનપુર બાદ ઘોડાસર જંકશન ખાતે ફ્લાયઓવર બનાવાયો ન હોવાથી ટ્રાફિકજામની સમસ્યા પીકઅવર્સ દરમિયાન વકરી જાય છે અને વાહનચાલકોને ભારે હેરાનગતિ વેઠવી પડતી હોવાથી ઘોડાસર જંકશનથી હયાત કેડિલા બ્રિજને જોડતો ફ્લાયઓવર બનાવવામાં આવ્યો છે.

ફ્લાયઓવરનું નિર્માણકાર્ય પૂર્ણ થઇ ગયું હોવા છતાં તેની મજબૂતાઇ ચકાસવા માટે વધુ ત્રણ ચાર દિવસ સુધી બ્રિજ ખુલ્લો મૂકવાનું ટાળવામાં આવ્યું હોવાની માહિતી આપતાં સ્ટે.કમિટી ચેરમેને કહ્યું કે, લોકસભાની ચૂંટણીની આદર્શ આચારસંહિતા અમલી હોવાથી ધામધૂમથી તેનુ લોકાર્પણ કરી શકાય તેમ નહોતું. બીજી બાજુ બ્રિજ તૈયાર થઇ ગયો હોવાથી નાગરિકો તેનો ઉપયોગ કરી શકે તેવા હેતુથી તેને કોઇ જ જાતનાં સમારંભ વગર નાગરિકોનાં હસ્તે જ ખુલ્લો મુકાવી દેવા મ્યુનિ. અધિકારીઓને જણાવી દેવાયું હતું. તેથી રવિવારે સવારે ઘોડાસર-ઇસનપુરનાં સ્થાનિક નાગરિકો અને અગ્રણીઓનાં હસ્તે બ્રિજ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો અને વાહનચાલકોએ તેનો ઉપયોગ શરૂ કરી દીધો છે. ■

# સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કેસની તપાસ કરવા મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ સુરત પહોંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કેસમાં વધુ એક ગુજરાત કનેક્શન નીકળ્યું હતું. કચ્છમાં માતાના મઢમાંથી પકડાયેલા બે આરોપીઓએ રિવોલ્વર સુરતની તાપી નદીમાં ફેંકી દીધી હતી. તેથી આ મામલે તપાસ માટે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમ સુરત પહોંચી હતી.

મુંબઈ સલમાન ખાન ઘરની બહાર ફાયરિંગ કેસનું બીજું નવું કનેક્શન ગુજરાત સાથે નીકળ્યું છે. આ માટે મુંબઈ ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓએ સવારથી જ સુરત શહેરમાં ધામા નાખ્યા છે. મુંબઈ પોલીસના જાણીતા એન્કાઉન્ટર સ્પેશિયાલિસ્ટ દયા નાયક સુરત શહેરમાં આવી પહોંચ્યા હતા. કચ્છથી પકડાયેલા બંને આરોપીઓએ પૂછપરછમાં કબૂલ્યું હતું કે રિવોલ્વર સુરતની તાપી નદીમાં ફેંકી હતી. તેથી ક્રાઇમ બ્રાન્ચની ટીમ તપાસ માટે સુરત પહોંચીને તાપી નદીમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે સલમાન ખાનનાં ઘર પર ચાર રાઉન્ડ ફાયરિંગ કરી ફરાર થયેલા શખ્સો કચ્છમાંથી પકડાતા ચકચાર મચી જવા પામી છે. લખપત તાલુકાના માતાનામઢ વિસ્તારમાંથી લોરેન્સ બિસનોઈ ગેંગના બે સાગરીતોને પોલીસે દબોચી લીધા હતા. પશ્ચિમ કચ્છ લોકલ ક્રાઇમ બ્રાન્ચ અને મુંબઈ પોલીસે સયુંકત રીતે બન્ને આરોપીને પકડી પાડ્યા હતા. આ ઓપરેશનમાં બિહારના ૨૪ વર્ષીય વિકી ગુપ્તા અને ૨૧ વર્ષીય સાગર શ્રીજોગેન્દ્ર પાલ નામના આરોપીઓ ઝડપાયા છે. ■

# ગુજરાતની ૨૫ બેઠકો પર ૨૬૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ ખેલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ ગુજરાતની ૨૫ બેઠકો પર કુલ ૨૬૬ ઉમેદવારો તથા વિધાનસભાની પેટાચૂંટણી માટે ૨૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. સોમવારે ઉમેદવારી પાછી ખેંચવાનાં અંતિમ દિવસે ચિત્ર સ્પષ્ટ થયું હતું. જ્યારે સુરત લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ સામે કોઈ ઉમેદવાર હરીફ ન રહેતા તેમને બિનહરીફ વિજયી જાહેર કરવામાં આવ્યાં હતાં.

ગુજરાતનાં મુખ્ય ચૂંટણી નિર્વાચન અધિકારી કચેરીની સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તથા વિધાનસભાની ૦૫ બેઠકો માટેની પેટાચૂંટણીઓ માટે ગત તા.૧૨ એપ્રિલથી તા.૧૯ એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં અનુક્રમે કુલ ૪૩૩ ઉમેદવારો દ્વારા તથા ૩૭ ઉમેદવારો દ્વારા ઉમેદવારી પત્રો ભરવામાં આવ્યા હતા.

તા.૨૦ તથા તા.૨૧ એપ્રિલ, ૨૦૨૪ના રોજ તમામ ચૂંટણી અધિકારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા ઉમેદવારીપત્રોની ચકાસણીના અંતે લોકસભાની ચૂંટણી માટે કુલ ૩૨૮ ઉમેદવારો તથા વિધાનસભાની પેટાચૂંટણી માટે ૨૭ ઉમેદવારો માન્ય ઠર્યા છે.

સ્ક્રુટીની બાદ સોમવારે આખરી યાદી મુજબ લોકસભાની સામાન્ય ચૂંટણી માટે કુલ ૨૬૬ ઉમેદવારો તથા વિધાનસભાની પેટાચૂંટણી માટે ૨૪ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. જેમાં અમદાવાદ (પૂર્વ) લોકસભા બેઠક પર સૌથી વધુ ૧૮ ઉમેદવારો તથા ૨૩-બારડોલી લોકસભા બેઠક પર સૌથી ઓછા ૩ ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે. જ્યારે ૨૬-વિજાપુર વિધાનસભા બેઠક પર સૌથી વધુ ૮ ઉમેદવારો તથા વાઘોડિયા વિધાનસભા બેઠક પર સૌથી ઓછા બે ઉમેદવારો વચ્ચે ચૂંટણી યોજાશે.

જ્યારે સુરત લોકસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવારનું ઉમેદવારીપત્ર રદ થવાથી તથા અન્ય પક્ષના અને અપક્ષ ઉમેદવારો મળી આઠ જેટલા ઉમેદવારીપત્રો પાછા ખેંચી લેતાં આ બેઠક પરના ભાજપના ઉમેદવાર બિનહરીફ વિજેતા થયા છે. ■

## યુવતીઓમાં સ્તન કેન્સરનું પ્રમાણ વધ્યું

# ૨૦૪૦ સુધીમાં દર વર્ષે એક લાખથી વધુ મહિલાઓનાં મૃત્યુની અપેક્ષા

મુંબઈ: ત્રીસ અને ચાલીસના દાયકામાં મહિલાઓમાં ખાસ કરીને યુવા મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરનું નિદાન વધી રહ્યું છે અને ૨૦૪૦ સુધીમાં આ રોગમાં દર વર્ષે એક લાખથી વધુ મહિલાઓનાં મૃત્યુની અપેક્ષા છે.

હાલના એક રિપોર્ટ અનુસાર ૨૦૧૬ થી ૨૦૨૨ ની વચ્ચે વિશ્વભરમાં લગભગ ૭૮ લાખ મહિલાને બ્રેસ્ટ કૅન્સર હોવાનું નિદાન થયું હતું અને લગભગ ૬,૮૫,૦૦૦ મહિલા આ બીમારીથી મૃત્યુ પામી હતી. છેલ્લા બે દાયકાથી ભારતમાં યુવા મહિલાઓમાં સ્તન કૅન્સરનું પ્રમાણ વધી રહ્યું છે અને નિષ્ણાતો કહે છે કે તેને યોગ્ય કાળજી અને નિયમિત તપાસથી પકડી શકાય છે.

ભારતમાં સ્તન કૅન્સરની સંખ્યા ૨૦૨૦માં ૨૩ લાખથી વધીને ૨૦૪૦ સુધીમાં ૩૦ લાખ સુધી પહોંચવાની ચેતવણી એક અહેવાલમાં આપવામાં આવી છે.

પશ્ચિમી દેશોની સરખામણીમાં એશિયાઈ દેશ અને ભારતમાં બ્રેસ્ટ કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે. એશિયા ખંડમાં ૪૦ વર્ષથી ઓછી વયની મહિલાઓમાં આ દર ૨૩ ટકા છે અને યુરોપ અને અમેરિકામાં આ જ દર ૨ થી ૩ ટકા હોવાનું હિન્દુજા હૉસ્પિટલ અને રહેજા હૉસ્પિટલના વિખ્યાત કૅન્સર નિષ્ણાત ડૉ. સંજય દુધાતે જણાવ્યું હતું. ખરાબ ખાનપાન, સ્થૂળતા, સિગારેટ અને આલ્કોહોલનું સેવન, જીવનશૈલીમાં ફેરફાર, હોર્મોનલ અસંતુલન અને આનુવંશિકતા તેની પાછળના મુખ્ય કારણો છે, એમ ડૉ. દુધાતે જણાવ્યું હતું.

સ્ત્રીઓમાં થતા તમામ કેન્સરમાં બ્રેસ્ટ કેન્સરનું પ્રમાણ ૨૫ થી ૩૨ ટકા છે. લગભગ ૬૦ થી ૭૦ ટકા દર્દીઓનું નિદાન અંતિમ તબક્કામાં થાય છે, તેથી આપણા દેશમાં સ્તન કૅન્સરને કારણે મૃત્યુ દર પશ્ચિમી દેશો કરતા વધારે છે. 'જો સ્તન કેન્સરનું નિદાન ખૂબ જ વહેલું થઈ જાય તો દર્દીઓ સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે અને મૃત્યુદર પણ ઘટશે' એમ ડૉ. સંજય દુધાતે જણાવ્યું હતું.

બે દાયકાથી ૨૫ થી ૪૦ વર્ષની વયની સ્ત્રીઓમાં આ રોગનો વ્યાપ સતત વધી રહ્યો છે. બે દાયકા પહેલા, ભારતમાં, સ્તન કૅન્સર ૫૦ વર્ષની ઉંમર પછી જોવા મળતું હતું, પરંતુ હવે ૪૮ ટકા દર્દીઓ ૫૦ વર્ષથી ઓછી ઉંમરના છે. સ્તન કૅન્સરના કારણોમાં વહેલા લગ્ન, વહેલા માસિક (બાર વર્ષની વય પહેલા), પચાસ વર્ષની ઉંમર પછી મેનોપોઝ, લાંબા સમય સુધી પ્રસૂતિ (ત્રીસથી પંચાવન વર્ષ પછી), એકલ અથવા નિ:સંતાન સ્ત્રીઓમાં જોખમમાં વધારો, સ્થૂળતા, વધુ ચરબીવાળા ખોરાકનો વપરાશ, ધૂમ્રપાન અને અતિશય દારૂનું સેવનનો સમાવેશ થાય છે.

સ્તન કેન્સરમાં આનુવંશિકતા એક મહત્ત્વપૂર્ણ પરિબળ છે. જો આ રોગ નજીકના રક્ત સંબંધી (આનુવંશિકતા)માં હોય તો તે પરિવારની અન્ય મહિલાઓને વધુ જોખમ રહેલું છે. જો સમયસર સારવાર કરવામાં આવે તો આ રોગ મટી જવાની શક્યતા વધારે છે, એમ કેઈએમ હૉસ્પિટલના ભૂતપૂર્વ સ્થાપક અને હિન્દુજાના ડિરેક્ટર ડૉ. અવિનાશ સુપેએ જણાવ્યું હતું.

# રાજ્યની તમામ શાળાના પાંચમા ધોરણ સુધીના બાળકોના વર્ગ સવારે નવ વાગ્યા પછી લેવાની ભલામણ

મુંબઈ: મુંબઈ અને થાણેના હજારો વિદ્યાર્થીઓ સ્કૂલ બસમાં બેસીને શાળાએ પહોંચે છે. એકલા મુંબઈની જ વાત કરીએ તો ગ્રાન્ટ મેળવતી, ખાનગી શાળાઓના આશરે ૮૦ ટકા બાળકો પ્રાઈવેટ બસ, વેન કે રિક્ષામાં બેસીને શાળાએ જાય છે, પણ હવે સ્કૂલ બસ સંગઠન દ્વારા રાજ્ય સરકારના એક નિર્ણયના વિરોધમાં હડતાળ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે.

મળી રહેલી માહિતી પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા વિદ્યાર્થીઓના સ્કૂલ ટાઈમિંગ બાબતે એક નિર્ણય લીધો છે અને આ નિર્ણય અનુસાર રાજ્યની તમામ શાળાના પાંચમા ધોરણ સુધીના બાળકોના વર્ગ સવારે નવ વાગ્યા પછી લેવાની ભલામણ કરવામાં આવી છે.

આવો નિર્ણય લેવા પાછળના કારણ વિશે વાત કરીએ તો વિદ્યાર્થીઓ રાતે મોડેથી ઊંઘે છે અને એને કારણે સવારે શાળાએ જવા માટે તેમણે વહેલાં ઊઠવું પડે છે. આવી પરિસ્થિતિમાં તેમની ઊંઘ પૂરી થતી નથી અને એનું પરિણામ તેમના માનસિક અને શારીરિક વિકાસ પર જોવા મળે છે. આવી બીજી અન્ય વાતોનો અભ્યાસ કરીને રાજ્ય સરકારે શાળાના ટાઈમિંગ બાબતે આ નિર્ણય લીધો છે.

## પાંચમા પાનાનું ચાલુ

### શરદ પવારની

અને રાજેશ ટોપેની પણ સહી હતી અને રાજેશ ટોપે જ આ પત્ર લઈને શરદ પવારને મળવા માટે ગયા હતા, એમ પણ તેમણે કહ્યું હતું.

અમારા મતદારસંઘોમાં કામ અત્યારે ચાલુ થયા છે. બે વર્ષ કોરોનાને કારણે કપરા ગયા હતા. આ કામો ન થાય તો લોકોને શું જવાબ આપવાનો? લોકો કામ કરવા માટે ચૂંટી આપે છે. વિકાસ થાય એ માટે વિજયી બનાવતા હોય છે. અમારે સરકારમાં સામેલ થવું છે એમ પણ પત્રમાં લખવામાં આવ્યું હતું.

આ પત્ર મળ્યા પછી શરદ પવારે પ્રફુલ પટેલ અને જયંત પાટીલને અમિત શાહ સાથે ચર્ચા કરવાની જવાબદારી સોંપી હતી. ચર્ચા કરવા માટે અમે રવાના પણ થઈ ગયા હતા. પણ પછી અચાનક સાહેબે કહ્યું હતું કે ત્યાં જતા નહીં, અહીંથી જ ફોન પર ચર્ચા કરો. અમિતભાઈએ કહ્યું હતું કે આવી રીતે વાત થાય નહીં. સરકાર બનાવવા નીકળ્યા છીએ આપણે. તમારો અગાઉનો અનુભવ સારો રહ્યો નથી. આ અગાઉ પણ અનેક વખત અમારી સાથે આવવાનું નક્કી કર્યું હતું. અનેક વખત તમે સમર્થન આપ્યું, પરંતુ તમારું વલણ નક્કર હોતું નથી. તમારી સાથે ફોન પર વાત કરવા જેટલી વિશ્વસનીયતા બચી નથી.

સાહેબે કહ્યું હતું કે અહીંથી જ વાત કરવાની અને અમિત શાહે કહ્યું હતું કે ફોન પર ચર્ચા થશે નહીં. ફોન પર આટલી મહત્ત્વની ચર્ચા થઈ શકે નહીં, એમ અજિત પવારે વિશેષ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું. આમ શરદ પવારની એ સમયે ભાજપ સાથે યુતિ થઈ શકી નહોતી અને આના પરિણામે જ એનસીપીમાં ભંગાણ પડ્યું હતું એમ પણ તેમણે કહ્યું હતું. ૨૦૧૪માં ભાજપને સમર્થન આપ્યું હતું અને ૨૦૧૭માં ભાજપમાં આવવાના પ્રયાસો ચાલી રહ્યા હતા તે બાબતે પુછવામાં આવતાં અજિત પવારે કહ્યું હતું કે શિવસેનાને મહાયુતિમાંથી બહાર કાઢીને એનસીપીને મહાયુતિમાં સામેલ કરવાનો પ્રસ્તાવ આવ્યો હતો.

### ગુડબાય બોઇન્ગ

ગયા વર્ષે તેને ડિ-રજિસ્ટર્ડ કરવામાં આવ્યું હતું અને હવે તેના પરથી એર ઇન્ડિયાનું ચિહ્ન અને તેનો લોગો પણ હટાવી દેવામાં આવ્યો છે. તાત્પુરતા સમય માટે બોઇન્ગને અમેરિકન રજિસ્ટ્રેશન આપવામાં આવ્યું હતું જે એન૯૪૦એએસ આ પ્રમાણે છે. જેથી આ બોઇન્ગ તેના ભૂતપૂર્વ બેઝથી નવા બેઝ સુધી પ્રવાસ કરી શકે. આ બોઇન્ગને એર ઇન્ડિયાની સર્વિસ દરમિયાન વીટી-ઇવીએ 'આગ્રા' આ નામથી રજિસ્ટર કરવામાં આવ્યું હોવાનું એવિએશન ખાતાના એક જાણકારે જણાવ્યું હતું.

### અજિત પવારની

અને આવક વધારવા માટે સૌર ઊર્જા, ગતિ ઊર્જા, હાઇડ્રોપાવર પ્રોજેક્ટ વગેરેને પ્રોત્સાહન આપવાનું વચન આપ્યું હતું. પક્ષે તેના ઢંઢેરામાં વિશ્વકર્મા યોજનાનો વ્યાપ ૧૨ બલુતેદાર (કારીગરો, શ્રમિકો) વર્ગો સુધી વિસ્તરણ કરીને અને આધુનિક કૌશલ્ય વિકાસ ટેક્નિક સાથે ઉદ્યોગોનો વિકાસ કરીને મહારાષ્ટ્રને ભારતની કૌશલ્ય વિકાસ રાજધાની બનાવવાના પ્રયાસો કરવાની વાત કરી છે.

પાર્ટી રાજ્યમાં કોન્ટ્રાક્ટના ધોરણે ખાનગી કંપનીઓમાં શિક્ષિત અને કુશળ યુવાનોનું લઘુતમ મહેનતાણું રૂ. ૧૨ હજાર પ્રતિ માસથી વધારીને રૂ. ૨૦ હજાર કરવાનો પ્રયાસ કરશે. પાર્ટીએ લોકસભા અને રાજ્ય વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતને સમર્થન આપવાનો પણ પુનરોચ્ચાર કર્યો છે. વિવિધ ભરતી પરીક્ષાઓ દરમિયાન પેપર લીક થવાના તાજેતરના વિવાદો વચ્ચે, એનસીપીએ પેપર લીક રોકવા અને ભરતી પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા માટે કડક કાયદો બનાવવાની તરફેણ કરી છે. દેશભરમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને રેલવે અને મેટ્રોની મુસાફરી પર ૫૦ ટકા ડિસ્કાઉન્ટ આપવા અને ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકો માટે આયુષ્યમાન ભારત યોજના લાગુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

### મોદી ફક્ત બીજાની

સરકારે છેલ્લાં દસ વર્ષમાં શું કર્યું તે વિશે કંઇ નથી બોલતા. અમરાવતી ખાતે મહાવિકાસ આઘાડીના ઉમેદવાર માટે પ્રચાર કરતી વખતે તેમણે કહ્યું હતું કે વડા પ્રધાન મોદી રશિયાના વડા પ્રધાન વ્લાદમિર પુતિનની જેમ લોકોમાં ભય પેદા કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે મને ડર છે કે ભારતમાં એક નવા પુતીનનો ઉદય થઇ રહ્યો છે.

વિરોધી ઉમેદવાર નવનીત રાણા વિશે બોલતા પવારે કહ્યું હતું કે મેં ૨૦૧૯ની ચૂંટણીમાં જે ભૂલ કરી હતી અને જે ઉમેદવારને સમર્થન આપ્યું હતું તેની માટે હું માફી માગુ છું. હાલના અમરાવતીના અપક્ષ સાંસદ નવનીત રાણાને પવારે ૨૦૧૯માં સમર્થન જાહેર કર્યું હતું અને હાલ નવનીત રાણા આ ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડવા મેદાનમાં ઉતર્યા છે.

### રાજ્યમાં ગરમી

ભેજનું પ્રમાણ ૪૮ ટકા રહ્યું હતું. જ્યારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૦ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૫ ડિગ્રી અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૬ ટકા નોંધાયું હતું.રાજ્યમાં ગરમી વરસાદ વચ્ચે સૌથી ઊંચું તાપમાન વિદર્ભના વાશિમમાં ૪૨.૨ ડિગ્રી નોંધાયું હતું. છેલ્લા થોડા દિવસોથી વિદર્ભના મોટાભાગના જિલ્લામાં તાપમાનનો પારો ૪૦થી ૪૪ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો હતો, જોકે વિદર્ભ સહિત મરાઠવાડા અને મધ્ય મહારાષ્ટ્રના અનેક જિલ્લામાં કમોસમી વરસાદ પડી રહ્યો છે, તેને કારણે તાપમાનનો પારો થોડો નીચે ઊતરીને ૨૬થી ૩૯ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યો છે. આ દરમિયાન મરાઠવાડાના અમુક વિસ્તારમાં વરસાદનાં ઝાપટાં વચ્ચે પણ તાપમાનનો પારો સરેરાશ ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો. તો મધ્ય મહારાષ્ટ્રમાં પણ વરસાદનાં ઝાપટાં વચ્ચે સરેરાશ તાપમાન ૩૧ ડિગ્રીથી ૪૦ ડિગ્રીની આસપાસ રહ્યો હતો.

### સુધરાઈના ૧૦

સુધી આ બે બેચમાં ટ્રેનિંગ આપવામાં આવશે. આ ટ્રેનિંગ દરરોજ બપોરના ૧૨.૩૦ વાગ્યાથી ૧.૩૦, બપોરના બેથી ત્રણ અને ૩.૩૦થી ૪.૩૦ વાગ્યા દરમિયાન રહેશે.

ઓનલાઈન રજિસ્ટ્રેશન માટે https://swimmingpool.mcgm.gov.in/ આ લિંકનો ઉપયોગ કરવો અથવા રજિસ્ટ્રેશન માટે તપાસ કરવા માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦૧૨૩૩૦૬૦ પર સંપર્ક સાધવો એવી અપીલ પાલિકાએ કરી છે.

પાલિકાના આ ૧૦ સ્વિમિંગ પૂલમાં તરવાનું શીખી શકાશે.

૧) મહાત્મા ગાંધી સ્મારક ઓલિમ્પિક સ્વિમિંગ પૂલ-દાદર (પશ્ચિમ)
૨) જનરલ અરુણકુમાર વૈદ્ય ઓલિમ્પિક સ્વિમિંગ પૂલ- ચેંબૂર (પૂર્વ)
૩) સરદાર વલ્લભભાઈ પટેલ ઓલિમ્પિક સ્વિમિંગ પૂલ -કાંદિવલી (પશ્ચિમ)
૪) મુંબઈ મહાનગરપાલિકા દહિસર (પશ્ચિમ) સ્વિમિંગ પૂલ, કાંદરપાડા, દહિસર (પશ્ચિમ)
૫) મુંબઈ મહાનગરપાલિકા મલાડ (પશ્ચિમ) સ્વિમિંગ પૂલ ચાચા નહેરુ મેદાન, મલાડ
૬) મુંબઈ મહાનગરપાલિકા અંધેરી (પશ્ચિમ) સ્વિમિંગ પૂલ, ગિલ્બર્ટ હિલ, અંધેરી
૭)મુંબઈ મહાનગરપાલિકા અંધેરી (પૂર્વ) સ્વિમિંગ પૂલ, કોંડિવિટા
૮) મુંબઈ મહાનગરપાલિકા વરલી સ્વિમિંગ પૂલ, વરલી ટેકરી, વરલી
૯)મુંબઈ મહાનગરપાલિકા વડાલા સ્વિમિંગ પૂલ, વડાલા, ફાયરબ્રિગેડ નજીક
૧૦) મુંબઈ મહાનગરપાલિકા વિક્રોલી સ્વિમિંગ પૂલ, ટાગોર નગર, વિક્રોલી

### રૂપિયા આપ

શાર્પશૂટર રોહિત ગોદારા તરીકે આપી હતી અને પોતે ઓસ્ટ્રેલિયાથી બોલી રહ્યો હોવાનું કહ્યું હતું. મારા જ આદેશથી ફિલ્મ અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાનની બહાર ગોળીબાર કરવામાં આવ્યો હોવાનું જણાવીને તેણે આવ્હાડ પાસે રૂ. બે લાખની ખંડણી માગી હતી. ખંડણી ન આપે તો તારું નુકસાન થઇ શકે છે. આ માટે કફનની વ્યવસ્થા કર, એવું કહ્યું હતું.

### બોરીવલીમાં સૌથી વધુ

મતદારો વિક્રોલીમાં હોવાનું જાણવા મળ્યું છે. વિક્રોલીમાં ૧,૨૪,૫૦૨ પુરુષ મતદારોની સામે ૧,૧૨,૪૪૬ મહિલા મતદારો છે. જોકે, સરવાળે જોઇએ તો ગઇ ચૂંટણીની સરખામણીએ મહિલા જાગરૂકતા, શિક્ષણ, સામાજિક પ્રયત્નો વગેરે કારણોસર વધુને વધુ મહિલાઓ દેશના ભવિષ્યના ઘડતર માટે સહભાગી થઇ પોતાનો નાગરિક હક્ક બજાવવા આગળ આવી રહી છે. મુંબઈ ઉપનગરમાં કુલ ૩૯,૭૫,૫૬૧ પુરુષ મતદારો, ૩૪,૧૭૩,૫૧ મહિલા મતદારો જ્યારે ૮૨૧ તૃતીયપંથીય મતદારોની નોંધણી કરવામાં આવી છે.

### તૃતીયપંથીઓ પણ મતદાન કરવા સજ્જ

૨૦૦૯ની ચૂંટણી સુધી દેશમાં તૃતીયપંથીઓને મતદાનનો હક્ક બજાવવા માટે કોઇ ખાસ જોગવાઇ કરવામાં આવી નહોતી. જોકે, ૨૦૧૪માં તૃતીયપંથીઓ માટે અલાયદી શ્રેણી ઊભી કરવામાં આવી અને તેમની તૃતીયપંથીય મતદારો તરીકે નોંધણી પણ શરૂ કરવામાં આવી. જેના કારણે સમાજના છેડે રહેલો આ વર્ગ પણ મતદાન માટે આગળ આવી રહ્યો છે. મુંબઈ ઉપનગરમાં સૌથી વધુ તૃતીયપંથી મતદારો મલાડ વેસ્ટ મતવિસ્તારના છે. મલાડ વેસ્ટમાં ૩૩૯ તૃતીયપંથીઓએ મતદાન માટે પોતાની નોંધણી કરાવી છે. લોકશાહી વધુ મજબૂત બને તે માટે સમાજના દરેક સમુદાય તેમાં ભાગ લે તે જરૂરી છે અને તે આ ચૂંટણીમાં સ્પષ્ટ જોવા મળી રહ્યું છે, જેમાં ચૂંટણી પંચના જાગરૂકતા અભિયાનોનો પણ વિશેષ ફાળો છે. વિલે પાર્લે ફક્ત એક જ એવો મતવિસ્તાર છે જેમાં એકપણ તૃતીયપંથીય મતદારે નોંધણી નથી કરાવી. આ ઉપરાંત અંધેરી ઇસ્ટ અને વિક્રોલીમાં પણ ફક્ત ૧-૧ તૃતીયપંથી મતદારે નોંધણી કરાવી છે.

### સેનાએ જ ઉદ્ધવનું નામ

શરદ પવારે મુખ્ય પ્રધાનપદ માટે ઉદ્ધવ ઠાકરેનું નામ સૂચવ્યું હતું. જો કે, પવારે મારી સમક્ષ એવી સ્પષ્ટતા કરી કે શિવસેનાએ જ તેમને ઠાકરેના નામની ભલામણ કરવા માટે કેટલાક લોકોને મોકલ્યા હતા, તેથી તેમણે જ પવારને ઠાકરેના નામનો પ્રસ્તાવ મૂકવા કહ્યું હતું તે સ્પષ્ટ થાય છે. વર્તમાન સાંસદોની ટિકિટ કાપવાના પ્રશ્ન પર શિંદેએ કહ્યું કે ભાવના ગવળી અને હેમંત પાટીલને ભાજપના 'સર્વે'ના કારણે હટાવવામાં આવ્યા છે. ઉમેદવારોની બદલી એ આંતરિક બાબત હતી.

### મુંબઈમાં વૃક્ષોની છટણી

અડચણ આવી રહી છે. એક તરફ પાલિકા મોટા પાયા પર વૃક્ષોની છટણીનું કામ કરી રહી છે ત્યારે ભૂતપૂર્વ નગરસેવક મકરંદ નાર્વેકરે પાલિકા કમિશનરને પત્ર લખીને વૃક્ષોની છટણી સાયન્ટીફીકલી પદ્ધતિએ કરવા માટે ગાઈડલાઈન તૈયાર કરવાની અને વૃક્ષ નિષ્ણાત અને એજન્સીની યાદી જાહેર કરવાની માગણી કરી છે. કમિશનરને લખેલા પત્રમાં ભૂતપૂર્વ નગરસેવકે માગણી કરી છે કે પાલિકાએ સાયન્ટીફીકલી પદ્ધતિએ છટણી માટે ગાઈડલાઈન તૈયાર કરવી જોઈએ અને ઓર્બોરિસ્ટ અને વૃક્ષ નિષ્ણાતોની પેનલે જેમ ફાયર ઓડિટ કરવામાં આવે છે, એ મુજબ વૃક્ષોનું પણ ઓડિટ કરીને તેની છટણીનું કામ કરવામાં આવે.પત્રમાં ભૂતપૂર્વ નગરસેવકે એવો આરોપ પણ કર્યો છે કે પાલિકા દ્વારા વૃક્ષોની છટણી માટે જે એજન્સી નીમવામાં આવે છે, તે કંપનીઓ નિષ્ણાત હોતી નથી. કૉન્ટ્રેક્ટરોને વૃક્ષોનું જ્ઞાન નહીં હોવાને કારણે ઝાડની છટણીને નામે મુંબઈના ગ્રીન કવરને નુકસાન કરવા માટે ડિસિલ્ટિંગ અને ટ્રાન્સપોર્ટ કંપનીની ઈતિહાસ ધરાવતા કૉન્ટ્રેક્ટરને ઝાડની છટણીનું કામ આપવામાં આવ્યું છે.

## હિન્દુ મરણ

**કપોળ**

દેલવાડાવાળા સ્વ. કાંતાબેન લક્ષ્મીદાસ તાપીદાસ ગોરડિયાના પુત્ર નરેન્દ્રભાઇ (ઉં. વ. ૬૨) તા.૨૧-૪-૨૪ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે જયશ્રીબેનના પતિ. લીના, તેજસ ગોરડિયાના પિતાશ્રી. બરવાળાવાલા પ્રભુદાસ જીવરાજ પારેખના જમાઈ. તે રજનીભાઇ, ઉષાબેન આર. સંઘવી, સ્વ. હર્ષા કિશોરભાઈ દોશી, ભારતીબેન જવાહરભાઈ પારેખ, હેમલતા મહેશભાઈ મહેતાના ભાઈ. મોટા જાદરાવાળા બાબુભાઈ નાનજીભાઈ શેઠના ભાણેજ. પ્રાર્થનાસભા તા.૨૩-૪-૨૪ મંગળવાર, સમય સાંજે ૫ થી ૭. શ્રી શ્યામ સત્સંગ ભુવન, ઓફ મહાવીર નગર, એકતા નગર, શ્યામજી બાપુ માર્ગ, બ્લ્યુ આર્ક બિલ્ડિંગની સામે, લિંક રોડ, કાંદિવલી વેસ્ટ.

**શિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

પાલીતાણા હાલ મુંબઈ ગજાનંદભાઈ ગોપાળજી પંડ્યા (ઉં. વ. ૭૯) તા. ૨૦-૪-૨૪ના કૈલાશવાસી થયેલ છે. તે સ્વ. જયશ્રીબેનના પતિ. મેહુલીબેન મહેતા તથા હિતેષભાઈ (હરિભાઈ)ના પિતાશ્રી. સ્વ. કેશુભાઈ, સ્વ. વૃજલાલભાઈ, સ્વ. લાભશંકરભાઈ, ચંદ્રકાંતભાઈ, સ્વ. દેવીબેન ભટ્ટ, જશુમતીબેન જાની, અનંતરાય પંડયાના ભાઈ. સ્વ. કાંતીભાઈ ત્રિવેદીના જમાઈ. નયનબેન, મૃણાલીનીબેન (કલાબેન), માલાબેનના બનેવી.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ દ્વારકા હાલ કલ્યાણ ગં. સ્વ. હંસાબેન (ઉં.વ.૮૨) તે સ્વ. નરસીદાસ ગોવિંદજી મોદીના ધર્મપત્ની. તે હેતલ જીતેન્દ્ર જોલીના માતુશ્રી. તે સ્વ. જમનાબેન ગોરધનદાસ રાવડેરાના પુત્રી. તે જીતેન્દ્ર ભારત ભુષણ જોલીના સાસુમા. તે સ્વ. ભગવાનદાસ તથા દ્વારકાદાસ તથા કુસુમબેન (અનિતા) અનિલભાઇ આડતિયાના ભાભી. મિલન, મોહકના નાનીમા તા. ૧૯ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોઢ વણિક**

ધીરજલાલ શાંતિલાલ મહેતા, (ઉં. વ. ૮૮) તે સ્વ. નંદિની મહેતાના પતિ. મૈત્રી શાહ અને નીરદના પિતા. દેવાંગ શાહ અને વૈશાલીના શ્વસુર. કનિકા અને અમનના નાના અને તારાના દાદા. તથા સ્વ. હિંમતલાલ, ચીમનલાલ કનૈયાલાલ, સુશીલાબેન, મંજુબેન, વાંસતીબેન, ઇંદિરાબહેન, સુહાસીનબેનના ભાઇ. ૨૨ એપ્રિલ, ૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૫ એપ્રિલ ૨૪ના ગુરુવારે એફપીએચ હોલ, લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઇ મુકામે સાંજે ૫થી ૭ દરમિયાન રાખેલ છે.

**પંચાલ સુથાર**

ગામ વલસાડ પારડીના હાલ મલાડ, અ.સૌ. પુષ્પાબેન (ઉં. વ. ૮૩) તે નાનુભાઈ રામજીભાઈના ધર્મપત્ની ૨૦-૪-૨૪ને શનિવારના શ્રીજીશરણ પામ્યા છે. તે દિનેશભાઈ, બિપીનભાઈ, પન્નાબેનના માતુશ્રી. નિતાબેન, નિશાબેન, સ્વ. ગિરીશભાઈના સાસુજી. સેગવી નિવાસી મંછાબેન ખુશાલભાઈ મિસ્ત્રીની પુત્રી. તે રતિલાલભાઈ, લલૂભાઈના બહેન. તે જુગલ, હાર્મી, પ્રિયાંશના દાદી. તેમની પ્રાર્થનાસભા ૨૪-૪-૨૪ને બુધવારના સાંજે સમય ૪થી ૬ વાગે સ્થળ- શ્રી ઠક્કાઈ ભાટિયા હોલ, શંકર લેન, કૈલાશ નગર, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ. સાસરા પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે. લૌકિક તેમ જ અન્ય વ્યવહાર બંધ છે.

**ઘોઘારી દશાશ્રીમાળી વૈષ્ણવ**

મહુવા નિવાસી શારદાબેન પ્રતાપરાઈ ચંદુલાલ મહેતાના સુપુત્ર હાલ ઘાટકોપર ગીરીશભાઈ પ્રતાપભાઈ મહેતા (ઉં. વ. ૬૬) તે સુધા હસમુખરાઈ મોદી તથા ઈલા રમેશચંદ્ર શેઠના ભાઈ ૨૧-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

અ. સૌ. ભાવનાબેન અરવિંદકુમાર સાગલાણી (ઉં. વ. ૭૨) તે અરવિંદકુમાર જયંતિલાલ સાગલાણીના ધર્મપત્ની (મૂળ મોટી કુકાવાવ વાડા હાલ મુંબઇ નિવાસી) તા. ૨૧-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મંગળજી ભીમજી ખોડાના પુત્રી. તે જીજ્ઞેશ, કોમલ, સ્વ. વિભા, હિરેનના માતુશ્રી. તે જિતેન્દ્ર, રીમલ, ગીતાના સાસુ. તે દૃષ્ટિ વૃષ્ટિના નાની. તે આદર્શના દાદી. તેમની પ્રાર્થનાસભા તા. ૨૫-૪-૨૪ના ગુરુવારના સાંજે ૪થી ૬. ઠે. લાડ સભાગૃહ લાડવાડી, ૨૬-એ વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ-૪૦૦૦૦૪. પિયર પક્ષની સાદડી પણ સાથે જ રાખેલ છે.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ કિડિયાનગર હાલે થાણા (કાપુરબાવડી) નિવાસી સ્વ. જેઠીબેન લાલજીભાઇ નરસંગભાઇ જોબનપુત્રાના પુત્ર વિઠલજીભાઇ (ઉં. વ. ૬૯) તે મંજુલાબેનના પતિ. તે રમણીકભાઇ, મુકેશભાઇ, હીરાબેન હરીલાલ રામાણી, હંસાબેન દિનેશભાઇ પોપટ, સુશીલાબેન શંકરલાલ મજેઠીયા તથા પ્રકાશ, દિપક, વિમળ, મીનાના પપ્પા. તથા હિતેશકુમાર રસીકલાલ પોપટ, સંજયકુમાર છગનલાલ મજેઠીયા, મિતાબહેન અને જીજ્ઞાબહેનના સસરા. જીલ, સ્મિત, હેત્વી અને દિયાના દાદા. સ્વ. દેવજીભાઇ ફૂલચંદભાઇ નંદાશરવાળાના જમાઇ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૩-૪-૨૪ના મંગળવારના સાંજે ૫થી ૭. ઠે. ટીપટોપ પ્લાઝા, ગ્રાઉન્ડ ફ્લોર, એલ. બી. એસ. માર્ગ, ચેકનાકાની બાજુમાં.

## પારસી મરણ

પરવેઝ ધનજીશા ભાટપોરીયા તે મરહુમ નાજુ પરવેઝ ભાટપોરીયાના ખાવિંદ. તે મરહુમો સુનામાય તથા ધનજીશાના દીકરા. તે માહરૂખ સાહેર ને પરસીના પપ્પા. તે દારા પી. સાહેર ને કબીરા પી. ભાટપોરીયાના સસરા. તે દિનાઝ તથા મરહુમો સામ, પીલુ, નરીમાન, ગુલુ ને દીનુના ભાઈ. તે મરહુમો બાનુબાઈ તથા શાવકશા દોટીવાલાના જમાઈ. (ઉં. વ. ૮૭) રે. ઠે.: જી/૦૦૨ વિશાલ અપાર્ટમેન્ટ, સર એમ. વી. રોડ, અંધેરી પૂર્વ, મુંબઈ-૪૦૦૦૬૯. ઉઠમણાંની ક્રિયા તા. ૨૩-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે જોગેશ્વરી મધ્યે બહેરામબાગ અગિયારીમાં કરવામાં આવશે.

બહાદુર રૂસ્તમજી મીસ્ત્રી તે મરહુમો ધનમાય તથા રૂસ્તમજી સોરાબજી મીસ્ત્રીના દીકરા. તે જર રૂસી તવડિયા તથા મરહુમો સોલી, બહેરામ, ફરામ, કેકી ને ફરોખના ભાઈ. તે ફ્રેડી, પોરસ, રૂઝબે ને વિરાફના કાકા. તે માહરૂખના મામા. તે રતી, ઝરીન ને લીલીના દેર. તે મરહુમ રૂસી નવરોઝ તવડિયાના સાલા. (ઉં. વ. ૭૫) રે. ઠે.: કેપ્ટન બિલ્ડિંગ નં. ૨૩, ૨જે માળે, પારસી ઝોરાસ્ટ્રીયન કોલોની, ચીકલવાડી, તારદેવ, મુંબઈ-૪૦૦ ૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૨૩-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે લાલબાગ મધ્યે વાડિયા અગિયારીમાં.

અસ્પી નરીમાન ક્રોફડ તે મરહુમો અરન તથા નરીમાન કે. ક્રોફડના દીકરા. તે મરહુમ ખુશરૂ નરીમાન ક્રોફડના ભાઇ. તે પરવીન ખુશરૂ ક્રોફડના જેઠ. તે ખુશનાઝ ખુશરૂ ક્રોફડ ને ઝીન્યા ખુશરૂ ક્રોફડના કાકા. તે ઝહાના મઝદીયાર મેવાવાળાના ગ્રેન્ડ કાકા. તે મઝદીયાર બરજોર મેવાવાલાના કાકા સસરા. (ઉં. વ. ૭૧) રે. ઠે. ૬૧૦, દારૂવાલા બ્લોક્સ, જામે જમશેદ રોડ, પારસી કોલોની, દાદર, મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાની ક્રિયા : તા. ૨૪-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે, મુંબઇ ડુંગરવાડી પર ઉપરની ઓલબ્લેસ બંગલીમાં.

ગુલ સોહરાબ કાપડિયા (ભણસાલી) (ઉં. વ. ૮૫) તા. ૨૧-૪-૨૪એ ગુજરી ગયા છે, તે અરવિંદના વાઈફ. મરહુમ હોમાઈ અને મરહુમ સોહરાબના દીકરી. સાયરસ અને યેનીતાના મધર. આનંદા અને યેઝદીના સાસુ. ઝારા અને સાયરસના ગ્રેન્ડમધર. ઉઠમણું તા. ૨૨-૪-૨૪ બપોરે ૩.૪૦ વાગ્યે.

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. લહેરચંદ નરોત્તમદાસ શાહના ધર્મપત્ની ચંદ્રાબેન (ઉં.વ. ૮૬) તે ભરતભાઇ, વિજયભાઇ, નયનાબેન, નીરૂબેનના માતુશ્રી. દીપીકાબેન, પૂજાબેન, મહેન્દ્રભાઇ, પ્રવીણભાઇના સાસુ. રૂષભ, રિદ્ધિ, રુચિ, નીધી તથા મીશાનાં દાદી. વિશાલ, તેજસ, અમિત તથા પ્રતીકનાં નાની. પિયર પક્ષે મહુવા નિવાસી વનમાળીદાસ કીલાચંદ પટણીના પુત્રી સોમવાર, તા. ૨૨ એપ્રિલના દેવલાલી મુકામે અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા બુધવાર, તા. ૨૪ એપ્રિલના સાંજે ૪થી ૬. ઠે. જલારામ હોલ, જુહુ સ્કીમ, જોગર્સ પાર્કની સામે, વિલેપાર્લે (વેસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોટી વડાળ નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ. નેમચંદ ભગવાનદાસ દોશીના સુપુત્ર અનંતરાય દોશીના ધર્મપત્ની. અ. સૌ. જસુમતીબેન (ઉં. વ. ૬૯) તે અમીત, અંકિત, જીજ્ઞા, હેતલના માતુશ્રી. તે પરેશકુમાર શાહ, રાજેશકુમાર શાહ, હેતવી, રિદ્ધિના સાસુ. સ્વ. ફૂલચંદભાઇ, દિનેશભાઇ, જયસુખ, સ્વ. રમાબેન, સવિતાબેન, લલિતાબેન, સ્વ. હંસાબેન, પ્રફુલાબેન, મનીષાબેનના ભાભી. પિયર પક્ષે સ્વ. હુકમીચંદ રામજી દોશી મહુવાવાળાના દીકરી તા. ૨૧-૪-૨૪ રવિવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડ શ્વે. મૂ. પૂ. જૈન**

લીંબડી નિવાસી હાલ ડોમ્બિવલી સ્વ. શાંતિલાલ ત્રંબકલાલ શાહના પુત્ર પિયુષભાઇ (ઉં. વ. ૭૦) તે જયોતીબેનના પતિ રવિવાર, તા. ૨૧-૪-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે અવની, રૂપાલી, પ્રશાંતના પિતા. તથા નિતીનભાઇ, અજયભાઇ, પરેશભાઇના મોટાભાઇ. ઉષાબેન, સુરેખાબેન, નયનાબેનના જેઠ તથા સ્વ. પ્રવીણચંદ્ર છોટાલાલ વોરાના જમાઇ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. નિવાસસ્થાન: એ/૧૯, ૨જે માળે, ઓમ અનુરાગ કો.ઓ. હા. સોસાયટી, આયકોન હૉસ્પિટલની સામે, માનપાડા રોડ, ડોમ્બિવલી (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ બોરીવલી બીપીનચંદ્ર વલ્લભદાસ પંચમીયા (ઉં. વ. ૮૦) તા. ૨૦-૪-૨૪ શનિવારે અરિહંતશરણ પામેલ છે. તે હંસાબેનના પતિ. તેજલ, સેજલ, જયેશના પિતાશ્રી. તે દીપકકુમાર, દેવાંગકુમાર, નેહલના સસરા. તે સ્વ. અનંતરાય, વસંતભાઇ, સ્વ. કનકરાય, જગદીશભાઇ, અરવિંદભાઇ, જયોતીબેન મહેશભાઇ કામદાર, ગીતાબેન ગીરીશભાઇ કામદારના ભાઇ. તે સ્વ. પ્રભુદાસભાઇ પ્રાણજીવનદાસ કામદારના જમાઇ. પ્રાર્થનાસભા તથા સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી (હાલ ભાયંદર) પ્રવિણચંદ્ર તે વીણાકુવર વિઠ્ઠલદાસ શેઠના પુત્ર (ઉં. વ. ૮૮) ૨૦-૪-૨૪ને શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. તરુલતાબેનના પતિ. રાજેશભાઈ અને વિપુલભાઈના પિતાશ્રી. મમતાબેન અને નિકિતાબેનના સસરા. હેનલ હર્ષકુમાર, દ્રષ્ટિ અને ઈશાના દાદા. સ્વ. અનિલભાઈ, સ્વ. મધુકરભાઈ, સ્વ. રમેશભાઈ, દમયંતીબેન તથા શોભનાબેનના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

સ્વ. રતીલાલ ધનજી વોરાના સુપુત્ર ધીરૂભાઈ તે રાજેશ, જસ્મીના, બીના, રીન્કુના પિતાશ્રી તથા લાભકુંવરબેન, કાંતાબેન, ચંદનબેન, કલાબેન, સ્વ. સુધાબેન, ધનલત્તાબેન, પુનમચંદભાઈના ભાઈ તથા રૂપાબેનના સસરા ૨૦-૪-૨૪ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરુવાર, ૨૫-૪-૨૪ના રોજ સવારે ૯.૩૦ કલાકે ઉપલેટા મુકામે રાખેલ છે.

# થાણે કોર્ટે હત્યા કેસના બે આરોપીને નિર્દોષ જાહેર કર્યા

થાણા: તપાસકર્તા અધિકારીઓએ વ્યવસ્થિત રીતે તપાસ નહોતી કરી એવું કારણ આપી મહારાષ્ટ્રના થાણે ડિસ્ટ્રિક્ટ કોર્ટે ૨૦૧૬ના હત્યા કેસના બે આરોપીને નિર્દોષ જાહેર કર્યા છે. વધારાના સેશન્સ જજ અમિત એમ. શેટયેએ સંદીપ અશોક કાકડે (૩૩) અને અક્ષય સુધાકર રાઉત (૨૭) એ બે આરોપીને હત્યાના કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. ૧૮ એપ્રિલે આપવામાં આવેલ આદેશની નકલ શનિવારે ઉપલબ્ધ થઈ હતી. અદાલતે જણાવ્યું હતું કે 'તપાસ વ્યવસ્થિત રીતે નહીં કરવાની ગંભીર ભૂલ તપાસકર્તા અધિકારીઓએ કરી છે. આ ઓફિસરોની તપાસમાં ઢીલને કારણે આરોપી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે.' વધારાના સરકારી વકીલ સંજય મોરેએ અદાલતને જણાવ્યું હતું કે '૩૦ મે, ૨૦૧૬ના દિવસે બંને આરોપીએ નંદકિશોર યાદવ નામની વ્યક્તિનો પીછો કર્યો હતો.

### નગરવિકાસ પ્રધાનપદેથી

આદિત્ય ઠાકરે દ્વારા મોટા પ્રમાણમાં હસ્તક્ષેપ કરવામાં આવતો હતો. અનેક પ્રસંગોએ મેં તેમને નગર વિકાસ, એમએમઆરડીએ, સિડકો અને મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી)ની બેઠક બોલાવતા જોયા હતા.

શિંદેએ એમ પણ કહ્યું હતું કે પાર્ટીના વિભાજન પહેલા ઠાકરે તેમની પાસેથી નગર વિકાસ પોર્ટફોલિયો છીનવી લેવાની યોજના બનાવી રહ્યા હતા. તેમણે કહ્યું કે નક્સલવાદીઓની ધમકી છતાં તેમને ઝેડ-પ્લસ સુરક્ષા આપવામાં આવી નહોતી

ઉદ્ધવ ઠાકરે દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે ફડણવીસે તેમને એવું કહ્યું હતું કે તેઓ પોતે દિલ્હીમાં જતા રહેશે અને આદિત્યને મુખ્ય પ્રધાન બનવા માટે તૈયાર કરશે, આ દાવા અંગે પુછવામાં આવતાં શિંદેએ કહ્યું હતું કે તેમને એવું લાગતું હતું કે હું આદિત્યના મુખ્ય પ્રધાન બનવાના માર્ગમાં અવરોધ બનીશ. તેઓને આદિત્યને મુખ્ય પ્રધાન બનાવવાની ઉતાવળ હતી.

### મહાવિકાસ આઘાડી

હજી પણ તેમના મહત્ત્વના નેતાઓ એક પછી એક મહાયુતિમાં સામેલ થઇ રહ્યા છે.

મુશ્તાક અંતુલેને બાબા સિદ્દીકીની જેમ જ પક્ષનો લઘુમતિ સમુદાયનો ચહેરો માનવામાં આવતા હતા. જોકે તેમણે હવે અજિત પવાર જૂથની એનસીપીમાં સામેલ થવાનો નિર્ણય કરતા મહાવિકાસ આઘાડીએ વધુ એક લઘુમતિ સમુદાયનો ચહેરો ગુમાવ્યો છે અને તેની અસર લોકસભાની ચૂંટણીઓ પર પડશે તેમ કહેવામાં આવી રહ્યું છે.

અંતુલે રાયગઢ વિસ્તારમાં પ્રભુત્ત્વ ધરાવે છે અને તેમના મહાયુતિમાં સામેલ થતા રાયગઢના ઉદ્ધવ ઠાકરે જૂથના ઉમેદવાર અનંત ગીતેની મુશ્કેલી વધી શકે છે.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન રહી ચૂકેલા એ.આર.અંતુલેનું આખું નામ અબ્દુલ રહેમાન અંતુલે છે અને તે મહારાષ્ટ્રના જાણીતા નેતાઓમાં સ્થાન ધરાવે છે. તેમના જમાઇ મુશ્તાક અંતુલે પણ લઘુમતિ સમુદાયમાં સારું પ્રભુત્ત્વ ધરાવે છે અને તેમની વિદાયથી મહાવિકાસ આઘાડીને અસર ચોક્કસ થશે તેવું રાજકીય વિશ્લેષકોનું માનવું છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ઉદ્ધવ સરકારે મહારાષ્ટ્ર ભાજપના મોટા નેતાઓની ધરપકડ કરવાની યોજના બનાવી હતીઃ એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરે બાબતે એક મોટો આક્ષેપ કર્યો છે. શિંદેએ કહ્યું છે કે અગાઉની ઉદ્ધવ ઠાકરે સરકારે નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સહિત રાજ્યના ભાજપના કેટલાક અગ્રણી નેતાઓની ધરપકડ કરવાની યોજના તૈયાર કરી હતી.

શિંદેએ એક અંગ્રેજી દૈનિકને આપેલી ખાસ મુલાકાતમાં જણાવ્યું હતું કે શિવસેના રાજ્યમાં ૧૬ બેઠકો પર ચૂંટણી લડશે. જેમાં મુંબઈની ત્રણ સીટોનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું હતું કે બેઠકોની વહેંચણીને લઈને મહાયુતિના સાથી પક્ષોમાં કોઈ અણબનાવ નથી અને તેઓ વિકાસના મુદ્દા પર પ્રચાર કરીને ૨૦૧૯નો ૪૨ બેઠકો જીતવાનો રેકોર્ડ તોડશે. ■

## ઠાકરે પોતે રાજા બનવા માગતા હતા

એકનાથ શિંદેએ આ ઈન્ટરવ્યૂમાં એમ પણ કહ્યું હતું કે અગાઉની મહાવિકાસ આઘાડી સરકારે જૂન ૨૦૨૨માં (ઉદ્ધવ સરકારના પતન પહેલાં) આશિષ શેલાર, ગિરીશ મહાજન, પ્રવીણ દરેકર અને ફડણવીસની ધરપકડ કરવાનું કાવતરું ઘડ્યું હતું. તેમણે કહ્યું કે સરકાર ભાજપના વિધાનસભ્યોના એક વર્ગને પોતાની તરફ આકર્ષવાનો પ્રયાસ કરી રહી હતી. શિંદે જૂન ૨૦૨૨માં ઉદ્ધવ સામે 'બળવો' કરીને રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા હતા. આ વર્ષે જૂનમાં બે વર્ષ પૂર્ણ કરશે. છેલ્લા બે વર્ષની ઘટનાઓને યાદ કરતાં શિંદેએ કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેનું સપનું મુખ્ય પ્રધાન બનવાનું હતું. મહાવિકાસ અઘાડી (એમવીએ)ની રચના પૂર્વ આયોજિત ચાલ હતી. શિંદેએ એમ પણ કહ્યું હતું કે ઉદ્ધવ પોતાના પિતાની જેમ કિંગમેકર બનવાને બદલે પોતે રાજા બનવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતા હતા. ■

## નગરવિકાસ પ્રધાનપદેથી હટાવવા માગતા હતા

તેમણે કહ્યું હતું કે એમવીએ સરકારમાં પ્રધાન તરીકેનો તેમનો કાર્યકાળ સતત અપમાનથી ભરેલો હતો. આમાં ઠાકરે પરિવારની ૧૦૦ ટકા દરમિયાનગીરી હતી. હું નગર વિકાસ પ્રધાન હતો, પરંતુ મને ક્યારેય સ્વતંત્ર રીતે કામ કરવાની મંજૂરી આપવામાં આવી નહોતી. કોઈપણ સત્તા વિના

(જુઓ પાનું ૪) ▸▸

## સેનાએ જ ઉદ્ધવનું નામ મોકલ્યું હતું

શિંદેએ નકારી કાઢ્યું હતું કે એનસીપી સુપ્રીમો શરદ પવારે મુખ્ય પ્રધાનપદ માટે ઉદ્ધવના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે તેનાથી વિપરીત ઠાકરેએ કહ્યું હતું કે તમને મુખ્ય પ્રધાન બનાવવામાં આવશે. જ્યારે એમવીએ સરકારની રચના થઈ રહી હતી, ત્યારે મને મુખ્યપ્રધાન બનાવવામાં આવશે તેવી આશામાં મને વધુ પોલીસ બંદોબસ્ત પણ આપવામાં આવ્યો હતો, પરંતુ પાછળથી તેમણે મને કહ્યું હતું કે

(જુઓ પાનું ૪) ▸▸

# અજિત પવારની એનસીપીનું ચૂંટણીઢંઢેરામાં જાતિ આધારિત વસ્તી ગણતરી અને ખેડૂતો માટે એમએસપીનું વચન

**ગેમ ઓનઃ** લોકસભાની ચૂંટણીનું પહેલા તબક્કાનું મતદાન થઇ ચૂક્યું છે ત્યારે સોમવારે અજિત પવાર જૂથની એનસીપી દ્વારા પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડવામાંઆવ્યો હતો. તસવીરમાં નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સહિતના એનસીપીના ટોચના નેતા નજરે ચઢે છે. (જયપ્રકાશ કેળકર)



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનડીએના ઘટક અને મહારાષ્ટ્રમાં મહાયુતિ સરકારનો ભાગ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) એ જાતિ આધારિત વસ્તી ગણતરી અને ખેડૂતો માટે લઘુતમ ટેકાના ભાવનું વચન આપ્યું છે. પાર્ટીએ સોમવારે લોકસભા ચૂંટણી માટે તેનો ઢંઢેરો જાહેર કર્યો અને તેમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન યશવંતરાવ ચવ્હાણને ભારત રત્ન પુરસ્કાર આપવા અને મરાઠી ભાષાને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો અપાવવાની માંગણીઓને આગળ ધપાવવાનું વચન પણ આપ્યું હતું.

પાર્ટીના કાર્યકારી પ્રમુખ પ્રફુલ પટેલ, પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે અને વરિષ્ઠ મિનિસ્ટર છગન ભુજબળની હાજરીમાં પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અજિત પવાર દ્વારા ચૂંટણીઢંઢેરો બહાર પાડવામાં આવ્યો હતો. જેમાં ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ આપવાનું વચન અપાયું છે.

કિસાન સન્માન નિધિ હેઠળ ખેડૂતોને વાર્ષિક ધોરણે આપવામાં આવતી રકમમાં વધારો કરવાની માગણી કરવાની વાત પણ એનસીપીએ કરી છે. પક્ષે કૃષિ પાક વીમા યોજનાનો વ્યાપ વિસ્તારવા અને તેને વધુ ખેડૂત-મૈત્રીપૂર્ણ બનાવવાની તરફેણ કરી છે. આ સિવાય પાર્ટીએ મુદ્રા સ્કીમ હેઠળની લોન ૧૦ લાખ રૂપિયાથી વધારીને ૨૦ લાખ રૂપિયા કરવાના પ્રયાસો કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે.

પક્ષે વીજળીના પરંપરાગત સ્રોતો પર ખેડૂતોની નિર્ભરતા ઘટાડવા, વીજ પુરવઠાના ટકાઉ સ્રોતો પૂરા પાડવા અને કૃષિ ઉત્પાદકતા

(જુઓ પાનું ૪) ▸▸

# મોદી ફક્ત બીજાની ટીકા કરે છેઃ શરદ પવાર

## પવારે મોદીની તુલના વ્લાદમીર પુતિન સાથે કરી

મુંબઈઃ અમરાવતી ખાતે પ્રચારસભાને સંબોધતા શરદચંદ્ર પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કોંગ્રેસ)ના વડા શરદ પવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કર્યા હતા અને મોદી ફક્ત અન્યોની ટીકા કરતા હોવાનું જણાવ્યું હતું.

પવારે મોદી પર નિશાન સાધતા કહ્યું હતું કે દેશના પહેલા વડા પ્રધાન જવાહરલાલ નહેરુંના દેશ માટેના યોગદાન પર ક્યારેય પ્રશ્નો ઊભા ન કરી શકાય. ભાજપના નેતાઓ ખુલ્લેઆમ બંધારણ બદલવાની વાત કરે છે. પવારે લોકોને ભારતમાં સરમુખત્યારશાહીનો ઉદય થતા રોકવાની અપીલ પણ કરી હતી.

તેમણે વધુમાં કહ્યું હતું કે આપણા ભૂતપૂર્વ વડા પ્રધાનોએ એક નવા ભારત બનાવવાના લક્ષ્ય તરફ કામ કર્યું, જ્યારે વડા પ્રધાન મોદી ફક્ત બીજાની ટીકા કરે છે અને પોતાની

(જુઓ પાનું ૪) ▸▸

# ઉદ્ધવના ખાસ માણસ શિંદે જૂથમાં જવાના સમાચાર ખોટા?

## મિલિંદ નાર્વેકર વિશે વહેતા થયેલા અહેવાલો ખોટાઃ દાનવે

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાન પરિષદના વિરોધપક્ષના નેતા અંબાદાસ દાનવેએ ઉદ્ધવ ઠાકરે જૂથના ટોચના નેતા તેમ જ ઉદ્ધવના ખૂબ જ નજીકના મનાતા મિલીંદ નાર્વેકર મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની શિવસેનામાં જોડાવાના હોવાના અહેવાલ ખોટા હોવાનું જણાવ્યું હતું. તેમણે નાર્વેકર શિંદે જૂથમાં સામેલ થવાના હોવાના અહેવાલો ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે આ સમાચાર સંપૂર્ણપણે ખોટા છે અને મેં ઉદ્ધવજીના મરાઠવાડા અને વિદર્ભના પ્રવાસ અંગે તેમની સાથે વાત પણ કરી હતી. તે આ પ્રવાસ વખતે હંમેશા તેમની સાથે જ હતા. દાનવે પણ ઉદ્ધવ ઠાકરે જૂથના જ નેતા છે અને તેમનું માનવું છે કે વિરોધ પક્ષ દ્વારા આ ખોટા સમાચાર વહેતા કરવામાં આવ્યા હતા. આ સમાચાર ખોટા હોવાનું કહેતા દાનવેએ જણાવ્યું હતું કે નાર્વેકર શિંદેની શિવસેનામાં જોડાવાના હોવાના ખોટા સમાચાર વિરોધીઓ દ્વારા વહેતા કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે શિંદેએ નાર્વેકરને દક્ષિણ મુંબઈ લોકસભા બેઠક પરથી ઉમેદવારીની ઓફર આપી હોવાના સમાચાર વહેતા થયા હતા. હાલ આ લોકસભા બેઠક પરથી ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના સાંસદ અરવિંદ સાવંત છે. નાર્વેકર શિંદેની શિવસેનામાં જોડાવાના હોવાના અનેક અહેવાલ રવિવારે ખાસ કરીને સોશિયલ મીડિયા ઉપર વહેતા થયા હતા. જેને પગલે દાનવેએ ઉક્ત સ્પષ્ટતા કરવી પડી હતી. ■

# મહાવિકાસ આઘાડી માટે લોકસભાની ચૂંટણીના કપરાં ચઢાણ

## ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનના જમાઇ અજિત પવાર જૂથમાં સામેલ

મુંબઈઃ લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કાનું મતદાન પૂરું થઇ ગયું હોવા છતાં હજી સુધી પક્ષપલટાનો સિલસિલો ચાલુ જ છે. મહાવિકાસ આઘાડીના કદાવર નેતાઓ મહાયુતિમાં સામેલ થઇ રહ્યા છે અને તેમાં વધુ એક નામ જોડાયું છે અને તે પણ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનના જમાઇનું.

ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન એ.આર.અંતુલેના જમાઇ મુશ્તાક અંતુલેએ ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાને છોડીને અજિત પવાર જૂથની એનસીપી(રાષ્ટ્રવાદી કોંગ્રેસ)માં જોડાવવાનો ફેંસલો કર્યો છે. મુશ્તાક આ પહેલા મહારાષ્ટ્ર કોંગ્રેસના વિધાનસભ્ય પણ રહી ચૂક્યા છે.

અશોક ચવ્હાણ, બાબા સિદ્દીકી જેવા અનેક કદાવર નેતાઓએ કોંગ્રેસનો સાથ ચૂંટણી પહેલા જ છોડી દીધો હતો અને

(જુઓ પાનું ૪) ▸▸

# બોરીવલીમાં સૌથી વધુ મહિલા મતદારોઃ નારીશક્તિ નક્કી કરી શકે મુંબઈનો વિકાસ

*યશ રાવલ*

મુંબઈઃ પુરુષ પ્રધાન કહેવાતા દેશમાં લોકશાહીનો પર્વ એવો ચૂંટણીનો સમયગાળો શરૂ થયો છે ત્યારે ભારતમાં શક્તિ તરીકે પૂજાતી નારીઓનો સહભાગ અત્યંત મહત્ત્વનો અને સંવેદનશીલ માનવામાં આવે છે. હાલમાં જ ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલા આંકડાઓમાં દેશમાં મહિલા મતદારોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હોવાનું જણાયું છે અને જ્યારે મુંબઈ ઉપનગરની વાત કરીએ ત્યારે આ વિભાગમાં પણ મહિલાઓ હોંશે હોંશે મતદાન માટે પોતાની નોંધણી કરાવી રહી હોવાનું ચિત્ર સામે આવ્યું છે. પુરુષોની સંખ્યામાં અનેક મતવિસ્તારોમાં મહિલા મતદારોની સંખ્યા ભલે ઓછી હોય, પરંતુ શિક્ષિત અને અર્વાચીન યુગની નારી પોતાનો મતદાનનો હક્ક બજાવવા માટે આગળ વધી રહી હોવાનું આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે.

તેમાં પણ મુંબઈ ઉપનગર વિસ્તારમાં બોરીવલી મતવિસ્તારમાં સૌથી વધુ મહિલા મતદારો હોવાનું આંકડાઓ પરથી સ્પષ્ટ થાય છે. બોરીવલીમાં ૧,૬૦,૯૭૯ પુરુષ મતદારોની સામે ૧,૫૫,૧૪૦ મહિલા મતદારો છે જે ઉપનગર વિસ્તારમાં સૌથી વધુ છે. આ ઉપરાંત બોરીવલી મતવિસ્તારમાં બે તૃતીયપંથીય મતદારો પણ છે. જ્યારે સૌથી ઓછી મહિલા

(જુઓ પાનું ૪) ▸▸

# ઘર ખરીદતા પહેલા સાવચેત રહેજો

## ૨૧૨ હાઉસિંગ પ્રોજેક્ટ અંગે મહારેરા પાસે કોઈ જાણકારી નથી

મુંબઈઃ જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૩ વચ્ચે મહારેરા સાથે નોંધાયેલા ૨૧૨ પ્રોજેક્ટ્સ શરૂ થયા છે કે નહીં એ અંગે મહારેરા શંકાસ્પદ છે. આ પ્રોજેક્ટ્સના ડેવલપર્સે પ્રોજેક્ટ્સની વર્તમાન સ્થિતિ વિશે કોઈ માહિતી મહારેરાને સબમિટ કરી નથી. પ્રોજેક્ટની મહારેરા સાથે નોંધણી કર્યા પછી, દર ત્રણ મહિને મહારેરાને ત્રિમાસિક પ્રગતિ અહેવાલ નિર્ધારિત ફોર્મેટમાં વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવવો ફરજિયાત છે. તેમ છતાં પ્રોજેક્ટ્સના ડેવલપર્સે કોઈ માહિતી આપી ન હોવાનું બહાર આવ્યું છે.

જાન્યુઆરીથી એપ્રિલ ૨૦૨૩ દરમિયાન મહારેરા સાથે નોંધાયેલા ૨,૩૬૯ પ્રોજેક્ટ્સમાંથી, ૮૮૬ પ્રોજેક્ટ્સે ત્રિમાસિક પ્રગતિ અહેવાલો સબમિટ કર્યા ન હતા. આથી, પ્રોજેક્ટને સ્થગિત કરી, તેના બેંક ખાતાને ફ્રીઝ કરવા અને પ્રોજેક્ટમાં તમામ વ્યવહારો પર પ્રતિબંધ મૂકવા કલમ ૭ હેઠળ ૩૦ દિવસની નોટિસ આપવામાં આવી હતી. આમાનાં ૬૭૨ પ્રોજેક્ટોએ દંડની રકમ ચૂકવી હતી, જેમાંથી ૨૪૪ પ્રોજેક્ટોએ રકમ ચૂકવી હોવા છતાં ત્રિમાસિક પ્રોગ્રેસ રિપોર્ટ પૂર્ણ કર્યો નથી. તેમની પાસેથી આ અહેવાલો અપડેટ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. તે પૈકી જાન્યુઆરીમાં ૬૦, ફેબ્રુઆરીમાં ૫૮, માર્ચમાં ૪૦ અને એપ્રિલમાં ૫૬ મળીને કુલ ૨૧૨ પ્રોજેક્ટોએ કોઈ પ્રતિસાદ આપ્યો નથી. આ પ્રોજેક્ટ્સ શરૂ થયા છે કે નહીં, તેમની વર્તમાન સ્થિતિ શું છે તે જાણી શકાયું નથી. મહારેરાએ ઘર ખરીદતી વખતે આ યાદી તપાસવાની અપીલ કરી છે. ■

# શરદ પવારની ભાજપ સાથેની યુતિ કેમ અટકી?

## અજિત પવારે કરી અંદરની વાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ એનસીપીએ ભાજપ સાથે યુતિ કરવા ૬ માટે સાતત્યપૂર્ણ પ્રયાસો કર્યા હતા એવું અત્યાર સુધી સતત રાજકીય નિરીક્ષકો કહી રહ્યા હતા અને હવે તે બાબતે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે નવી વાત કરી છે.

ઉદ્ધવ ઠાકરેની સરકારનું પતન થઈ રહ્યું હતું ત્યારે એનસીપીએ સરકારમાં સામેલ થવું જોઈએ અને તે માટે ભાજપ સાથે યુતિ કરવી જોઈએ એના માટે અનેક વિધાનસભ્યો દ્વારા શરદ પવારને પત્ર લખવામાં આવ્યા હતા અને તેમાં રોહિત પવાર અને જિતેન્દ્ર આવ્હાડનો પણ સમાવેશ થતો હતો એમ અજિત પવારે મરાઠી ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું.

સત્તાધારી પક્ષનો સંસદસભ્ય હોય તો કામો ફટાફટ થવામાં મદદ મળે છે. આ બાબત અમે મહારાષ્ટ્રના રાજકારણમાં અનુભવી છે. જ્યારે ઉદ્ધવ ઠાકરેની સરકારનું પતન થઈ રહ્યું હતું ત્યારે મારા બધા જ સહકારી મારી ચેમ્બરમાં મંત્રાલયમાં એકઠા થયા હતા. બધા જ વિધાનસભાના અને વિધાન પરિષદના સભ્યોએ પત્ર લખીને આપણે સરકારમાં સામેલ થવું જોઈએ એવી માગણી કરી હતી.

આ પત્ર પર અત્યારે શરદ પવાર જૂથમાં રહેલા જયંત પાટીલ, અશોક પવાર, રોહિત પવાર, જિતેન્દ્ર આવ્હાડ, પ્રાજક્ત તનપુરે

(જુઓ પાનું ૪) ▸▸

# સુધરાઈના ૧૦ સ્વિમિંગ પૂલમાં સ્વિમિંગ શીખવવામાં આવશે

## ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ખાનગી માલિકીના સ્વિમિંગ પૂલમાં સ્વિમિંગ શીખવું પરવડતું ના હોય એવા લોકો માટે હવે મુંબઈ મહાનગરપાલિકાની માલિકીના સ્વિમિંગ પૂલમાં ઉનાળાના વેકેશન દરમિયાન ખાસ સ્વિમિંગ શીખવાની તક મળવાની છે. પાલિકાની માલિકીના ૧૦ સ્વિમિંગ પૂલમાં ૨૧ દિવસનો કોર્સ ચાલુ થવાનો છે. તે માટે ઓનલાઈન એડમિશન લેવાનું રહેશે.

મુંબઈ મહાનગરપાલિકા પોતાના ૧૦ સ્વિમિંગ પૂલમાં ઉનાળાની રજા દરમિયાન લોકોને તરવાનું શીખવવાની છે. તે માટે ખાસ ૨૧ દિવસનો કોર્સ ચાલુ કરવાની છે. પહેલો બેચ બીજી મે ૨૦૨૪થી ચાલુ થવાનો છે અને ૨૧ દિવસનો કોર્સ રહેશે. તો બીજો બેચ ૨૩ મે, ૨૦૨૪થી ચાલુ થશે.

સ્વિમિંગ શીખવા ઈચ્છુકોએ ઓનલાઈન પદ્ધતિએ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તે માટેની લિંક બુધવાર, ૨૪ એપ્રિલ, ૨૦૨૪ના સવારના ૧૧ વાગ્યાથી ચાલુ થશે. સ્વિમિંગ શીખવા માટે જોકે ફી ભરવી પડશે. ૧૫ વર્ષ સુધીના બાળકો અને ૬૦ વર્ષથી વધુ ઉંમરના નાગરિકો તથા દિવ્યાંગ વ્યક્તિઓ માટે ૨,૧૦૦ રૂપિયા અને ૧૬થી ૬૦ વર્ષના નાગરિકો માટે ૩,૧૫૦ રૂપિયાની ફી રહેશે.

પાલિકાના આ ૧૦ સ્વિમિંગ પૂલમાં બીજી બે, ૨૦૨૪થી ૨૨ મે, ૨૦૨૪ અને ૨૩ મે, ૨૦૨૪થી ૧૨ જૂન, ૨૦૨૪

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં વૃક્ષોની છટણી સાયન્ટિફિકલી થશે?

▸ મુંબઈમાં ૨૨,૩૩૪ ઝાડની છટણી પૂર્ણ ▸ ૧,૯૦૯ એસ્ટાબ્લિશમેન્ટને નોટિસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં હાલ વૃક્ષો છટણી કરવાનું કામ ચાલી રહ્યું છે, જેમાં અત્યાર સુધી ૨૨,૩૩૪ વૃક્ષની છટણીનું કામ થઈ ગયું છે. વૃક્ષોની છટણી કરવાની સૂચના બાદ પણ તેનું પાલન નહીં કરવા બદલ ૪,૯૦૯ હાઉસિંગ સોસાયટી અને એસ્ટાબ્લિશમેન્ટને પાલિકાએ નોટિસ ફટકારવામાં આવી છે ત્યારે વૃક્ષોની છટણી સાયન્ટીફીકલી પદ્ધતિએ કરવાની સાથે જ તે માટે ગાઈડલાઈન બહાર પાડવાની અને નિષ્ણાતોની સલાહ લેવાની માગણી પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને પત્ર મારફત કરવામાં આવી છે.

ચોમાસા દરમિયાન વૃક્ષો તૂટી પડવાની અને જીવહાનિ થવાની શક્યતા વધારે હોય છે. તેથી દર વર્ષે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સમગ્ર મુંબઈમાં વોર્ડ સ્તરે જોખમી વૃક્ષોની સાથે જ મોટા વૃક્ષોની ડાળખીની છટણી કામ કરવામાં આવતું હોય છે. પાલિકાએ અત્યાર સુધી ૨૨,૩૩૪ ઝાડની ડાળખીની છટણી કરી છે. તો ખાનગી તેમ જ સરકારી માલિકીના પરિસરમાં ઝાડની છંટણી સમયસર પૂર્ણ કરવા માટે ૪,૯૦૯ એસ્ટાબ્લિશમેન્ટને નોટિસ ફટકારવામાં આવી છે. પાલિકાના દાવા મુજબ રસ્તા પર પાર્ક કરવામાં આવતા વાહનોને કારણે ઝાડોનું ટ્રિમિંગ કરવામાં

(જુઓ પાનું ૪) ▸▸

## મુંબઈમાં 30 લાખ વૃક્ષ

નોંધનીય છે કે મુંબઈમાં ૨૯ લાખ ૭૫ હજાર ઝાડ છે, તેમાંથી ૧૫,૫૧,૧૩૨ ઝાડ ખાનગી સંસ્થામાં આવેલા છે. તો ૧૦,૬૭,૬૪૧ ઝાડ સરકારી ઈમારત અને એસ્ટાબ્લિશમેન્ટ પરિસરમાં છે. કુલ ઝાડમાંથી ૧,૮૬,૨૪૬ ઝાડ એ રસ્તાને લાગીને આવેલા છે, તેમાંથી ૧,૪૮,૧૬૯ ઝાડની છટણી અપેક્ષિત છે. તેમાંથી ૧૯ એપ્રિલ, ૨૦૨૪ સુધીમાં ૨૨,૩૩૪ વૃક્ષની છટણી થઈ ગઈ છે. તો સાત જૂન, ૨૦૨૪ સુધી બાકીના ઝાડની છટણીનું કામ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક પાલિકાએ રાખ્યો છે. પાલિકાએ હાઉસિંગ સોસાયટીઓને તેમના પરિસરમાં રહેલા જોખમી ઝાડ સંદર્ભમાં પાલિકાને જાણ કરવાની અપીલ પણ કરી છે. ■

## મુંબઈની હેટ્રિક

પર્યાવરણનું સંતુલન રાખવામાં મુંબઈ સફળ થયું છે અને મુંબઈ મહાનગરીએ 'ટ્રી સીટી ઓફ ધ વર્લ્ડ'નું બિરુદ મેળવવામાં હેટ્રિક કરી છે. વૈશ્વિક સ્તરે મોટા પ્રમાણમાં ગ્રીનરી ધરાવતા સમુદ્ધ શહેરોમાં મુંબઈએ સતત ત્રીજી વખત માન મેળવ્યું છે. યુનાઈટેડ નેશનની ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગનાઈઝેશન વૈશ્વિક સ્તરે અન્નની અછત રોકવા તથા ભૂખમરાનું પ્રમાણ રોકવાનું કામ કરે છે તો છેલ્લા ૫૧ વર્ષથી વધુ સમયથી દુનિયાભરમાં વૃક્ષો સંવર્ધન અને તેના ઉછેર માટે કામ કરતી અમેરિકાની આર્બર ડે ફાઉન્ડેશન તરફથી આ અ વોર્ડ આપવામાં આવ્યો છે. ■

# 'રૂપિયા આપ, નહીં તો કફનની વ્યવસ્થા કર'

## વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડને બિશ્નોઇ ગેન્ગના નામે મળી ધમકી

થાણેઃ ફિલ્મ અભિનેતા સલમાન ખાનના બાંદ્રાના નિવાસસ્થાન બહાર બિશ્નોઇ ગેન્ગના શૂટરોએ ગોળીબાર કર્યાની ઘટના તાજી છે ત્યાં હવે થાણેમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ (શરદ પવાર)ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડને લોરેન્સ બિશ્નોઇ ગેન્ગના નામે ફોન પર ધમકી મળી છે. આવ્હાડને પાસેથી લાખો રૂપિયાની માગણી પણ કરાઇ હતી. આવ્હાડ સોમવારે બપોરના પોતાના નિવાસસ્થાને હતો ત્યારે તેના મોબાઇલ પર અજાણ્યા નંબર પરથી કૉલ આવ્યો હતો. કૉલ કરનારી વ્યક્તિએ પોતાની ઓળખ બિશ્નોઇ ગેન્ગના

(જુઓ પાનું ૪) ▸▸

# રાજ્યમાં ગરમી અને કમોસમી વરસાદનું મિશ્ર વાતાવરણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં હાલ વિચિત્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. રાજ્યના અમુક જિલ્લામાં કાળઝાળ ગરમી પડી રહી છે, તો અમુક જિલ્લામાં વીજળીના ગડગડાટ સાથે કમોસમી વરસાદના ઝાપટાં પડી રહ્યાં છે. તો મુંબઈમાં ગરમીમાં થોડી રાહત મળી હતી. રાજ્યમાં હાલ ગરમી અને વરસાદનો મિશ્ર માહોલ છે ત્યારે મુંબઈમાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટી જતા તાપમાનનો પારો ઊંચો હોવા છતાં ગરમીમાં થોડી રાહત મળી છે. દિવસ દરમિયાન મુંબઈમાં સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાનનો પારો ૩૪.૮ ડિગ્રી તો લઘુતમ તાપમાનનો પારો ૨૭.૨ ડિગ્રી નોંધાયું હતું અને વાતાવરણમાં

(જુઓ પાનું ૪) ▸▸

# ગુડબાય બોઈન્ગ ૭૪૭

## એર ઈન્ડિયાના જમ્બો જેટની છેલ્લી ઉડાણ


મુંબઈઃ એર ઇન્ડિયા દ્વારા તેના છેલ્લા જમ્બો જેટ તેમ જ એક સમયે એર ઇન્ડિયાની ઓળખ બની ગયેલા બોઇન્ગ ૭૪૭ની છેલ્લી ફ્લાઇટ ઉડાવવામાં આવી હતી. મુંબઈથી આગ્રા જઇ રહેલી એર ઇન્ડિયાની આ ફ્લાઇટ સાથે જ જમ્બો જેટના એક સુવર્ણ યુગનો અંત આવ્યો હતો. આ જમ્બો જેટ એક વિદેશી કંપનીને વેંચી દેવામાં આવ્યું છે અને સોમવારે એર ઇન્ડિયા સાથે આ બોઇન્ગની છેલ્લી સફર હતી. અત્યંત સારી પરિસ્થિતિમાં રહેલા બે બોઇન્ગ ૭૪૭માંથી એકની છેલ્લી ફ્લાઇટ સોમવારે ઉડાવવામાં આવી હતી જ્યારે બીજું બોઇન્ગ ટૂંક સમયમાં એર ઇન્ડિયા સાથે પોતાની છેલ્લી મુસાફરી કરશે. આ બોઇન્ગ નિવૃત્ત થવાની મુદતે પહોંચી ગયું હોઇ ડિરેક્ટર જનરલ ઑફ સિવિલ એવિએશન(ડીજીસીએ) દ્વારા

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈ એરપોર્ટ પર પેસેન્જર ટ્રાફિકમાં વધારો

મુંબઈઃ મુંબઈ એરપોર્ટ પર પેસેન્જર ટ્રાફિક વાર્ષિક ધોરણે ૧૬ ટકા વધીને નાણાકીય વર્ષ ૨૦૨૪માં ૫૨.૮ મિલિયન પહોંચ્યો હતો. માર્ચ ૨૦૨૩ના રોજ પૂરા થયેલા અગાઉના નાણાકીય વર્ષમાં અદાણી ગ્રૂપ-એએઆઈની માલિકીના મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૪૩.૯ મિલિયન પ્રવાસીઓએ પ્રવાસ કર્યો હોવાની માહિતી એરપોર્ટના ઓપરેટરે આપી હતી. એરપોર્ટના આગમન અને પ્રસ્થાન બંને ટર્મિનલ પર પ્રવાસીઓની કુલ સંખ્યાના આધારે આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. ૫૨.૮ મિલિયન કુલ પ્રવાસીઓની સંખ્યામાંથી એરપોર્ટ પર આવનાર મુસાફરોની સંખ્યા ૨૬ મિલિયન હતી અને એરપોર્ટ પરથી પ્રસ્થાન કરનાર પ્રવાસીઓની સંખ્યા ૨૬.૭ મિલિયન હતી. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને તરફના પેસેન્જર ટ્રાફિકમાં વધારો જોવા મળ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૨૪ દરમિયાન એર ટ્રાફિક મૂવમેન્ટમાં ૧૨ ટકાના વધારા સાથે ૩,૨૪,૯૭૨ પર નોંધવામાં આવી હતી. આ જ સંખ્યા અગાઉના વર્ષમાં ૨,૯૦,૩૮૭ હતી. તેમ જ ફેસિલિટીમાં પ્રક્રિયા કરાયેલ કુલ બેગની સંખ્યા ૪૦.૭ મિલિયન કરતાં પણ વધુ નોંધવામાં આવી હતી. આ સંખ્યા ધોરણે ૩૧ ટકા વધારે હતી, એવું એક અધિકારીએ કહ્યું હતું. ■

વિશ્વ પુસ્તક દિવસ



# દિલ દઈને વાંચો રે વાંચો!



ગુણવંત શાહ

તમે જે પુસ્તક વાંચો એની સીધી અસર તમારા મન પર પડે છે. પુસ્તક બે પ્રકારનાં હોય છેઃ મનની શાંતિ જાળવનારાં અને મનની શાંતિ ખોરવનારાં. મનની સમતુલા ખોરવાય તો શરીરની સમતુલા અચૂક ખોરવાય છે. મન અને શરીર વચ્ચે જબરી ભાઈબંધી છે. એ ભાઈબંધી સાઈકો-સોમેટિક છે. મન દુઃખી તો શરીર દુઃખી. મન સુખી તો શરીર સુખી. આવી મૈત્રી જગતમાં બીજી નથી.

આજનો માણસ વારંવાર ડિપ્રેશન, એકલતા અને બેચેની અનુભવે છે. આજકાલ બ્રિટનમાં માનસિક રોગની સારવાર કરનાર ડૉક્ટર્સ દરદીઓને સારાં સારાં પુસ્તક વાંચવાની સલાહ આપે છે. સુંદર પુસ્તક દરદીનો આત્મવિશ્વાસ વધારે છે. કોઈ મહામાનવ કે આદર્શ પાત્રની વાત વાંચીને દરદીને પૉઝિટિવ થિન્કિંગની પ્રેરણા પ્રાપ્ત થાય છે. લાઈબ્રેરીને જરા જુદી જુદી દૃષ્ટિએ જોવામાં આવે તો એમાં એક ક્લિનિકનાં દર્શન પણ થશે.

જેમ માણસ બે ટંક ખાવાનું રાખે તેમ બે ટંક વાંચવાનું રાખે તો! અનાજ ભરવાની સીઝન હોય એમ સુંદર સામયિકોનાં લવાજમ ભરવાની સીઝન હોવી જોઈએ. દવાનું મોટું મસ બિલ ચૂકવવા કરતાં લવાજમ ચૂકવવું સારું! એક અંગ્રેજ કવિએ પુસ્તકોને 'never failing friends' તરીકે બિરદાવ્યાં છે. પુસ્તકને મિત્રભાવે જોવાની ટેવ કેળવવી પડશે. મિત્ર દગો દઈ શકે, પુસ્તક કદી દગો નથી દેતું. એ ખોવાઈ જાય પછી પણ જીવનભર પ્રેરણા આપતું રહે છે. દિલ દઈને વાંચો રે વાંચો!

સરકાર અને પ્રજા સાથે મળીને કોઈ આંદોલન ચલાવે એવું ઝટ બનતું નથી. ગુજરાતમાં એવી રળિયામણી ઘટના બની છે. 'વાંચે ગુજરાત' એક એવો પ્રોજેક્ટ છે, જેમાં સુંદર વાંચનની ઝુંબેશ ગામેગામ પહોંચી છે. ગુજરાતના દૃષ્ટિવંત શિક્ષણસચિવ હસમુખ અઢિયા સરકારી બાબુ નથી. તેઓ પુસ્તકપ્રેમી છે અને વાંચે ગુજરાત પ્રોજેક્ટ સરકારી નહીં, પ્રજાનો બને એ માટે પ્રતિબદ્ધ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી રાજેન્દ્ર પટેલ સાથે નવસારીના મહાદેવ દેસાઈ અને બારડોલીના હર્ષદ શાહ ગુજરાતમાં વાંચનનું વાતાવરણ પ્રસરે એ માટે નિરાંતે બેસવા તૈયાર નથી.

૩ જુલાઈથી ૧૦ જુલાઈના એક અઠવાડિયા દરમિયાન ગુજરાતમાં લગભગ ૧૯૯ જેટલાં સ્થળે 'મારું પ્રિય પુસ્તક' કાર્યક્રમ મોટા પાયે શરૂ થઈ રહ્યો છે.

જેમ વરસાદ સર્વત્ર પડે એક સમગ્ર ગુજરાત વાંચતું-વિચારતું થાય એ માટે સુજ્ઞ વક્તાઓ પોતાના પ્રિય પુસ્તકની વાત શ્રોતાઓને સંભળાવશે. ગુજરાતી સાહિત્યની પરિષદે તો એક ડગલું આગળ જઈને ગુજરાતની જેલોમાં કવિસંમેલન યોજવાની શરૂઆત કરી દીધી છે. આવો ઉત્સાહ ટકી રહે તો ગુજરાતની આબોહવા બદલાશે. જે આદમી વાંચે છે, વિચારે છે અને જે વિચારે છે એ જ જીવે છે! વિચાર વિનાનું જીવન એટલે બાખડી ભેંસનું જીવન! પુસ્તક વિનાનું ઘર તબેલાથી ચડિયાતું નથી હોતું.

સાહિત્યકાર કશુંક લખે એ કોઈ યાંત્રિક કર્મ નથી. સાચો સર્જક દિલ નીચોવીને કશુંક લખે છે. એનો મૂડ વાચકને પહોંચે છે. રૉબર્ટ ફ્રોસ્ટ કહી ગયો કે સર્જકની આંખમાં આંસુ નહીં હોય તો વાચકની આંખ પણ ભીની નહીં થાય. કલમના જાદુગરોની વાત હિંદી પુસ્તકઃ 'સાહિત્યકારોં કે હાસ્ય-વ્યંગ'માં થઈ છે. અહીં થોડીક વાત રસ પડે એવી છે.

વિશ્વકવિ રવીન્દ્રનાથ ઠાકુર પોતાની સર્જનપ્રક્રિયાને કાવ્યપ્રસવ કહેતા. એ કવિતા ગુનગુનાવતા અને એ વખતે દેહભાન પણ ભૂલી જતા. એમણે રચેલી કવિતાને મધુર સ્વરમાં ગાતા અને ધીરે ધીરે ચાલવાનું રાખતા. કોઈ બીજું પંક્તિઓ લખતું. નવલકથાના સમ્રાટ પ્રેમચંદજી સૂકો રોટલો ખાઈને ભણ્યા. એમના લખવાનો કોઈ નિશ્ચિત સમય નહોતો. એ ઘોંઘાટ વચ્ચે પણ લખી શકતા. તેઓ સાવ જૂના ટેબલ પર લખતા રહ્યા (તેઓ વાર્તા લખે એ પહેલાં પ્લૉટના મુદ્દા લખતા અને ક્યારેક એ મુદ્દા અંગ્રેજીમાં લખતા. બનારસ હિંદુ યુનિવર્સિટીના કલાભવનમાં એ નોંધ મેં વાંચી હતી).

વિક્ટર હ્યુગોની વાત સાવ અનોખી છે. એ બેસીને લખી શકતા નહોતા. લા મિઝરેબલ જેવી અમર નવલકથાના એ મહાન લેખક કાયમ ઊભા ઊભા જ લખતા. એમણે લખવા માટે પોતાની છાતી જેટલી ઊંચી ડૅસ્ક બનાવડાવી હતી. લખતી વખતે એ બહારની દુનિયા બિલકુલ ભૂલી જતા. પંદર-પંદર કલાક લગાતાર ઊભા ઊભા લખવા માટે એ જાણીતા હતા. આપણા રાષ્ટ્રકવિ મૈથિલીશરણ ગુપ્ત જે લખતા એ કાગળ પર નહીં, સ્લેટ પર લખતા. કાગળ પર લખવાની એમને ટેવ નહોતી. ('भारतीय वांग्मय', चौक, वाराणसी, જૂન, ૨૦૧૦)

સાચો લેખક જે લખે એમાં પોતાનું હૃદય ઠાલવી દેતો હોય છે. ભારતીય પરંપરાનો મહાન કવિ દણ્ડિન્ કહે છેઃ ''જો આ સંસારમાં શબ્દનો પ્રકાશ ન હોય તો ત્રણેય ભુવન ગાઢ અંધકારમાં ડૂબી જાત.''

જ્ઞાન એ જ પ્રકાશ છે. અજ્ઞાન એ જ અંધકાર છે. સમાજમાં અંધારાનો પ્રભાવ વધારે હોય તો જ ગરીબી ટકી શકે છે. જ્ઞાન આપનારાં સુંદર પુસ્તકોનું વાંચન ગરીબી દૂર કરવામાં મદદરૂપ થાય એવું કોણ માનશે? ઘરની લાઈબ્રેરી એ પણ ઘરમાં સર્જાયેલું મંદિર છે. ■

# પેરિસમાં સીન નદીના કિનારે એક એન્ટિક બુકસ્ટોર છે : 'શેક્સપિઅર એન્ડ કંપની' ... ફ્રેન્ચ છાતી પર બ્રિટિશ રોઝ? યસ...!



જય વસાવડા

વર્ષો પહેલાં જયંત ઝવેરચંદ મેઘાણીના એક લેખમાં વાંચેલું કે આ બુકસ્ટોર નહોતો. પણ હતો એક મીટિંગ પોઈન્ટ. કળા નગરીના રતુમડાં રસિકડાં યુવાન-યુવતીઓ ત્યાં ભણતાં ભણતાં ઠલવાતાં. એકબીજાના ખોળાને ઓશિકું બનાવીને કલાકો વાંચતા. કવિતાઓના કબૂતરો ઉડાડીને પહેલે પ્યાર કી પહેલી ચિઠ્ઠી- ખભે માથું નાખીને લલકારતા. એ બુઝુર્ગ વડલા જેવા દાદા એ ખીલેલા બગીચાને મમતાથી સાચવતા. યંગસ્ટર્સ ત્યાંથી ઉધાર પુસ્તકો લઈ જતા. કોફી પી જતા, પ્રેમમાં પડતા- છૂટા પડતા- ઉડી જતા.

પાંદડાઓ અને પંખીઓ આવે ને જાય, પણ હરિયાળું વૃક્ષ અડીખમ ટકી રહે. સમય જતાં ધરતી પર કિતાબી સ્વર્ગ રચનારા એ દાદા ય સ્વર્ગવાસી થયા, ત્યાં અઢેલીને જ્ઞાનસરિતાની અંજલિ ભરનારાઓના સંતાનો પાંખો ફફડાવતા જવાન થયા. પણ 'શેક્સપિઅર એન્ડ કંપની' આજે ય ત્યાં અડીખમ મોજૂદ છે. હવે આજુબાજુ ગીચ ઈમારતોની કોલાહલભરી ગલીઓ છે. સામે નાનકડો બાગ છે.

શોપને વિન્ટેજ લૂક મળે એ માટે બ્લેકબોર્ડ પર કાયમી સુવાક્યો બહાર લખાયેલા છે. એથનિક બ્રિટિશ-ફ્રેન્ચ સ્ટાઈલની કાચે મઢેલી એ દુકાન મુંબઈના 'સ્ટ્રેન્ડ બૂક સ્ટોર'ની જેમ બહુ સાંકડી લાગે, એટલી ખીચોખીચ ભરાયેલી હોય છેઃ ગ્રાહકોથી અને પુસ્તકોથી. સોરી, ગ્રાહકો નહીં, પણ ચાહકો. પુસ્તકો નહિ, પણ નિર્જીવ અબોલ મસ્તકો!

પેરિસની મુલાકાત સમયે ગાંઠ મારેલી અહીં સજદા કરવા જવાની. અને મિત્ર મોઈનખાન ઉમળકાભેર ત્યાં દોરી ગયો. પ્રવેશ કર્યો ત્યારે નારંગી રંગનો સૂરજ સાંજની પ્રતીક્ષામાં નદીને તાકતો હતો. બહાર નીકળ્યા ત્યારે ઘેરા નીલા આકાશમાં હળવે ચમકવા લાગેલા સિતારાઓને અમે તાકતા હતા.

પુસ્તકતીર્થમાં તરબોળ ડૂબકીઓ લગાવી. ગોલ્ડન હેરધારિણી એક મીઠડી યુવતી કાઉન્ટર પર સિક્કા મારતી હતી ખરીદાયેલી બુક્સ પર બુકસ્ટોરના નામના. જેથી સબૂત રહે કે તમે આ બુક ડિસ્કાઉન્ટ છતાં ઓનલાઈન નહિ, પણ મોંઘેરી ઓફલાઈન સાક્ષાત જઈને ખરીદી છે. એ નમણી નારનો સ્પર્શ પુસ્તકોને થાય એય એક સ્ટેમ્પ હતો યાદગીરીનો!

અંદર વાચકોની ચબરખીઓ ગોઠવેલી હોય, ઘરની જેમ ઠાંસી ઠાંસીને વિષયવાર નવા-જૂના પુસ્તકોનો ઢગલો આપણી ઉપર ઝળૂંબતો હોય! પાનાં ફેરવીને એની મહેક લેતો કોઈ યુવક સમાધિઅવસ્થામાં એની કોણી અડાડી દે, કોઈ માજીની કરચલી વચ્ચે દબાયેલી વાદળી આંખો બુક્સના ઘોડા પર નજર નાખતા પવનવેગી પાંખાળા અશ્વ પર સવાર થઈને પોતાનું બાળપણ શોધે!

કેટકેટલા આવા બુકસ્ટોરની સફર આંખો અને કદમોએ ખેડી છે! ક્રોસવર્ડ- લેન્ડમાર્ક તો ખરા જ... પણ મુંબઈમાં કાજોલ અને સોનમ કપૂર લટાર લગાવતી હોય એવો જુહુનો ગ્રંથ, સિંગાપોરના ભવ્ય ઓર્ચાડ રોડ પર ક્ષીરસાગરમાં શેષનાગની જેમ પથરાયેલો વિશાળ કિનોકુનિયા, ઈટાલીના મિલાનમાં સ્વયમ્ જર્યોજિયો અરમાનીએ ડિઝાઈન કરીને સજાવેલો રૂપકડો ફેશન ફન બુકસ્ટોર...

લંડનમાં નદીકિનારે સમીસાંજે ચાલતા ચાલતા જ્યાં રાત પડી ગઈ અને કોથળો ભરાય એટલા પુસ્તકો, ઘેર રાજકોટ કુરિઅર પ્રેમપૂર્વક વગર ઓળખાણે ત્યાંથી કરી આપ્યા એ જગવિખ્યાત 'ફોઈલ્સ', ન્યૂજર્સીથી કેલિફોર્નિયા સુધી બધે જ અમેરિકામાં મળી જતા જાયજેન્ટિક બાર્ન્સ એન્ડ નોબલ્સ, જર્મનીમાં તોતિંગ પથારો કરીને બેઠેલો અને ભાષા સમજાય નહિ તો ય જ્યાં 'અઠ્ઠે દ્વારકા' કરવાનું મન થાય એવો 'અનધર કન્ટ્રી', ટોકિયોમાં દરિયાની લહેરની જેમ જ્યાં પુસ્તકો ગોઠવાયા હોય એ 'ત્સુતાયા', મેલબોર્નના 'રીડિંગ કાર્લટન'...

આઈન્સ્ટાઈન ભણાવતા એ પ્રિન્સ્ટન યુનિવર્સિટીના દરવાજા બહારની ફૂટપાથ, કોલકતાની રસગુલ્લા - સંદેશની સુંવાળપ ધરાવતી બંગાળી છોકરીઓના માછલીની ચમકતી ત્વચા જેવા વાળથી લહેરાતી કોલેજ સ્ટ્રીટ, દિલ્હીના ઝંડેવાલા એસ્ટેટની નવાબી મહેક ધરાવતી ગીચોગીચ કિતાબી ગોડાઉન જેવી દુકાનો, ટાઈમ્સ સ્કવેરમાં જીન્સ - ટીશર્ટ લેતાં લેતાં બુક્સ - ડીવીડીઝ ખરીદી શકાય એવી ફેક્ટરી શોપ...

વર્લ્ડ જો ઓનલાઈન થાય, તો આ બધે જ લાઈટ્સ ઓફ થઈ જાય? હાઈટેક ઓટોમેશન અને પ્રકૃતિના વૈભવનો અણમોલ સંગમ ધરાવતા સ્વિત્ઝર્લેન્ડની ટ્રેનમાં જોયેલું દશ્ય આંખ સામે તરવરે છે.

એક બ્યુટીફુલ છોકરી અને એનો બોયફ્રેન્ડ પ્રવેશ્યા બર્નથી લુઝન જવા માટે સામેની જ બર્થ પર ગોઠવાયા. એક કોલ્ડ ડ્રિન્કના ગ્લાસમાંથી બંને વારાફરતી ચૂસકી લે, છોકરી એક નોવેલ વાંચતી હતી.

કાનમાં આઈફોનના ઈયરપ્લગ્સ પર મ્યુઝિક, પહાડો વચ્ચે સરકતી ટ્રેન, બોયફ્રેન્ડના ખભે ઢાળેલું માથું અને એનું ધ્યાન પુસ્તકમાં, છોકરાનું અમીનજરનું હેત એ છોકરીમાં!

કદાચ, રીડિંગ ગર્લ જે હોય એ બેઝિક અન્ડરસ્ટેન્ડિંગ ધરાવતી હોય તો ચીટિંગ ગર્લ ન હોય એવો ભરોસો હશે. યસ, વાંચતા લોકો પર થોડોક વિશ્વાસ મૂકી શકાય સમજણનો. (ખરેખર વાંચતા હોય એ! ગોખતા હોય કે દુનિયાને દેખાડતા હોય એ નહિ!)

ઘર એ નથી, જેના સરનામા પાસપોર્ટ કે ઈલેકટ્રિક બિલમાં હોય છે. એ છે, જેની સાથે આપણે જોડાઈ શકીએ એવી માફક આવતી જગ્યા ! કોઈક એને શોધવા આખી દુનિયા ફરી વળે, અને કોઈકને એક સોહામણા સંગાથમાં એ જડી જાય!


એકઝેટલી, આ જ વાત ફરી એક વાર 'ઈન્ડીપેન્ડન્ટ' અખબારના કોલમનીસ્ટ આરીફા અકબરે, લંડનમાં નવા ખૂલેલા ૮૩૦ સ્કવેરફીટના બુકસ્ટોર 'લાઈબેરિયા'ના સંદર્ભે લખી હતી.

ડિઝાઈનર લુક અને વિસ્કી બાર ધરાવતા આ સ્ટોરનું ઓપનિંગ એવા સમયે થયું, જ્યારે ભારતમાં એરપોર્ટ પર બુકસ્ટોર્સનું ઉઠમણું થવા લાગ્યું છે. વ્હાય? બિકોઝ, યુ કાન્ટ મીટ યોર લવર ઓન કિન્ડલ.

માનો કે, મળી ગયા ઓનલાઈન તો ય વાળમાં આંગળીઓ ક્યારે અને ક્યાં ફેરવશો, હૂંફાળી હથેળીને ક્યારે અને ક્યાં દાબશો? ચાલતા-ચાલતા વાતોમાં ખભો ટકરાઈ જાય અને પછી તીરછી નજર- એનો રોમાંચ ક્યાં શોધશો?

-એન્ડ મોસ્ટ ઈમ્પોર્ટન્ટ, કશું સરસ વાંચશો નહિ, સાંભળશો નહિ, જોશો નહિ, ફરશો નહિ- તો પછી વાતો ક્યા ટોપિક પર કરશો, હેં? ને જો વાતો જ અનલિમિટેડ નહિ કરી શકો, તો પ્રેમ લિમિટેડ જ રહી જવાનો! ■

# વાંચવાનો શોખ એવો નશો છે કે દેશમાં ને આખી દુનિયામાં ફરજિયાત કરવો જોઈએ






જે. ડી. મજેઠિયા

વર્લ્ડ બુક ડે છે આજે.

આપણને લાગે કે વર્લ્ડ બુક ડે સાથે આપણે શું સંબંધ? આ તો અંગ્રેજોએ કે અમેરિકન લોકોએ કોઈ દિવસ બનાવ્યો હશે. જેમ વર્લ્ડ થિયેટર ડે, હેપ્પી મધર્સ ડે વગેરે વગેરે અને વરસને વચલે દિવસે આવે એમાં વિશેષ કરવાનું શું હોય? તો આ વિચાર થોડો ભૂલભરેલો છે. આ દિવસને આપણે બીજું નામ પણ આપી શકીએ. હેપ્પી બેસ્ટ ફ્રેન્ડ ડે. બુક્સ આપણા શ્રેષ્ઠ મિત્ર બની શકે. જેમ આપણો બેસ્ટ ફ્રેન્ડ આપણને એકલો ન પડવા દે કે સારા-ખરાબ દરેક પ્રકારના આપણા મૂળમાં આપણી પડખે ઊભા રહે અને આપણને જરૂર હોય ત્યાં માર્ગદર્શન આપે. આપણને દુનિયામાં થતા વિકાસની વાતે વાકેફ રાખે અને જે એક શ્રેષ્ઠ મિત્ર કરી શકે તેવું ઘણું બીજું બધું એક શ્રેષ્ઠ પુસ્તક-નવલકથા કરી શકે અને ફક્ત નવલકથાઓ જ શું કામ તમારા જીવનમાં કોઈપણ પ્રકારના પ્રશ્નોનો ઉકેલ એ વિશેની પુસ્તકમાંથી મળી જાય. આયુર્વેદ માટે ચરકસંહિતા હોય, ધર્મ માટે ભાગવદ્ ગીતા હોય કે પછી એક્યુપંકચર, યોગા કે રેસિપી માટે તરલા દલાલની પુસ્તકો હોય. પુસ્તકો દરેક પ્રકારનાં પાત્ર તમારાં જીવનમાં ભજવી શકે.

પુસ્તકઓ સાથેનો સંબંધ આપણા બધાનો એટલે કે જે વાંચી શકે છે એ બધાનો બાળપણનો હોય છે. શાળા વખતથી મારી મનગમતી પુસ્તક હતી બાલભારતી. મારી શાળાનું નામ કાંદિવલીની બાલભારતી સ્કૂલ. મને બાલભારતીમાં આવતા પાઠ જે લગભગ નાનકડી વાર્તાઓ જેવાં જ હતાં અને કવિતાઓ... આ...હા...હા... મને અત્યારે જગજીતસિંહ સાહેબની એક ગઝલ યાદ આવી ગઈ આ લખતાં લખતાં. દૌલત ભી લે લો, યહ શૌહરત ભી લે લો... મગર મુઝે લૌટા દો બચપન કા સાવન, વો કાગઝ કી કસ્તી... આ એટલા માટે કે બધાને લગભગ ખબર છે ગઝલ પૂરી નથી લખતો, પણ એ બાળપણના વાંચનની મઝા જ જુદી છે. બાલભારતી શાળામાં મારી માએ કીધેલી વાર્તાઓ કહેવાની સફર મને શાળામાં પ્રતિષ્ઠા અને એક વ્યસન અપાવતી ગઈ. મારી માએ કીધેલી વાર્તા શાળામાં કહેતો અને સહુને એ બહુ ગમતી. હવે એ લોકોને સાંભળવાનો અને મને કહેવાનો ચસ્કો લાગ્યો હતો. હવે વાર્તા કહેવી કઈ અને ક્યાંથી લાવવી એ ચસ્કો મને લઈ ગયો કાંદિવલી હિતવર્ધક મંડળમાં ચાલતી લાઈબ્રેરી સુધી અને ત્યાંથી મારું નવલકથા વાંચન શરૂ થયું. કેટકેટલી વાર્તાઓ વાંચી અને વાર્તાઓ કહી એ સ્કૂલથી કૉલેજ અને એ દરમિયાન મેં વાંચી. મારી ઓલટાઈમ ફેવરિટ નવલકથા દિનકર જોષી સાહેબની પ્રકાશનો પડછાયો, જે મહાત્મા ગાંધી અને એમનાં જ્યેષ્ઠ પુત્ર હરિલાલની વાત છે.

વાંચવાનો શોખ એવો નશો છે કે દેશમાં અને આખી દુનિયામાં ફરજિયાત કરવો જોઈએ. હું સિડની સેલ્ડન અને જેફ્રી આર્ચરનો પણ સારો એવો ફેન છું. મને યાદ છે કે હું મુદ્રા નામની એડ. એજન્સીમાં જોબ કરવા મરીન લાઇન્સ જતો ત્યારે હંમેશાં એક નોવેલ મારી બેગમાં રાખતો. ટ્રેનમાં ગમે તેવી ગીરદી હોય એકવાર રસપ્રદ પુસ્તક વાંચવાનું શરૂ કર્યું પછી કાંદિવલી સ્ટેશનથી ઊભા-ઊભા બધાનાં ધક્કાં ખાતાં ખાતાં લોકોની વચ્ચે લિટરલી જેને કહેવાય પીસાતાં પીસાતાં પણ ધ્યાન આપણું વાંચવામાં જ રહેતું. આખું ફોકસ લાઈફમાં બહુ ઓછી જગ્યાએ રહી શક્યું છે. કોઈ બાજુમાંથી ધક્કો મારે તો પુસ્તક ઉપર કરી વાંચવી, જગ્યા ન હોય તો સાઈડમાં કરી વાંચવી, થોડી રાઈટમાં કરી વાંચવી, બસ વાંચ્યા જ કરવું, મુંબઈ લોકલની ભીડમાં વાંચવું અને સ્ટેશન આવી જાય એની પહેલાં ચેન ખેંચીને થોડીવાર ટ્રેનને ઊભી રાખી પ્રકરણને પૂરું કરી પછી જ સ્ટેશન પર ઊતરું એટલું ગમતું વાંચવાનું. આ વાંચનની જગ્યા સોશિયલ મીડિયા અને મોબાઈલ ફોને લઈ લીધી છે એ વાતનો ખૂબ અફસોસ છે. મને ખાતરી છે કે તમને પણ આ વાતનો અફસોસ થતો હશે. આખા વિશ્વમાં કેટલા બધા મહાન લેખકો છે જેમને વાંચવા જોઈએ.

આપણા ભણતરની સિસ્ટમમાં વધારો કરવાનો મોકો મને આપવામાં આવે તો હું લોકોના જીવનમાં વરસમાં એક પરીક્ષા લાઈફટાઈમ માટે રાખું. બધાએ વરસમાં ત્રિમાસિક, છમાસિક અને વાર્ષિક પોતાની ગમતી નવલકથા પર પેપર લખી અને પરીક્ષા આપી બધાને જીવનભર વાંચતા કરી દઉં. સારા લેખકોને વાંચવા તમારા જીવનને બહેતર બનાવવા બહુ ફાયદાકારક હોય છે કારણ કે લેખક પોતે બહુ વાંચતો હોય, ફરતો હોય અને કલ્પનાશીલ સાથે સાથે જીવનમાં કંઈક જુદું તરી આવે તેવી ખેવના રાખતો હોય છે.

એટલે પોતાનું જ કામ લખી વારંવાર લખીને એને પરફેક્ટ બનાવી અને પછી જ નોવેલના રૂપમાં પ્રસ્તુત કરતા હોય છે, કારણ કે એમને બરાબર ખબર છે કે હવે આ બદલાશે નહીં, આ તો છપાઈ ગયું. એટલે બહું જ જવાબદારીપૂર્વક લખવું અને રજૂ કરવું પડે.

એમના વિચારો અને કલ્પના એવી હોય કે ભલે તમે એક જગ્યાએ બેસીને વાંચતા હો પણ ત્યાંથી એ તમને વિશ્વમાં એવી એવી જગ્યાએ વિહાર પર લઈ જાય કે તમે વિઝા, પાસપોર્ટ કે પૈસા વગર વિશ્વની સફર કરી આવો અને આ વાત ફક્ત સ્થળો સુધી જ મર્યાદિત નથી, પણ દુનિયાના ભિન્ન દેશોની સંસ્કૃતિથી લઈને પહેરવેશ, ખાણી-પીણી, રહેણી-કરણી, રીત-રિવાજોથી માંડીને રાજકારણ અને ધર્મ જેવા વિષયોને પણ આવરી લે અને એટલી મનોરંજક રીતે તમને એ સફર કરાવે, એક સુંદર શ્રેષ્ઠ લેખકની સુંદર કૃતિ તમને બહુ સારી ફિલ્મ જોવા કરતાં પણ વધારે સંતોષ, આનંદ અને મનોરંજન આપે.

એક સારી નવલકથાનું વાંચન તમને કલાકાર એક દિગ્દર્શક બનાવે છે. તમે એક સારી બેસ્ટ સેલર કહેવાય તેવી અને તમને ગમતાં વિષય અને લેખકની નોવેલ શરૂ કરો એટલે તમારું મન એક મુખ્ય પાત્ર સાથે જોડાવા માંડે અને તમે લગભગ પોતે જ એ પાત્ર છો એવા વિચારોમાં કયારે ઓતપ્રોત થઈ જાવ એ ખબર પણ ના પડે. તમારું પોતાનું મગજ એવી કલ્પનાની દુનિયામાં વિહરવા માંડે કે લેખકે વિસ્તૃતમાં ઝીણી ઝીણી વિગતોમાં લખવા માંડયું હોય કે તમારા મનમાં કંડારવા માંડે અને ધીમે ધીમે તમે આખી નવલકથાને મનમાં આકાર આપવા માંડો, પાત્રોમાં અજાણતાં તમારી નજદીકના લોકોને એની સાથે જોડવા માંડો અને તમે પોતે દિગ્દર્શકની ભૂમિકામાં કયારે આવી જાવ ખબર જ ના પડે. વાંચવું તો નસીબદારને મળે, સાચું કહું છું ખરેખર સાચું કહું છું. ધ્યાનથી જોજો જે વ્યક્તિ તલ્લીન થઈને વાંચતો હશે, પરીક્ષા આપવાવાળા વગરના લોકોની વાત કરું છું.

એ બધા બહુ નિરાંતમાં હશે. એકાગ્રતાથી વાંચતા હશે એનાથી તમારું સ્ટ્રેશ પણ ઓછું થઈ જાય. વાંચવું એક પ્રકારનો યોગ છે. સાધના છે. તમારા શબ્દોનું જ્ઞાન વધે, તમારા વિચારો ખૂલે, શીખવા મળે અને તમને કોઈ પર પ્રેમ, હક જમાવવાનું મન થાય, જમાવી શકો એવી વ્યક્તિ અને વસ્તુ મળે, તમે વિચારતા હશો કે આ શું બોલે છે જેડીભાઈ. તમને ગમતા લેખક માટે પઝેશીવ થાવ, તમારા જીવનમાં મળ્યા વગર એક એવી વ્યક્તિ પ્રવેશે છે જે તમને માર્ગદર્શન અને મનોરંજન આપે અને તમારો એક અદૃશ્ય સંબંધ બંધાય અને આ સંબંધ એક સાથે સીમિત ન રાખતાં વધારે લેખકોને વાંચીને મોટું કુટુંબ બનાવવું. અલગ અલગ દેશોથી, ભાષાઓથી, સંસ્કૃતિથી આવતાં લેખકોને વાંચવા.


આજકાલ એક સુખ છે કે દરેક ભાષાના રૂપાંતર તમને તમારી આવડતી ભાષામાં મળી જાય એ પણ ઘેર બેઠા ઓનલાઈન પણ મજા તો પુસ્તકમેળામાં અથવા પુસ્તકની દુકાનમાં જઈને ખરીદવાની જ છે. સોનું ખરીદવા વરસમાં અક્ષયતૃતીયા કે ધનતેરસને દિવસે જાવ, પણ આ ખજાનો ખરીદવાનું મુહૂર્ત કે સારા દિવસો નથી હોતા.

એ તો જે દિવસે સારું પુસ્તક ખરીદ્યું તે સારું મુહૂર્ત અને વાંચ્યું તે સારો દિવસ બની જાય અને આજકાલના આ પુસ્તકના શોરૂમ તો એટલા મોટા, એટલા સરસ કે એરકન્ડિશનવાળા કે મજા આવી જાય. તો આજના વર્લ્ડ બુક ડેના દિવસે વાંચનનો શોખ આગળ ધપાવો અને ન કર્યું હોય તો કરો કંકુનાં અને સરસ પુસ્તક ખરીદો અને વાંચો. જીવનભર તમે તમારાં આ કાર્યને વધાવશો.

લખવાની બહુ જ મજા આવી, આ લખતાં લખતાં મને મારા બાપુજી ગૌલોકવાસી શ્રી નાગરદાસ મજેઠીયાની બહુ યાદ આવી. તેમની કોલેજની પુસ્તકઓની દુકાન હતી, રૂપારેલ કોલેજની બહાર માટુંગા વેસ્ટમાં. પુસ્તકઓ અમારા વારસામાં છે. મારી કેસર પણ ખૂબ વાંચે અને તમે તમારી આ મિલકત તમારા પરિવારને વારસામાં આપો આના જેવું જરૂરી બહું ઓછું છે તમારી આવનારી પેઢી માટે.

એજ લિ. મુંબઇનો મુંબઇ સમાચારનો પ્રિય જેડી. ■


## વિશ્વ પુસ્તક દિવસ



# પૃથ્વી પરનું કલ્પ વૃક્ષ



વર્ષા અડાલજા




સેદાનનાં મેદાનમાં ફ્રેન્ચો હાર્યા અને જર્મનોએ પૅરિસમાં પ્રવેશ કર્યો ત્યારે એક ફ્રેન્ચ પ્રોફેસર વર્ગ લઇ રહ્યા હતા, એમણે વર્ગને કહ્યું.

જેન્ટલમેન એઝ વી મીટ હિયર ટુડે વી આર ઇન અ ફ્રી કન્ટ્રી, ધ રિપબ્લિક ઓફ લેટર્સ વીચ હેઝ નો નેશનલ બાઉન્ડ્રીઝ, વીચ નોઝ નો પ્રેજયુડીસ, નો ઇન્ટોલરન્સ.

પુસ્તકની એક એવી નિરાળી આગવી દુનિયા છે જ્યાં સ્વાતંત્ર્ય છે, વિશ્ર્વના દેશોની સરહદો અવરોધરૂપ નથી, નથી પૂર્વગ્રહી.

પુસ્તક એવું કલ્પવૃક્ષ છે જે જીવનના સંતાપોમાં છાયો આપે છે. એક સાચા સન્મિત્રની જેમ આપણી સાથે વાતો કરે છે. નર્મદ કહે છે તેમ, જે આપણી પરોપકાર બુદ્ધિ અને હયાને જાગતી કરે છે. પ્રીતિના જોસ્સાને બહાર કાઢે છે, આપણી લાગણીઓને કેળવીને વ્યાપક કરે છે, પડતીની દશામાં દિલાસો અને ચડતીમાં ક્ષમા અને જીંદગીમાં નાના પ્રકારનાં નિર્મળ સુખ આપે છે.

પુસ્તક આપણને એક નવી જ દુનિયાનાં દ્વાર ખોલી આપે છે, અનેક વિવિધ પાત્રો -મનુષ્યોનો મેળાપ કરાવે છે, એમની જિંદગીના આરોહઅવરોહમાં વાચકને સામેલ કરે છે, નહીં તો જીવનની વિવિધતાનો પરિચય મેળવવાની આપણી પહોંચ કેટલી!

સંજીવની વિદ્યાથી પુસ્તક અજરઅમર છે. ભવ્ય ઇમારતો સમ્રાટોનાં ઝાકઝમાળ મહેલો ધ્વસ્ત થઇ ખંડેર થાય છે, કાળ સતત કરવતની જેમ વહેરે છે, એનાં ભરભર ભૂકામાં ઇમારત નષ્ટ થાય છે. કાશ્મીરનાં ગામડાઓમાં ફરતાં એવાં કેટલાં ભવ્ય મંદિરોનાં ખંડેરો જોયા હતા. એક સમયે એનો કેવો ભવ્ય ઇતિહાસ હશે? સંસ્કૃતિની ધર્મની ધરોહર હશે એવું એક સૂર્યમંદિર જોઇ ઉદાસ થઇ જવાયું હતું. એક ઇમારત નષ્ટ થાય એની સાથે કેટકેટલું નાશ પામે છે.

૨૦૧૦નું નોબેલ જેને મળ્યું હતું તે પેરૂના સાહિત્યકાર પ્રસિદ્ધ પ્રવચનમાં કહે છે.

મને લાગે છે કે સાહિત્ય-પુસ્તક એવા નાગરિકોનું ઘડતર કરે છે જે મુક્ત અને સ્વતંત્ર વિચારશક્તિ કેળવી શકે છે, જેમને પ્રચારતંત્ર ભોળવી શકતા નથી. અનેક લોકો જેણે જીવનમાં સિદ્ધિ મેળવી છે. તેમણે પુસ્તકોનાં વાંચનની એમના જીવન પર વિચારો પર પડેલી અસર વિશે વાત કરી છે, એટલું એ શક્તિશાળી માધ્મય છે. જયારે વાચક-પુસ્તક ખોલે છે ત્યારે અંતરંગ મિત્રની જેમ માત્ર વાચક સાથે સંવાદ કરે છે, માત્ર તમે બે જ છો. સામસામે સર્જક અને વાચક. પુસ્તક વાત માંડે છે, હજારો વર્ષ પહેલાંની કે આજની પણ એ માત્ર તમારા માટે જ છે. જેના હાથમાં પુસ્તક છે તે કદી જીવનમાં એકલો નથી. દુનિયાભરનાં સર્જકો એની સાથે છે, જયારે જે સમયે એમનો સાથ જોઇએ, પછી શેક્સપિયર હોય કે કાલિદાસ, મહાન લેખકો, વિભૂતિ સાથે નાતો પુસ્તક સિવાય કોણ જોડી આપે!

મનુષ્યની આંતરિક કટોકટીની ક્ષણે સાહિત્ય જવાબ આપે છે, ગાંધીજીને રામનામનું રક્ષાકવચ સાંપડે છે. અસંખ્ય લોકોનો જીવનાધાર પુસ્તકો બન્યાં છે. બનતાં રહે છે. સાહિત્યની અવિરત પાલખી યાત્રા પ્રજાની ચેતના, સંવેદનશીલતા, જીવનને જુદી જુદી રીતે જોવાની દૃષ્ટિનું પરિણામ છે. કાફકા તો કહે છે આપણને એવાં પુસ્તકોની જરૂર છે જે કોઇ મોટી હોનારતની જેવી આપણી પર અસર કરે, ઊંડી વેદનામાં ડૂબાડી દે. પુસ્તક એ આપણી અંદર થીજી ગયેલા હિમસાગરને કાપનારો કુહાડો હોવું જોઇએ.

અને એટલે દુનિયાનું સૌથી શક્તિશાળી શસ્ત્ર કલમ કહેવાય છે. એટલે વાંચન પણ એક તપ છે. સર્જકોને પણ વાંચકો પાસેથી સજજતાની અપેક્ષા રહે છે.

પુસ્તક વૃક્ષનું સંતાન છે. માણસને જીવનમાં એક જ વાર વસંત આવે છે. પણ આ કલ્પવૃક્ષ સમા પુસ્તકને સદા વસંત છે, ફળો છે, ફૂલો જે મનુષ્યને નવજીવન આપે છે.

આજે પુસ્તક દિને મા સરસ્વતીને વંદન. વાચકવર્ગ વધતો રહે એવી એક સર્જક તરીકે મારી નમ્ર પ્રાર્થના. ■

# સમજણનું સરનામું...

## અમેરિકા લેખક હ્યૂ પ્રેથરનું પુસ્તક 'નોટ્સ ટુ માઈસેલ્ફ'



રમેશ પુરોહિત

અમેરિકન લેખક-ફિલોસોફર અને માર્ગદર્શક એવા હ્યૂ પ્રેથરનાં પુસ્તકો પાસે જવાનું સતત હોય જ છે, કારણ કે તરસ એક વખત પાણી પી લેવાથી છીપતી નથી. આ તરસ છે પોતાની જાતને જાણવાની અને જાણીને નાણવાની. કેટલાંક સર્જકોના સાચુકલા શબ્દો જેમ વાચતા જઈએ તેમ આપણા મનમાં સ્પંદનોના આંદોલનની ભરતી આવે છે. પ્રેરણાના તરંગો એકધારા વહેતા રહે છે. સો ટચના સોના જેવા શબ્દો વાચીને રસાયણ બનાવવા માટે હોય છે. ફક્ત નજરથી વાંચી નાખવાના નથી હોતા. આવા સર્જકો સમયાંતરે હળવેથી સાદ આપીને સામેથી બોલાવે અને અવાજ એવો હોય કે આપણે અવગણી શકીએ નહીં. આવું હ્યૂ પ્રેથરની બાબતમાં વારંવાર બની શકે છે. એમનું વિશ્વવિખ્યાત પુસ્તક :

Notes to Myself - 'નોટ્સ ટુ માઈસેલ્ફ' - મારું અતિ પ્રિય પુસ્તક છે, જેનો મેં અર્થઘટન અને આસ્વાદ મારા લોકપ્રિય નીવડેલાં પુસ્તક 'હું મારું સરનામું છું'માં કર્યો છે.

'નોટ્સ ટુ માઈસેલ્ફ' એક એવું પુસ્તક છે, જે ફરીફરી વાંચવું ગમે. અવારનવાર અવગાહન કર્યા પછી અનુવાદ કરવાનો વિચાર કર્યો. થોડાંક પાનાં આપણી ભાષામાં અવતાર્યા ત્યારે ખ્યાલ આવ્યો કે આમ તો પ્રથમ વાચને સરળ લાગતું પુસ્તક ધારીએ એવું સરળ નથી. અનુવાદ તો એથીય મુશ્કેલ છે, પણ મુશ્કેલ છે એટલે કામ પડતું મૂકવું એ મારા સ્વભાવમાં નથી. અનુવાદની પ્રક્રિયા વખતે વિચાર આવ્યો કે માત્ર અનુવાદથી અટકી ન જવું, પણ એમણે જે ગહન વાત કરી છે એનો મર્મ ઊઘડે એવી રીતે મારી ભાષાના જિજ્ઞાસુઓ સમક્ષ વાત રજૂ કરવી.

બિડાયેલી પુષ્પકળીઓની પાંખડીઓ ઉઘાડવા જેવી આ વાતમાં ક્યાંક દૃષ્ટાંતો, ક્યાંક દાખલાઓ તો ક્યાંક કાવ્યપંક્તિઓનો સહારો લઈને રંગ, રૂપ, રસ અને મહેકનો માહોલ રચવાનો પ્રયાસ કર્યો છે. ફૂલ પર જેટલી આસાનીથી પતંગિયા બેસે એટલી આસાનીથી વિભિન્ન ઉદાહરણ આવે એવું અહીં ગોઠવ્યું છે.

આ કાર્યમાં મારી સ્મૃતિએ મદદ કરી છે. સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી અને ઉર્દૂના અભ્યાસે મને હરવખત ટેકો આપ્યો છે.

આ પુસ્તક એક પ્રકારનો ચિંતનનો યોગ છે. હ્યૂ પ્રેથર મોટા ગજાના ચિંતક છે એટલે એ જે કંઈ લખે તે માણસને કેન્દ્રમાં રાખીને લખે છે અને સવિશેષ આજના છિન્નભિન્ન માણસને ધ્યાનમાં રાખીને શબ્દો અવતારે છે. ભલે દેશકાળ પ્રમાણે માણસની રહેણી કરણી બદલાય પણ મૂળ તો માણસ એનો એ જ છે.

હ્યૂ પ્રેથર લાખો-કરોડો લોકો દ્વારા વંચાતા અમેરિકન લેખક છે. એમના આંતરિક વૈભવ પાસે જવા જેવું છે. હું જ્યારે એમને વાંચું છું ત્યારે મને એક પ્રકારનો અહેસાસ થાય છે કે એમણે ક્યાંક જરૂર જે. કૃષ્ણમૂર્તિને આત્મસાત્ કર્યા છે- માણ્યા છે. આ વિધાન કરું છું ત્યારે હું એવો કોઈ અણસાર આપવા નથી ઈચ્છતો કે એમનું ચિંતન કૃષ્ણમૂર્તિનો પડઘો છે. કૃષ્ણમૂર્તિનું તત્ત્વજ્ઞાન વિશેષપણે અમૂર્ત છે, હ્યૂ પ્રેથરનું તત્ત્વજ્ઞાન મૂર્ત છે. કૃષ્ણમૂર્તિ કોયલનો ટહુકો છે, હ્યૂ પ્રેથર અષાઢી મોરનો કેકારવ છે.

હ્યૂ પ્રેથરની વિશેષતા એ છે કે એ વ્યાસપીઠ પર બેસીને ઉપદેશ આપતા હોય એ રીતે વાત નથી કરતા. બહુ બહુ તો કોઈક લિવિંગ રૂમ કે હોટલના ટેબલ પર બેઠેલા સ્વજન જેવા લાગે છે, જે ખૂબ જ આત્મીયતાથી પોતાના અહામૂલા અનુભવોની કિતાબનાં પાનાં ખોલે છે. આપણી પાસે ખૂટે નહીં એવો ખજાનો હોય અને ઘણું કહેવાનું હોય, પરંતુ સામસામો તાર મળી જાય અને હોંકારો આપનારું કોઈ હોય તો કહેવાનો આનંદ અદકેરો હોય છે.

ડ્રોઈંગ-રૂમ કે કાફે ટેબલની વાત તો સહેજ અમસ્તી જ કરી હતી, પણ ઊંડા ઊતરવાનો થોડોક પ્રયત્ન કરીએ તો લાગે કે તો પોતાની જાત સાથેની વાત છે. આ લખાણના મૂળિયાં સ્વબોધમાં છે અને એનો વ્યાપ સર્વબોધ સુધીનો છે.

જિંદગી જીવવાની કળા વિશે વાત માંડતા એ કહે છે: 'ક્યારેક હાશકારો ખાઈને થોડુંક વિચારું છું ત્યારે લાગે છે કે ગમે તેમ પણ મને જીવવાની કળા આવડી ગઈ છે, પણ એ વખતે હું ભૂલી જાઉં છું કે જિંદગી તો પરિવર્તનશીલ છે અને હું તો હતો ત્યાંનો ત્યાં જ, જીવન શરૂ કર્યું ત્યારે જેવો હતો એવો ને એવો જ...! જિંદગી જીવવાની પરિપક્વતા અને જિંદગી જીવતાં આવડી ગયું છે' એવી માન્યતા વચ્ચે ફરક છે. પ્રગતિ અંગેની મારી સૂઝબૂજ એક એવી ભ્રમણા પર નભી રહી છે કે વસ્તુઓ એની એ જ રહેવાની છે. જ્યારે હકીકતમાં વસ્તુઓ બદલાય છે... મારો સંયમ નામનો જ છે. જિંદગીને જાણવાના પ્રયાસમાં આમખું પૂરું થઈ જાય છે અને આપણે પહેલે પગથિયે પગ માંડી શકતા નથી. 'શૂન્ય' પાલનપુરીએ કહેલી વાત અહીં આ વાત જાણવા જેવી છે:


*ઉન્માદ સંગ ખેલીને આફત નહીં કરો*
*માથે ચડાવી પંથ કયામત નહીં કરો*
*એકે નિશાની આપની બાકી નહીં રહે*
*પગલાંને પૂજવાની હિમાયત નહીં કરો.*

લેખક આપણાં સૌના અનુભવોની સચોટ વાત કેટલી સરળતાથી કરે છે તે જોઈએ :

*હું અડસડાટ એક પછી હેક નિર્ણય લેતો*
*રહું છું અને માનું પણ છું કે મેં છેલ્લે*
*લીધેલો નિર્ણય અંતિમ અને અફર છે,*
*પરંતુ મને આખરે એટલું જ સમજાય છે કે*
*હું વાસ્તવમાં મૂંઝાયેલો છું...*

આનંદની વાત એ છે કે 'હ્યૂ પ્રેથરના નોટ્સ ટુ માઈસેલ્ફ'ના અનુવાદ- અર્થઘટન અને આરવાદનું મારું પુસ્તક 'હું મારું સરનામું છું' દર રવિવારે 'મુંબઈ સમાચાર'માં ક્રમશઃ પ્રગટ થયું હતું અને 'મુંબઈ સમાચાર'ના બહોળા અસંખ્ય વાચકોએ તેને પ્રેમપૂર્વક વધાવી લીધું હતું. ■

# એક હજાર પુસ્તકો વાંચો, કલમ સડસડાટ દોડશે



અનિલ રાવલ

સ્કોટીશ નવલકથાકાર-કવિ રોબર્ટ લ્યુઇસ સ્ટીવન્સનનું એક ફેમસ વાક્ય છે: 'આઇ કેપ્ટ ઓલવેયઝ ટુ બુક્સ ઇન માય પોકેટ, વન ટુ રીડ એન્ડ વન ટુ રાઇટ.' (હું કાયમ મારા ખિસ્સામાં બે બુક રાખું. એક, વાંચવા માટે અને બીજી લખવા માટે.) ભાઇ રોબર્ટે એક વાત તો સ્પષ્ટ કરી આપી છે કે તમે સાચા સર્જકો (જેમાં વાર્તાકારો, કલાકારો, ફિલ્મ દિગ્દર્શકો, ચિત્રકારો વગેરે બધા આવી ગયા) હો તો વાંચવું અનિવાર્ય છે. વાંચનથી જ વિચારોની નવી નવી દિશાઓ ઉઘડે....કમલ બળકટ બને. માટે હે વત્સ,,,,હે માણસ...હે મનુષ્ય તું વાચ.

સામાન્ય રીતે વાચકો બે પ્રકારના હોય છે. એક સમજવા માટે વાંચનારા અને બીજા મોજશોખ માટે વાંચનારા. તમે માર્ક કરજો. માત્ર વાંચવાના શોખ ખાતર વાંચનારા વાચકોની વૈચારિક શક્તિ ગજબની હોય છે. એમની સામાન્ય વાતચીતમાં પણ એમનું વાંચન સ્પષ્ટ રીતે તરી આવતું દેખાય. એમની તાર્કિક દલીલો તમને આંજી નાખે. મતલબ હી કી ભૈયા, તમે સર્જક હો કે સામાન્ય માણુસ. વાંચન ઇઝ એ મસ્ટ. પઢના ઝરુરી હૈ. બંને પ્રકારના વાંચકો ભુખ્ખ્યાડાંસ હોવા જોઇએ. રાત જાગીને પણ પુસ્તક વાંચે, પુસ્તક ખરીદવા પોકેટ મની ફૂંકી મારે...પેટ બાળીને મનને ટાઢક આપે એ સાચો વાચક.

એક નવલકથાકાર લખતા લખતા અચાનક બજારમાં પેન લેવા દોડી જાય. એકવાર એની પત્નીએ કહ્યું: 'તમારે આ રીતે વારેવારે પેન લેવા જવું પડે છે એના કરતા ડઝનેક પેન લઇને ઘરમાં રાખતા હો તો.' લેખક મહાશયે એ વખતે જવાબ ન આપ્યો, પણ બજારમાં સારી એવી લટાર મારીને આવ્યા બાદ પત્નીને કહ્યું કે 'હું બજારમાં માત્ર પેન લેવા નથી જતો...હું બજારમાં ફરતા જુદા જુદા લોકોનું નિરીક્ષણ કરવા જાઉં છું. મને એમાંથી મારી નવલકથાના જીવંત પાત્રો મળે છે. શાકવાળા ભૈયા સાથે ભાવની રકઝક કરતી ડોશીના હાવભાવ, ઓફિસે જવા ઓટો પકડવા દોડતો યુવાનનો ચહેરો, સ્કૂલવેનમાં બેસતાં પહેલાં માને બાય કહેતા ભૂલકાઓનાં ચહેરા પરનું સ્મિત, નિવૃત્તિ પછી પાર્કમાં વોક કરતો વરિષ્ઠ નાગરિકની બેફિકરાઇ, હાથમાં ઝોળી ઝુલાવતો ટહેલતો પારસીબાવો, દરિયાકિનારે હાથમાં હાથ ભેરવીને ફરતા યુગલની હળવી ચાલ....આહાહાહા..કેટકેટલાં પાત્રો આપણી આસપાસ ફરે છે. બધાની વિશિષ્ટ ચાલઢાલ, અલગ બોલી, જુદી શૈલી, નોખી ઢબ...આ બધું મારે મારી વાર્તામાં ઉતારવું હોય છે.....એટલે વાંચવા-લખતા પહેલા હું ટહેલું છું, રખડું છું, પ્રવાસ ખેડું છું. નીતનવા લોકોને મળું છું...એમની સાથે વાતો કરું છું....બસ, એમને જોયા કરું છું....પછી આપોઆપ મારી કલમ ચાલે છે. વાંચન અને નિરીક્ષણ-આ બંને સર્જકોના સાચા મિત્રો અને શસ્ત્રો છે.'

તાજેતરમાં મધુ રાયને કેટલાક લેખક મિત્રો મળ્યા હતા. એક મિત્રએ એમને સવાલ કર્યો કે 'હું શબ્દચિત્ર સારું લખી શકું છું, પણ વાર્તા-નવલકથા વગરેમાં હથોટી નથી. તો શું કરવું.?' મધુ રાયનો જવાબ હતોઃ 'અભાનપણે લખો.' હું માનું છું કે મધુ રાયનો કહેવાનો અર્થ 'અભાનપણે' એટલે કે કોન્સિયસ બનીને ન લખો...સહજ રીતે જે મનમાં આવે એ રીતે લખતા રહો. વાંચનની બાબતમાં પણ એવું જ હોવું જોઇએ. અભાનપણે વાંચો. મોજ ખાતર વાંચો, સર્જન માટે વાંચો, પોતાના માટે વાંચો...તમને જે ફાવે...જે ગમે તે વાંચો...પણ વાંચો ખરા....વાંચતા રહો....કદાચ કોઇ ભૂખ્યોડાંસ વાચક ક્યારેક ઉત્તમ દરજ્જાનો સર્જક થઇ જાય. મેં ક્યાંક વાંચેલું કે તમે એક હજાર પુસ્તકો વાંચી કાઢો, તમારી કલમ સડસડાટ દોડશે. જોકે આજના સોશિયલ મીડિયાના દોરમાં અને જોરમાં કશું ન વાચતા લેખકોનો રાફડો ફાટ્યો છે.

આવા અર્ધદગ્ધ લોકો અભાનપણે નહીં, પણ બેભાનપણે લખે છે. ને જેઓ ખરેખર લખી શકે છે...જેમણે લખવું જોઇએ, તેઓ હજી વાંચે છે. કેવી વિચિત્રતા. જોકે કોઇ વાંચતું નથી..પુસ્તકો વેંચાતા નથી એવી બુમરાણ તદન ખોટી છે. આવા અરણ્યરુદનને જંગલમાં મૂકી આવવું જોઇએ. મારો જાત અનુભવ કહું તો 'મુંબઇ સમાચાર' દ્વારા યોજાયેલા પુસ્તકમેળામાં વાચનભૂખ્યા લોકો હજારો રૂપિયાના પુસ્તકો ખરીદતા જોયા. પુસ્તકમેળામાં કેટલાંક વાચકોને એમના પ્રિય લેખકોના જ પુસ્તકો ખરીદતા જોઇને નવાઇ લાગી હતી. પોતાના પ્રિય લેખકો પ્રત્યેની એમની વફાદારી...અહોભાવને સલામ. પણ એમની લાગણીને લીધે ક્યારેક આપણા આજના નવાં છતાં ઉત્તમ સાહિત્યસર્જન કરતા વાર્તાકારોની અવગણના થતી હોય એવું પણ લાગ્યું. આ વફાદર વાચકોએ એ ન ભૂલવું જોઇએ કે એમના આદરપાત્ર લેખકો પણ ક્યારેક નવાસવા હતાં.

પુસ્તકો ખરીદાય છે, વંચાય પણ છે અને સારા યુવાન લેખકો પણ ગરજી રહ્યાં છે, ગજું કાઢી રહ્યાં છે. આજે ઘણું ઉત્તમ લખાય છે. સાહિત્યિક પ્રવૃત્તિઓના નિયમિત આયોજન પણ થતાં રહે છે. ચિત્ર નિરાશાજનક નથી જ નથી. હા, સોશિયલ મીડિયાની વોલ પર છૂટાહાથે વેરાતાં સેકન્ડહેન્ડ કે થર્ડ ગ્રેડ સાહિત્યને અનુસરતા કેટલાંક અબુધ લોકોની ચિંતા થાય છે. સાચું સાહિત્ય ઉત્તમ પુસ્તકોમાં છે.

કોઇ પૂછે કે તમારું પ્રિય પુસ્તક કયું ને તમારા પ્રિય લેખક કોણ.? પ્રશ્ન સરળ હોવા છતાં અઘરો છે. હું બહુ વિચાર કર્યા વિના કહું તો મારું પ્રિય પુસ્તક 'ચૌરંઘી' છે. મૂળ બંગાળી નવલકથાનો અનેક ભાષાઓમાં અનુવાદ થયો છે. જેના લેખક હતા શંકર. આખું નામ મણિશંકર મુખરજી. મેં હિન્દી અનુવાદ વાંચ્યો છે. આ નવલકથા પરથી ફિલ્મ અને નાટક પણ બન્યા છે. જોકે મેં જોયા નથી...પણ જે મજા નોવેલ વાંચવામાં આવી એવી ફિલ્મ કે નાટકમાં ન આવત...કારણ જે ડિટેલિંગ નવલકથામાં લેખક આપે એવું ફિલ્મ કે નાટક આપે એવી અપેક્ષા અસ્થાને છે. માધ્યમનો ફરક સમજતે હોના.


ગુજરાતીમાં મને ગમે ધ્રુવ ભટ્ટ સાહેબ. મેં એમની 'ન ઇતિ' સિવાયની લગભગ બધી જ વાર્તાઓ વાંચી છે.

એક મજ્જાની વાત કહું. આપણે પુસ્તક છોડીને ફિલ્મો કે નાટકો કે સિરીઝો પાછળ દોટ મુકીએ છીએ, પણ આ મનોરંજનના મૂળમાં તો લખાણ છે. 'ઇફ ઇટ ઇઝ ઓન પેપર...ઇટ ઇઝ ઓન સ્ક્રીન' કાગળ પર લખેલું હશે તો પરદા પર બતાવી શકાશે. મોટા ભાગની ઉત્તમ ફિલ્મો કે સિરીઝો નવલકથા પરથી બને છે...એટલે જ ઓસ્કર અવોર્ડમાં પણ બેસ્ટ એડપ્ટેડ સ્ક્રીનપ્લેની કેટેગરી છે. આજના પુસ્તક દિને એક સુવાક્યઃ 'જે વાંચે છે તે બડભાગી છે અને નથી વાંચતો એ અભાગી છે.' ■

# જે વાંચતા નથી, તે નહીં વાંચી શકનારથી જુદાં નથી




હેમંત ઠક્કર




માર્ક ટવેઈનનું એક વાક્ય વિશ્વ પુસ્તક દિવસે યાદ આવી રહ્યું છે, '' જે વાંચતા નથી, તે નહીં વાંચી શકનારથી જુદાં નથી.'' જે વાંચે છે તે મૃત્યુ પહેલાં હજારો જિંદગી જીવે છે. જે નથી વાંચતો તે તેની એક જિંદગી પણ પૂરી નથી જીવતો. પુસ્તકો શા માટે વાંચવા જોઈએ તેવું કોઈ મને પૂછે તો મારે નવ સાદી સરળ વાત કહેવી છે. (૧) વાંચનથી વિચારવાનું મળે, (૨) સાચું સમજાય (૩) જ્ઞાન મળે, (૪) હસવાનું પણ મળે, (૫) સંવેદના જાગે, (૬) રડવાનું મળે, (૭) કલ્પનાશક્તિ ખીલે, (૮) જિજ્ઞાસા જાગે અને (૯) તમારો વિકાસ થાય. આ બધી ઉપલબ્ધિઓ સારા પુસ્તકો વાંચવાથી મળી શકે. બધાં વાંચે છે. તેવાં જ પુસ્તકો વાંચશો તો બધાં વિચારશે તેવું જ વિચારશો. નવાં વિચારો જોઈતા હશે તો મહેનત કરવી પડશે. ડૉ. અમૂલ શાહ રચિત 'નવી સદીના નવાં વિચારો' અને 'જીવનનું તત્ત્વજ્ઞાન આધુનિક દૃષ્ટિએ' જેવા વિચારપ્રેરક પુસ્તકો વાંચવા પડશે. સુરેશ દલાલ કહેતાં તે જેટલું છપાય છે તે બધું જ વાંચવા બેસીએ તો ગાંડા (આંધળા) થઈ જઈએ. પોલો કોએલો કહે છે અમુક બારણાં બંધ કરતા શીખો. કેટલાંય પુસ્તકો છપાતાં રહે છે. ઘણીવાર એવું બનતું હોય છે કે સારા સાહિત્યિક વાંચવા લાયક -વિચારવા લાયક સર્જકોના પુસ્તકો ખૂણામાં રહી જાય છે- ન વેચાય ને ચાલાક- ઉસ્તાદ સર્જકો લોકોને પ્રચાર પ્રયુક્તિઓથી પટાવીને (સમજાવીને) પોતાના પુસ્તકોને બેસ્ટ સેલર બનાવી દે. વાંચન માટે પણ કક્ષા અને આવડત (કેળવણી) જોઈએ. હજારો પુસ્તકોમાંથી પોતાને ઉપયાગી પ્રેરક કે આનંદદાયક રસપ્રદ પુસ્તક શોધી કાઢવું એ પણ એક કળા છે અને શોધી લીધા પછી વાંચવું એ પણ એક કળા છે. આજે મોબાઈલ અને ઈન્ટરનેટના જમાનામાં વાંચન માટે સમય કાઢવો પણ મુશ્કેલ બની રહ્યો છે, એટલે ઝડપથી વાંચવાનુ પણ શીખી લેવા જેવું છે, વાંચી લીધા પછી શું ભૂલી જવું અને શું યાદ રાખી જીવનમાં અમલ કરવા જેવું છે તે પણ ધ્યાન રાખવું.

કહેવાય છે ને કે કવિ લેખકનું કામ મનુષ્યના આત્માનો ઉદ્ધાર કરવાનું નથી. પણ તેને ઉદ્ધારને પાત્ર બનાવવાનું છે. સારું પુસ્તક તમને એક જુદી જ દુનિયામાં લઈ જવાની શક્તિ ધરાવે છે. અને તે બે- ત્રણ વાર વાંચતા રહેવાનું મન થતું હોય છે. રવીન્દ્રનાથ ટાગોરનું એક વાક્ય મને ખૂબ ગમે છે. ''નવું જન્મતું દરેક બાળક એ વાતનો પુરાવો છે કે ઈશ્વરે માનવજાતમાંથી વિશ્વાસ ગુમાવ્યો નથી'' એ જ રીતે નવું પ્રકાશિત થતું પુસ્તક એ વાતનો પુરાવો છે કે અમે પ્રકાશકોએ/ સર્જકોએ વાંચકોમાંથી વિશ્વાસ ગુમાવ્યો નથી. લખાતાં અને વંચતા પુસ્તકોનો એક જુદો જ મહિમા છે, કરિશ્મા છે. આજે ભલે ઈ-બુક્સ અને ઈન્ટરનેટ/ ઓડિયો બુક્સનો જમાનો આવી ગયો છે. છતાં આજે પણ પુસ્તકોની દુનિયા આબાદ છે. કારણ કે પુસ્તકોનો કોઈ વિકલ્પ જ નથી. પુસ્તકો જ આપણા સાચા મિત્ર છે. કેટલાંયે લોકપ્રિય પુસ્તકોની ૪થી પાંચમી અરે વીસ વીસ આવૃત્તિઓ પણ થઈ ગઈ છે. એટલે જ તો કહેવાય છે કે ''સાચું સુખ એટલે એકાંત, ચાનો કપ અને એક ગમતું પુસ્તક.'' પુસ્તકો પ્રત્યેનો પ્રેમ દુનિયાના દરેક ખૂણે જીવંત છે. અને રહેશે. આજે વિશ્વ પુસ્તક દિન પ્રસંગે તમામ પુસ્તક પ્રેમીઓએ એક ગુજરાતી પુસ્તક ખરીદવું જ જોઈએ. કવિ કલાપી એ તો લખ્યું છે, ''જીવીશ બની શકે તો એકલા પુસ્તકોથી.'' ■

## વિશ્વ પુસ્તક દિવસ



# પુસ્તકઃ કૂંડામાં તાડનું ઝાડ વાવવાની પ્રેરણા




હેન્રી શાસ્ત્રી

એક મરાઠી વર્તમાનપત્રનો પ્રચાર કરતા વિજ્ઞાપનમાં સ્લોગન છેઃ પત્ર નવ્હે મિત્ર. મતલબ કે આ માત્ર વર્તમાનપત્ર નથી તમારો મિત્ર છે. પુસ્તક દિન નિમિત્તે લખતી વખતે એ સ્લોગન યાદ આવી ગયું અને એની પ્રેરણા લઈ પુસ્તક નહીં, પ્રેમિકા એવું સ્લોગન સૂઝ્યું પણ પછી તરત પરણેતર શબ્દ જોડી દીધો, કાયમી સહવાસની અદમ્ય ઈચ્છાને કારણે. સ્લોગન બન્યુંઃ પુસ્તક નહીં પ્રેમિકા - પરણેતર. એક ચોખવટઃ પ્રેમિકા જ પરણેતર છે, બંને ભિન્ન નથી.

ગુજરાતીઓના ટૂ - થ્રી - ફોર બીએચકે ફ્લેટમાં જાવ તો એનું ગ્લેમર આંખને આંજી નાખનારું હોય. ડ્રોઈંગ રૂમમાં ક્રોકરીનું આલીશાન શો કેસ હોય, ૬૫ - ૭૫ - ૮૫ ઈંચનું લેટેસ્ટ ટેક્નોલોજીનું ટીવી હોય, એક શૂ રેક હોય જેમાં ઘરના પાંચ સભ્યના ૧૫ જોડી ચપલા - સ્નીકર્સ - સ્ટિલેટો હોય, ફોરેન ટૂરમાંથી ખરીદેલા સુવેનિયર અને એવું બધું હોય, પણ... પણ ઘાસની ગંજીમાંથી એક વાર સોઈ મળી આવે, ઘરમાં સમ ખાવા પૂરતું એક પુસ્તક મળવું મુશ્કેલ. અલબત્ત અપવાદ દરેક બાબતે હોય છે એમ સમજણો થયો ત્યારે ઘરના ડ્રોઈંગ રૂમમાં ક્રોકરીની નહીં, પુસ્તકોની સજાવટ નજરે પડી. નાનપણમાં (૮ - ૧૦ વર્ષની ઉંમરે) બકોર પટેલ, છકો - મકો, મિયાં ફુસકી - તભા ભટ્ટ પુસ્તકો વાંચવા મળ્યા જેના કારણે પુસ્તક માટે લગાવ થયો અને આજે ૬૮ વર્ષની ઉંમરે એ લગાવ અકબંધ છે. જીવનમાં ભાષા અને ભાર્યા (પત્ની) માટે કાયમ પ્રેમ રહ્યો છે અને પ્રેમ પામ્યો છું. ભાષા પ્રેમને કારણે જ પુસ્તકનો સહવાસ સાંપડ્યો છે. પુસ્તકો કેટલા વાંચ્યા એના કરતાં વિશેષ મહત્ત્વ છે કેવા વાંચ્યા છે. ઉંમર વધે અને સમજણ વિકસે એમ રુચિ બદલાય એ સ્વાભાવિક છે. એક ઉંમર હતી જ્યારે ફાધર વાલેસના પુસ્તકો વાંચવા બહુ બહુ ગમતા. શિખામણના વરખ ધરાવતા ડેલ કાર્નેગીના પુસ્તક ન વાંચ્યા હોય તો અપરાધ ભાવના મહેસૂસ કરાવવામાં આવતી. શાળામાં આયોજિત કરવામાં આવતા મહેન્દ્ર મેઘાણીના ‘પુસ્તકમેળામાં’ વોલિન્ટિયર્સ બનવા મળ્યું તો ધન્યતા અનુભવતા, કારણ કે મહાન લેખકોના પુસ્તકોના સાનિધ્યમાં રહેવાની તક મળતી અને પૈસા ખર્ચ્યા વિના સૂચિત પુસ્તક વાંચવાનો લ્હાવો પણ મળતો. અખબારની નોકરી દરમિયાન તો પુસ્તક વાંચનનો શોખ ફૂલ્યો ફાલ્યો. અનેક વિષયના અનેકવિધ પુસ્તક વાંચ્યા. કોઈ અદ્ભુત હતા, કોઈ બકવાસ હતા, કોઈએ આનંદ આપ્યો તો કોઈએ સમજણનો વિસ્તાર કર્યો, પણ કેટલાક પુસ્તક એવા છે જેમનું ઋણ ક્યારેય નહીં ભુલાય, કારણ કે એ પુસ્તકોએ મગજની બારી ખોલી એમાં રહેલા તિમિરને પોતાના તેજથી હડસેલો મારી હટાવ્યો છે. નાના કુંડામાં તાડનું ઝાડ વાવવાની અદમ્ય ઈચ્છાને જન્મ આપ્યો છે. ૪૯ માળના બિલ્ડિંગમાં ૫૦માં માળે અલાયદું ઘર બાંધવાની હિંમત કરવાની પ્રેરણા આપી છે. આજે પ્રકાશ પુંજ જેવા એક પુસ્તકની વાત કરવી છે જેણે અંગત ભાવવિશ્વને સમૃદ્ધ બનાવ્યું.

એ પુસ્તક છે ગુજરાત વિદ્યાપીઠનું ‘અનુવાદની સમસ્યાઃ એક સંગોષ્ઠિ’ જેમાં સંપાદક તરીકે નામ છે મોહનભાઈ પટેલનું. આ પુસ્તકમાં ‘અનુવાદનું વિસ્મય’ મુદ્દામાં મોહનભાઇ ૧૯૫૦ના દાયકામાં યુનાઇટેડ નેશન્સનો સર્વોચ્ચ ગણાતો સેક્રેટરી જનરલનો હોદ્દો સંભાળનારા સ્વીડનના અર્થશાસ્ત્રી અને રાજદ્વારી દાગ હેમરશિલ્ડની આત્મકથા (Vagmarken)નું ઉદાહરણ આપી વાચકની સમજણનો વિસ્તાર કરે છે. આ આત્મકથા સ્વિડિશ ભાષામાં લખાઈ છે. એનો અંગ્રેજી અનુવાદ - Markings - મૂળ કૃતિ કરતા વધુ લોકપ્રિય થયો હતો. સૌથી હેરત પમાડનારી વાત એ છે કે અંગ્રેજીમાં અનુવાદ કરનારા બ્રિટિશ લેખક ડબ્લ્યુ. એચ. ઓડિન સ્વિડિશ ભાષા ન જાણતા હોવા છતાં સુંદર અનુવાદ આપી શક્યા હતા. આવડું મોટું સાહસ કરવા ઓડિન કેમ તૈયાર થયા હશે એવો સવાલ થવો સ્વાભાવિક છે. શ્રી ઓડિન કેટલીક શરતો રાખી કામ કરવા તૈયાર થયા હતા. તેમણે એક એવા સહ કાર્યકરની માંગણી કરી ૧) જે સ્વિડિશ હોવો જોઈએ ૨) સ્વિડિશ શબ્દોની વિવિધ અર્થચ્છટાનાં સમરૂપો એક અંગ્રેજી શબ્દમાં ન હોય તો જુદા જુદા સમાનાર્થી અંગ્રેજી શબ્દોની યાદી આપી શકે તેવી ક્ષમતા ધરાવતો હોવો જોઈએ. ૩) પોતાને નિઃશેષ કરી શબ્દને બદલે શબ્દ જ માત્ર આપે તેવો, પોતાનું ડહાપણ ન ઉમેરે તેવો હોવો જોઈએ. ઓડિનને એવો સહકાર્યકર મળ્યો અને એક લાજવાબ અનુવાદ દુનિયાને મળ્યો. આ છે પુસ્તક વાંચનની તાકાત, એનું સામર્થ્ય. આ વાંચ્યા પછી જો આજના ટેકનોલોજીના જમાનામાં લાઈબ્રેરીમાં પુસ્તકો પર જામેલી ધૂળ ખંખેરી તમને ગમે એવા પુસ્તકના પાનાં ઉથલાવી વાંચવાનું મન થાય, ઈચ્છા જાગે તો તેનાથી રૂડું શું? અને ‘પઢેગા ઈન્ડિયા તો બઢેગા ઈન્ડિયા’ કેવળ એક સ્લોગન બની ન રહેતા હકીકત બનવાની દિશામાં આગળ વધી શકાય. ■




# પોલિએના : શા માટે આ છે મારું પ્રિય પુસ્તક?



આશુ પટેલ

મારાં પ્રિય પુસ્તકો તો અનેક છે, પણ મારે એક જ પુસ્તકની વાત કરવી હોય તો તરત જ એલીનોર પોર્ટરનું પુસ્તક પોલિએના’ યાદ આવે.

એલીનોર પોર્ટરે એક સદી અગાઉ આ પુસ્તક લખ્યું હતું , પણ આજની તારીખેય વિશ્વની જુદી-જુદી ભાષાઓમાં આ પુસ્તકની નવી નવી આવૃત્તિઓ છપાતી રહે છે. વિશ્વની અનેક ભાષાઓના માધ્યમથી કરોડો વાચકો સુધી પહોંચેલાં ‘પોલીએના’ પુસ્તકનાં લેખકા એલીનોર પોર્ટર તેમનાં આ પુસ્તકને કારણે વીસમી સદીના નામાંકિત લેખકોમાં સ્થાન પામ્યાં. એમનાં આ હૃદયસ્પર્શી અને ઊંડી સંવેદના જગાડતા અને જીવનને નવી જ દ્રષ્ટિથી જોવાની પ્રેરણા આ પુસ્તક આપે છે. પોલીએનાની માતા તો પોલીએના સમજણી થાય એ અગાઉ જ મૃત્યુ પામી છે. અને પોલીએનાની અગિયાર વર્ષની ઉંમરે તેના પિતા જોન વ્હિટિયરનું મૃત્યુ થાય છે એ સાથે પોલીએના સંપૂર્ણપણે અનાથ થઈ જાય છે. પોલીએનાના પિતા એક નાનકડા ચર્ચમાં મામૂલી પગારથી પાદરી તરીકે ફરજ બજાવતા હતા. પોલીએનાના પિતાની સંપત્તિમાં કેટલાંક પુસ્તકો સિવાય બીજું કંઈ પણ નથી. એમના મૃત્યુ પછી એ ચર્ચ તરફથી પોલીએનાની કઠોર હૃદય ધરાવતી માસી મિસ પોલી હેરિંગ્ટનને પત્ર મોકલાય છે અને એમાં કહેવાય છે કે, આપ આપની ભાણેજ પોલીએનાને આશ્રય આપવા રાજી છો કે નહીં. આપ એવું કરવાની હા પાડશો તો અમે પોલીએનાને આપને ત્યાં કોઈના સથવારે મોકલી આપીશું. અમે તેના આવવાનો દિવસ અને ટ્રેનનો સમય આપને અગાઉથી જ જણાવી દઈશું.’

એ પત્ર વાંચીને મિસ પોલી હેરિંગ્ટન અકળાઈ જાય છે. જોકે એ પત્રનો જવાબ આપતાં લખે છે કે, હું મારી ભાણેજને આશ્રય આપવા તૈયાર છું, કારણ કે હું એક જવાબદાર સન્નારી છું અને ક્યારેય મારી ફરજ ચૂકતી નથી. મિસ પોલી સમાજની શરમે પોતાની મોટી બહેનની અનાથ થઈ ગયેલી દીકરી પોલીએનાને આશરો આપવાની તૈયારી દર્શાવે છે , પણ મનોમન તો એને ભારે અકળામણ અને અણગમાની લાગણી થાય છે. એ વખતે એમને કલ્પના પણ નથી આવતી કે જે ભાણેજને પોતે ક્યારેય જોઈ પણ નથી એના આગમનને કારણે એમના જીવનમાં અણધાર્યો વળાંક આવશે.


કઠોર કાળજાની માસી પોલીએના પર જુલમો કરતી રહે છે, પણ પોલીએના તેના પિતા પાસેથી રાજી રહેવાની રમત શીખી છે એટલે ગમે એવી ખરાબ સ્થિતિમાં પણ કશુંક સારું શોધવાની કોશિશ કરતી રહે છે.

એ નાનકડી છોકરીની વાત વાચકોના હૃદયને સ્પર્શી ગઈ અને ‘પોલીએના’ નવલકથાને અકલ્પ્ય સફળતા મળી. વિશ્વની અનેક ભાષાઓમાં તેનો અનુવાદ થયો. એ પુસ્તક પરથી કેટલાંય નાટકો ભજવાયાં, ટીવી સિરિયલ્સ બની અને અનેક ફિલ્મો પણ બની. ૧૯૨૦માં આ પુસ્તક પરથી હોલીવૂડની ફિલ્મ બની અને એમાં પોલીએનાનું પાત્ર ભજવીને મેરી પિકફર્ડે પ્રેક્ષકોનાં દિલ જીતી લીધાં. ૧૯૬૦માં ડિઝની સ્ટુડિયોએ ફરી વાર એ ફિલ્મ બનાવી એ વખતે એ ફિલ્મમાં અભિનય કરનારી બાલ કલાકાર હેલી મિલ્સને સ્પેશિયલ ઓસ્કર એવોર્ડ મળ્યો હતો.

‘પોલીએના’ જેવી ક્લાસિક નવલકથા લખનારાં એલીનોર પોર્ટરને પોતાનેય એવી કલ્પના નહીં આવી હોય કે વિષમ સ્થિતિમાંય જીવનમાં પોઝિટિવિટી રાખવાની પ્રેરણા આપતી આ નવલકથા એક સદીમાં અબજો ડૉલર, રિપિટ અબજો ડૉલરનો જુદી જુદી રીતે વકરો ખેંચી લાવશે (બાય ધ એલીનોર પોર્ટરને એમની પ્રથમ વાર્તા માટે રોકડા પોણા ત્રણ ડૉલરનો પુરસ્કાર મળ્યો હતો)! ‘પોલીએના’ પુસ્તક પ્રકાશિત થયું એ પછી એક જ વર્ષમાં યુરોપ અને અમેરિકામાં તેની દસ લાખથી વધુ કોપી વેચાઈ ગઈ હતી. એ એક નવલકથાને લીધે એલીનોર પોર્ટરનું નામ વિશ્વના નામાંકિત લેખકોની યાદીમાં આવી ગયું. ૧૯૨૦ સુધીમાં ‘પોલીએના’ની અંગ્રેજી ભાષામાં જ ૪૭ આવૃત્તિઓ થઈ ચૂકી હતી. ન્યૂ યોર્કના જગવિખ્યાત ‘બ્રોડવે’ થિયેટરમાં આ નવલકથા પરથી નાટક ભજવાયું. આ પુસ્તકની સફળતા વિશે આખું પુસ્તક લખી શકાય. ‘બ્રોડવે’ પછી તો દુનિયાની ડઝનબંધ ભાષાઓમાં પોલીએના’ પરથી નાટકો ભજવાયાં. ‘પોલીએના’ પુસ્તક પરથી પ્રેરિત થઈને કેટલીય ક્લબ્સ ખૂલી.

આ નવલકથાની નાયિકા ‘પોલીએના’ના નામ પરથી ‘પોલીએના પ્રિન્સિપલ’ અને ‘પોલીનિઝમ’ જેવા શબ્દો અંગ્રેજી ભાષામાં પ્રચલિત બન્યા. ન્યૂ હેમ્પશાયરના નગર એટલે કે એલીનોર પોર્ટરના વતન લિટલટનમાં પોલીએનાનું બ્રોન્ઝનું પૂતળું ઊભું કરાયું છે. પોલીએના તેના ઉત્સાહથી તરવરતા ચહેરા સાથે કમરથી એક બાજુ ઝૂકીને ઊભી હોય અને બે હાથ પહોળા કરીને મોકળા મને હસતી હોય એવું એ પૂતળું જોઈને કપરા સંજોગોમાં મુકાયેલા માણસોના ચહેરા પરનો તનાવ પણ ઓછો થઈ જાય છે.

‘પોલીએના’ લખ્યા પછી આઠ વર્ષ બાદ એટલે કે ૧૯૨૦માં ૨૧ મેના દિવસે એલીનોર પોર્ટર મૃત્યુ પામ્યા. પોલીએના પછી તેમણે બીજી એક ડઝનથી વધુ નવલકથાઓ લખી, પણ પોલીએના’ જેવી સફળતા તેમના કોઈ પુસ્તકને ન મળી. ‘પોલીએના’ની સફળતાથી લલચાઈને પ્રકાશકે તેમની પાસે પોલીએના ગ્રોઝ અપ’ નામથી પોલીએના’ નવલકથાની સિકવલ પણ લખાવી. પણ પોલીએના’ જેટલી લોકપ્રિયતા તેમની કોઈ પણ નવલકથાને ન મળી. એલીનોર પોર્ટર માત્ર આ એક જ નવલકથાથી જગતના ઈતિહાસમાં પોતાનું નામ અમર બનાવી ગયાં. ‘પોલીએના’ નવલકથાથી તેઓ સંદેશ આપી ગયાં કે ગમે તેવી સ્થિતિમાંથી પણ કંઈક સારું શોધી કાઢતાં આવડે તો જિંદગી જેવી મજેદાર કોઈ રમત નથી! ■




# મોબાઈલ-ટીવી સિરિયલ્સના બંધન-વ્યસનમાંથી મુકત કરાવવાની ક્ષમતા માત્ર પુસ્તકમાં છે!



જયેશ ચિતલિયા

શું તમે મોબાઈલના બંધાણી થઈ ગયા છો? તેમાંથી રાહત મેળવવી છે? શું તમે ટીવી સિરિયલ્સ કે ઓટીટી મંચ પર સતત આવતી રહેતી કેટલીક સિરીઝના સાવ જ વિચારહીન, અર્થહીન અને મગજને નકારાત્મકતાથી ભરી દે એવા એપિસોડથી છૂટવા માગો છો? જો તમારી હા હોય તો આટલું વાંચી લો.

ના! ના! અમે તમને યોગા અને ધ્યાન કરવાની સલાહ નહીં આપીએ. અમે તમને એક જ વાત કહીશું. તમે પુસ્તકને મિત્ર બનાવો. પુસ્તક તમારું ખરું મિત્ર, માર્ગદર્શક અને પથદર્શક બની શકે છે. સારા પુસ્તકો તમારી જિંદગી બદલી શકે છે. ટીવી સિરિયલ્સને અને મોબાઈલને બદલે અથવા બધો જ સમય તેમને આપવાને બદલે પુસ્તકો સાથે સમય વિતાવો. જુઓ પછી કેવું સુંદર પરિવર્તન આવે છે જીવનમાં! યોગા અને ધ્યાન જેવી શાંતિ આનંદ એકસાથે મળશે.

### જીવનને ઘડનારા પુસ્તકો

શું તમે કોઈ પુસ્તક વાંચો છો? ભણવાના નહીં, જીવનને ઘડનારા પુસ્તકો. બની શકે, તમે ઘણાં વાંચ્યા હોય અને જીવન ઘડાતું પણ ગયું હોય, એમ પણ હોય કે એ બધાં પુસ્તકો વાંચ્યા બાદ પણ જીવનમાં કોઈ પરિવર્તન થયું ન હોય. કયાંક કોઈ અભાવ અથવા અંસતોષ લાગ્યા કરતો હોઈ શકે. સ્વાભાવિક છે, કેમ કે આપણે એ પુસ્તકો માત્ર વાંચ્યા જ હોય તો એવું ચોકકસ બની શકે, પણ જો વાંચીને પચાવ્યા હોય તો પરિવર્તન સંભવ બની શકે . વાંચવું એક વાત છે અને વાંચેલાને જીવનમાં ઉતારવું બીજી વાત છે. ખૈર, પુસ્તકો વાંચીને જીવનમાં પરિવર્તન લાવી શકાય છે એ વાત સાચી. જોકે જીવન પણ તો એક પુસ્તક સમાન છે, આપણે તેને પણ વાંચવું જોઈએ એવું નથી લાગતું ?

હિંદીમાં એક બહુ સરસ વાત કહેવાઈ છે, પઢને યોગ્ય લીખા જાય, ઉસસે સો ગુના બહેતર હૈ કી લીખને યોગ્ય જીયા જાય.

જે પણ વ્યક્તિએ જીવનમાં કંઈક હાંસલ કર્યું છે તેના જીવનમાં પુસ્તકોનો ફાળો અવશ્ય હશે જ. પુસ્તક નિર્જીવ છે છતાં આપણને જીવન આપવાની શક્તિ ધરાવે છે. તેની સામે આપણને અહંકાર કે ઇર્ષ્યા નથી નડતાં.

### પુસ્તકાલયો પણ જરૂરી

મંદિરો, મસ્જિદો, ચર્ચો કે દેરાસરો સમાજ માટે જરૂરી છે તો પુસ્તકાલયોની પણ એટલી જ જરૂર છે. પુસ્તકો આમઆદમી લઈ શકે એટલી કિંમતના હોવા જોઈએ, જોકે, આ મોંઘવારીના સમયમાં વધી રહેલા કાગળના ખર્ચ ઉપરાંત પ્રિન્ટિંગ કોસ્ટને લીધે એ સંભવ બને એમ નથી, તો કમસે કમ પુસ્તકાલયો લોકોને સારાં પુસ્તકો ઉપલબ્ધ બનાવવાની ભૂમિકા ભજવી શકે છે અને ભજવતાં પણ હોય છે. કિંતુ સવાલ વાચકોનો મોટો થતો જાય છે. આપણે ત્યાં લોકો પાસે પુસ્તકો માટે સમય નથી, જગ્યા નથી અને લગાવ પણ ઘટતો જાય છે. લાઇબ્રેરીઓમાં હજારો પુસ્તકો તેના વાચકોની રાહ જોયા કરતાં હોય છે. ઘણાને તો વાચકો વરસો સુધી સ્પર્શ પણ કરતા નથી. તેમાં ક્યારેક પુસ્તકનાં પોતાનાં લક્ષણો એટલે કે તેમાંનું લખાણ જવાબદાર હોય છે તો કવચિત વાચકોની માનસિકતા કારણભૂત બને છે. કોનું અને કોણે શું વાંચવું એ તેના પર આધાર રહે છે.

## પુસ્તક વિનાનો કોઈ દિવસ જ ન હોવો જોઈએ

અમારે પુસ્તક વિશે છેલ્લે દરેક જણને એટલું જ કહેવું છે કે જો તમારે સંતાનોને જીવનની અમૂલ્ય ભેટ આપવી હોય તો તેમને વાચનની આદત આપો અને પુસ્તકોની સોગાત-ભેટ આપો. જો તમે પુસ્તકપ્રેમી હો તો તમારાં સ્વજનો કે પ્રિયજનોને વારે-તહેવારે સારાં પુસ્તકોની ભેટ આપો.

પુસ્તક એ ઉત્તમ મિત્ર, ઉત્તમ ગુરુ અને ઉત્તમ પથદર્શક છે. પુસ્તક વિશે ઘણી બધી વાતો થઈ શકે છે અને કરવી પણ છે. યસ, પુસ્તક જીવન બદલી શકે છે...

### પરિવર્તન પુસ્તકાલયની ચાર દાયકાની યાત્રા હજી ચાલુ

કાંદિવલીના પરિવર્તન પુસ્તકાલયની સ્થાપના ૧૯૮૫માં થઈ હતી, કિંતુ પોતાની જગ્યાના અભાવે પુસ્તકાલયને દર થોડા વરસે સ્થળ બદલવું પડતું હતું. આ ૩૯ વરસોમાં ઘણી સંસ્થાઓએ પુસ્તકાલયની પ્રવૃત્તિ માટે સહયોગ આપ્યો, જયારે કે હવે આ પુસ્તકાલય કાંદિવલી એજયુકેશન સોસાઈટી સ્થાપિત ગુજરાતી ભાષા ભવનનો ભાગ બની ગયું છે. આ પુસ્તકાલયમાં ૭૦૦૦ થી વધુ ગુજરાતી-અંગ્રેજી-હિંદી પુસ્તકો છે, જેનો ઉદ્દેશ પણ ભાષા અને સાહિત્ય તેમ જ પુસ્તક પ્રેમને વિકસાવવાનો છે. આજે જયારે વધુ ને વધુ લોકો ટીવી,મોબાઈલ તેમ જ સોશિયલ મીડિયાના વ્યસની બની ગયા છે, તેમને સરળતાથી અનેક પુસ્તકો ઉપલબ્ધ બનાવી પુસ્તક તરફ વાળવાનો હેતુ છે. પુસ્તક માણસના જીવનમાં પરિવર્તન લાવી શકે છે, તેથી જ આનું નામ પણ પરિવર્તન પુસ્તકાલય રાખવામાં આવ્યું છે. ■

# સાહિત્ય વિનાના સમાજની કલ્પના જ ન થઈ શકે




ડો. ભુપેન્દ્રસિંહ અભાણી

આપણી સંસ્કૃતિની જલતી મશાલ એટલે સાહિત્ય. સાહિત્ય અને સમાજનો અન્યોન્ય આશ્રિત સંબંધ છે. સાહિત્ય એ સમાજનું દર્પણ છે. સાહિત્ય વિનાના સમાજની કલ્પના જ ન થઈ શકે. તેથી જ કહેવાયું છે કે : અંધકાર હૈ વહાં જહાં આદિત્ય નહીં હૈ ! મુર્દા હૈ વહ દેશ જહા સાહિત્ય નહીં હૈ !!

તા. ૨૩ એપ્રિલ એટલે ‘‘વિશ્વ પુસ્તક દિન’’ વિશ્વ પ્રસિદ્ધ નાટ્યલેખક વિલિયમ શેકસપિયરનો જન્મ તથા મૃત્યુ એક જ દિવસે તારીખ ૨૩ એપ્રિલના રોજ થયું હતું. તેની યાદમાં ૨૩ એપ્રિલ ૧૯૯૫ થી વિશ્વ પુસ્તક દિન મનાવવામાં આવે છે. આપણે ત્યાં પ્રાચીન સમયથી પુસ્તકો-ગ્રંથોનો અનેકવિધ રીતે મહિમા ગવાયો છે.

માનવી પોતાના વિચારો વ્યક્ત કરતા શીખ્યો પછી એ વિચારો લાગણીઓને સંઘરી રાખી અન્ય સુધી પહોંચાડવાની તેને ઈચ્છા થઈ. સ્વાનુભવને સર્વાનુભવ બનાવવાની અને અન્યની અનુભૂતિ બધે પહોંચાડવા તેણે જુદા જુદા માધ્યમો શોધી કાઢ્યા. લિપિની શોધ થતા અને ભાષાના વિકાસની સાથે પુસ્તકનું અવતરણ થયું. ભોજપત્ર પછી હસ્તપ્રત પછી મુદ્રિત પુસ્તકો મળવા લાગ્યા. એ સમયે હસ્તપ્રતો લહિયાઓ દ્વારા લખાતી જેના ફોટોગ્રાફસ આ સાથે જોવા મળે છે. આવી અસંખ્ય હસ્તપ્રતો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના હસ્તપ્રત ભંડારમાં સ્વ. શ્રી રતુદાનભાઈ રોહડીયા એ ઘણી જહેમત થી એકઠી કરેલી સચવાયેલી છે.

આપણા સ્વાતંત્ર્ય સેનાની શ્રી લોકમાન્ય તિલકે કહેલું કે ‘‘હું નર્કમાં પણ સારા પુસ્તકોનું સ્વાગત કરીશ, એ હશે ત્યાં સ્વર્ગ આપોઆપ સર્જાશે.’’ તો સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કેઃ ‘‘સારા પુસ્તકો વિનાનું ઘર સ્મશાન જેવું છે.’’ પૈસાને બહુ પ્રેમ કર્યો હવે પુસ્તકને થોડો પ્રેમ કરી લો. ■



વિશ્વ પુસ્તક દિવસ



# મહાભારતઃ જય-વિજય વચ્ચેનો ફર્ક સમજાવતો વ્યવહારિક વેદ



કાજલ ઓઝા વૈદ્ય

કોઈએ એકવાર પૂછેલું :

'તમારું પ્રિય પુસ્તક કયું?'

હું સાચે જ વિચારમાં પડી ગયેલી... મારી અંગત લાઈબ્રેરીમાં દસ હજારથી વધુ પુસ્તક છે. ગુજરાતી સાહિત્ય પરિષદના લાઈબ્રેરિયન બહેનને બોલાવીને મેં એ પુસ્તકોને કોડિંગ કરાવ્યાં છે. જેમ કોઈ પણ ઓર્ગેનાઈઝ્ડ-સુવ્યવસ્થિત લાઈબ્રેરીમાં મળે એવી જ રીતે મારે ત્યાં પુસ્તક એના ટાઈટલ પરથી, લેખકના નામ પરથી બંને રીતે શોધી શકાય એવું સોફ્ટવેર મેં મારા કોમ્પ્યુટરમાં ઈન્સ્ટોલ કરેલું છે. મારી લાઈબ્રેરીમાં ગુજરાતી રંગભૂમિનો ઈતિહાસ છે, રામાયણ-મહાભારત સહિત તમામ પુરાણ છે. ઉપનિષદો છે. ચાર વેદની સાથે કુરાન પણ છે. સાંઈ સચ્ચરિત્ર પણ છે અને લોલિતા પણ છે.

કામસૂત્ર પણ છે અને નરસિંહના ભજનો પણ છે...

હવે આમાં, પ્રિય પુસ્તક કોને કહેવું?!

મારા એક મિત્રએ આવીને આ લાઈબ્રેરી જોઈને મને પૂછેલું : 'આ બધું તેં વાંચ્યું છે?' ત્યારે સ્વયં પર આશ્ચર્યચકિત થઈને મેં હા પાડેલી. પ્રવાસમાં મારી સાથે ખાખરા, થેપલાં, અથાણાં હોય કે ન હોય, પુસ્તક તો હોય જ! મારા દીકરા સહિત અને નવી ટેક્નોલોજી સાથે જોડાયેલા લોકો મને 'કિન્ડલ' પર વાંચવાનો આગ્રહ કરે છે. 'નાનકડા આઠ ઈંચ બાય ચાર ઈંચના રમકડા'માં બે હજાર પુસ્તકો સમાઈ જતા હશે, પણ એમાં શાહીની સુગંધ અને ખરબચડા કાગળનો સ્પર્શ નથી હોતો. બુક માર્ક મૂકવાની મજા અને પુસ્તકની સાથે રોમાંચ, કવર પેજ યાદ રાખવાની એક નવી જ કસરત... આ 'બધું કિન્ડલ'માં ક્યાં મળે?

આટલાં બધાં પુસ્તકો વાંચ્યા પછી પણ જો મારે કોઈ એક પુસ્તક ફરી ફરીને વાંચવાનું હોય અથવા મારી પાસે કશું જ વાંચવાનું ન હોય ત્યારે મારે કંઈક 'વાંચવું' જ હોય ત્યારે હું દરેક વખતે 'મહાભારત' તરફ વળું છું. સસ્તું સાહિત્યનું આઠ ભાગમાં વહેંચાયેલું 'મહાભારત' હોય કે ૨૦ ભાગમાં દિનકર જોશીએ કરેલા શ્લોકાનુવાદથી શરૂ કરીને, હરિન્દ્ર દવેનું પુસ્તક 'કૃષ્ણ અને માનવ સંબંધો'-નાનાભાઈ ભટ્ટના મહાભારતનાં પાત્રો-ક.મા. મુનશીનું 'કૃષ્ણાવતાર' અને પન્નાલાલ પટેલનું 'પાર્થને કહો ચઢાવે બાણ' જેવાં ગુજરાતી પુસ્તકોથી મારી શરૂઆત થઈ. એ પછી દેવદત્ત પટનાયક, આનંદ નિલકંઠન અને અમી ગણાત્રા સુધી સૌના જુદાં જુદાં અર્થઘટન સાથે જોડાયેલાં આ પુસ્તકો મને ખૂબ આકર્ષે છે. આનંદ નિલકંઠનના 'અજેય' અને 'રાઈઝ ઓફ કલિ'માં દુર્યોધનના પોઈન્ટ ઓફ વ્યૂથી- દૃષ્ટિથી મહાભારત કહેવાયું છે તો શિવાજી સાવંતે એના 'મૃત્યુંજય'માં કર્ણની કથા કહી છે. 'પેલેસ ઓફ ઈલ્યુઝન'માં ચિત્રાદેવ બેનર્જી દેવકરુણી દ્રૌપદી અને ધૃષ્ટદ્યુમ્નના સંબંધો સાવ જુદી રીતે આપણી સામે મૂકી આપે છે. પોતાના ભાઈને 'ધ્રુ' કહીને બોલાવે છે જેમ આજની કોઈ યુવતી જિજ્ઞેશ કે જયેશને 'જે' કહીને બોલાવે તેમ!


ગુજરાતીના ખૂબ જ લોકપ્રિય અને સંવેદનશીલ કવિ વિનોદ જોશીની 'સૈરંધ્રી' પણ આવું જ એક દીર્ઘકાવ્ય છે. એમાં દ્રૌપદીના મનની વાતને એમણે સાવ જુદા જ પરિપ્રેક્ષ્યમાં આપણી સામે મૂકી છે. અને અંતે, ગુણવંત શાહનું 'માનવ મનની નબળાઈનું મહાકાવ્ય-મહાભારત' પણ બહુ રસપ્રદ રીતે મહાભારતને આપણી સામે ઉઘાડી આપે છે.

૨

'મહાભારત' ગમવાનાં કેટલાંક કારણ છે. આમ જોવા જાઓ તો આ એક એવું પુસ્તક છે જેમાં એક પુત્ર બ્રહ્મચર્યનું વ્રત લે છે, કારણ કે પિતા પોતાની પ્રેમિકા સાથે પરણી શકે, એની પણ પહેલાં એક પુત્ર પોતાના પિતાને ભોગવિલાસ માણવા માટે પોતાની યુવાનીની ભેટ આપે છે... એક સમયમાં જેની ગંગા જેવી પત્ની રહી છે એ એક માછીમારની દીકરી તરફ આકર્ષાય છે. ધનુર્વિદ્યાની હરીફાઈમાં પોતાની દીકરીને ઈનામ તરીકે મૂકનારો પિતા એને 'સ્વયંવર'નું નામ આપે છે, પરંતુ પુત્રીને સ્વયં-વર પસંદ કરવાનો અધિકાર નથી મળતો. એક ગુરુ-ઋષિ, અજાચક બ્રાહ્મણ એક રાજા ઉપર પ્રતિશોધ લે છે અને એ પણ પોતાના શિષ્યોને સાધન બનાવીને. ગુરુ દક્ષિણા સ્વરૂપે દુશ્મનને હરાવવાની શર્ત મૂકે છે ને સામે પોતાના શિષ્યની અસુરક્ષાની ભાવનાને ઘટાડવા માટે એના જેવા જ શ્રેષ્ઠ ધનુર્ધરનો અંગૂઠો માગી લે છે. એક સ્ત્રી યુવાવસ્થામાં મળેલા વરદાનને પોતાના સંતાનને જન્મ આપવા માટે અક્ષમ પતિની સામે દેવોનું આહ્‌વાન કરીને પુત્રોને જન્મ આપે છે, પરંતુ બ્રહ્માના વરદાનને કારણે જેમ બુધ્ધ બ્રહ્માનો પુત્ર કહેવાયો તેમ આ પાંડુના પુત્રો ન હોવા છતાં પાંડુના પુત્રો કહેવાય છે. પતિ અંધ હોવાને કારણે પત્ની અંધત્વ સ્વીકારે છે અને અંધ માતા-પિતાના પુત્રો મોહ, લાલસા અને અહંકારમાં અંધ બની જાય છે... નવું નગર વસાવવા માટે જંગલ નષ્ટ કરવામાં આવે છે. એક આખી પ્રજાતિને નેસ્ત નાબૂદ કરી નાખવામાં આવે છે, પરંતુ એમાંથી બચી ગયેલા લોકો એમનાય પુત્રોના પુત્રો પર પ્રતિશોધ લેવા માટે એના મૃત્યુનું કારણ બને છે... કેટકેટલી કથાઓ અને કથાઓની પેટા કથાઓ!

અંતે, એક અલૌકિક અદભૂત, અવર્ણનીય, અવિસ્મરણિય અને સતત આશ્ચર્યચકિત કર્યા કરે એવું પાત્ર-કૃષ્ણ! કુશળ રાજનીતિજ્ઞ છે-ખટપટિયા નથી. રસિક છે, લંપટ નથી. ધર્મને નામે યુદ્ધ કરવાનો ઉપદેશ આપે છે, પરંતુ સ્વયં હથિયાર ઉપાડતા નથી. પ્રત્યેક ક્ષણે પોતાના અસ્તિત્વની અનુભૂતિ કરાવે છે તેમ છતાં કથામાં ક્યાંય નથી.

મહાભારતની કથા શીખવે છે કે, અસ્તિત્વનું પ્રયોજન પુણ્ય સંચિત કરવાનું નથી, પરંતુ જ્ઞાનથી સ્વયંને ઉજ્જવળ કરવાનું છે. આપણે સ્વયંને સતત પૂછતા રહેવાનું છે. પ્રત્યેક કાર્ય વિશે સભાન અને સજાગ રહીને જો વ્યવહાર થઈ શકે તો કર્મો સંચિત થતા નથી. આપણે જે કંઈ પણ કરીએ છીએ એવું શા માટે કરીએ છીએ-એ પ્રશ્નના ઉત્તરને આપણે જ્યારે હૃદયમાં પ્રસ્થાપિત કરીએ છીએ ત્યારે આપણે જન્મ અને મૃત્યુનાં ચક્રમાંથી મુક્ત થઈએ છીએ અને શાંતિ પ્રાપ્ત કરીએ છીએ.




મહાભારતનું મૂળ નામ 'જય' છે. વેદ વ્યાસે આપેલા નામનો અર્થ કાઢવા જઈએ તો આપણને સમજાય કે, એ ગ્રંથ યુદ્ધની કથા નથી, યુદ્ધાંતે વિષાદની કથા છે. આપણા તમામ યુધ્ધ આપણા ભય અને અસુરક્ષામાંથી જન્મે છે. જે નથી મળ્યું તે મેળવવાનો પ્રયાસ અને જે છે તે ટકાવાનો પ્રયાસ માનવ માત્રને યુદ્ધ કરવા પ્રેરે છે. યુદ્ધનો અંત જય અથવા પરાજય છે. કોઈ એક પક્ષનો વિજય અન્યનો પરાજય, કોઈ એકનો પરાજય અન્યનો વિજય છે! માટે નિશ્ચિત જ છે કે બંને પક્ષ કદી જીતી નહીં શકે... એવી જ રીતે બંનેનો પરાજય પણ વ્યવહારિક રીતે શક્ય નથી, પરંતુ બંને પક્ષે જે ગૂમાવ્યું છે એમાં અંતે જીતનારનો પણ પરાજય જ છે એ સંદેશ આપણને મહાભારત આપે છે. આ વિશ્વમાં બે પ્રકારની જીત છે. જય અને વિજય! ભૌતિક જીતને વિજય કહેવાય છે, જેમાં કોઈ પરાજિત પણ થાય છે, થવું જોઈએ તો જ ભૌતિક વિજય કહી શકાય, પરંતુ જય અધ્યાત્મિક જીત છે, જેમાં કોઈપણ પરાજિત થતું નથી, થવું જોઈએ નહીં. કુરુક્ષેત્રમાં 'વિજય' તો થયો, પણ 'જય' ન થયો.

મહાભારત મારા પ્રિય પુસ્તકોમાંનું એક નથી-પરંતુ મારું પ્રિય પુસ્તક છે. એનાં બે કારણ છે.... એક, એ પુસ્તક જીવનને સ્પર્શીને, જિંદગીને ઘસાઈને, સંબંધોને સ્પર્શીને લખાયું છે. આજથી પાંચ હજાર વર્ષ પહેલાં પણ લખાયું હોય તો ય, આજે પણ એટલું જ સત્ય અને પ્રસ્તુત છે. બીજું, એમાં કૃષ્ણ છે. એમાં ભગવદ્ ગીતા છે, જે 'લેસન ઓફ લાઈફ' છે. જન્મ લેવાનો ઉદ્દેશ્ય, જીવનનું ધ્યેય અને મૃત્યુનો સહજ સ્વીકાર આ ત્રણ વાત જે પુસ્તક આપણને શીખવે છે એનું નામ ભગવદ્ ગીતા છે અને એ મારા પ્રિય પુસ્તક 'મહાભારત'નો અભિન્ન હિસ્સો છે. ■

# ગુજરાતી પુસ્તકોઃ ખાધેપીધે સુખી પ્રજાનો એક્સ-રે




સંજય છેલ

એક મહાન અંગ્રેજી સાહિત્યકારના ઘરમાં મોટી લાઇબ્રેરી હતી. એકવાર એક વિદ્યાર્થીએ લાઇબ્રેરી જોઇ ચોંકી ગયો. એણે સાહિત્યકારને ભોળાભાવે પૂછ્યું : 'આટલી મોટી લાઇબ્રેરી તમે કઇ રીતે બનાવી? મને એક-બે બુક વાંચવા આપશો?'

સાહિત્યકારે હસીને કહ્યું : 'સોરી.. બીજા પાસેથી વાંચવા માગેલી બુક્સ ભેગી કરી કરીને જ તો મેં આવડી મોટી લાઇબ્રેરી બનાવી છે!'

મોટાં ભાગનાં માણસો, જે લેખકો બનવામાંથી બચી ગયા છે એ લોકો પણ આવી જ વૃત્તિ ધરાવે છે. સમૃદ્ધ ગુજરાતી લોકો ગુજરાતી પુસ્તકો ખરીદતી વખતે જ કેમ અચાનક દરિદ્ર બની જાય છે? આજે 'વિશ્વ પુસ્તક દિવસ' છે તો મને કહેવા દો કે




આવા માહોલમાં 'મુંબઇ સમાચાર' અખબાર અને મુંબઇનાં તમામ પ્રકાશકો વરસે-બે વરસે મુંબઇમાં વિસરાતી ગુજરાતી ભાષામાં પુસ્તક મેળાઓ યોજે છે તો યે એમાં 'પુસ્તકો કેટલાં મોંઘા છે' થી માંડીને ગુજરાતીમાં સારાં પુસ્તકો લખાય છે જ ક્યાં?' જેવાં બહાનાં સાંભળવાં મળે છે. જે ગુજ્જુ પ્રજાને ગુજ્જુ લોકો પર કે ગુજ્જુ બૈરાંઓ પર સતત જોક મારતાં નાટકોને ૫૦૦ રૂ.ની ટિકિટ ખરીદીને જોવામાં વાંધો નથી આવતો, એમને પુસ્તક ખરીદતી વખતે જ કેમ અચાનક ગરીબી નડે છે? જેમને ૪૦૦-૫૦૦.રૂની ટિકિટ ખર્ચીને શનિ-રવિમાં હિંદી ફિલ્મો જોવામાં કે ૮૦૦-૧૦૦૦ રૂ.ની થાળી ખાવામાં વાંધો નથી આવતો એમને માત્ર ૧૦૦-૨૦૦ રૂ.ની બુક્સ કેમ મોંઘી લાગે છે? જેમને બુક્સ ખરીદીને નથી જ વાંચવી એમની સ્ટાન્ડર્ડ દલીલ છે કે ગુજરાતી પુસ્તકોની કક્ષા સારી નથી! તો એ બધાને પૂછવાનું મન થાય કે તમે કેટલી હિંદી, ઉર્દૂ, મલયાલી કે બંગાળી કિતાબો ખરીદીને વાચી છે? એક-બે અંગ્રેજી બેસ્ટ-સેલર બુક્સ વાંચીને ભારતીય ભાષા માટે બેફામ ફતવાઓ આપવા એ હવે સ્ટાઇલ બની ગઇ છે.

કોલકતા શહેરમાં આજે ય દર વરસે પુસ્તકમેળાઓ થાય છે. તાજેતરમાં જ ત્યાં એક કે બે નહિં, પણ ૨૮ કરોડ રૂપિયાના અધધધ પુસ્તકો ૧૦ દિવસમાં વેંચાયા, જે વળી ગયાં વરસ કરતાં ૩ કરોડ વધારે હતા! ત્યાં લગભગ વાનખેડે ક્રિકેટ સ્ટેડિયમ જેવાં મોટાં મેદાનમાં ૧૦ દિવસ બુક ફેર યોજાય છે અને પુસ્તકપ્રેમી બંગાળીઓ સવાર-સાંજ સર્પાકારે લાઇનો લગાવે છે. બુક ફેરમાં રોજ ૪-૪ કલાકે, નવાં-જૂનાં પુસ્તકો વિશે સાહિત્યિક ચર્ચાનાં મેગેઝિનો રોજ પ્રગટ થાય છે! વળી બંગાળમાં ઘરનાં દરેક સભ્ય ટાગોર કે શરદચંદ્રનાં પુસ્તકોની પોતપોતાની કોપીઓ ખરીદે છે. એટલે દીકરો-દીકરી કે મા ને બાપ, સહુ પોતપોતાનાં અલગ સેટ ખરીદે છે!

પુસ્તકપ્રેમી બંગાળીઓ, દીકરીને લગ્નમાં ઘરેણાં-કપડાં સાથે લેખકોનાં સેટ ભેટમાં આપે છે કારણ કે આપણી જેમ એ લોકો 'અમે લોકો કેવા સમૃદ્ધ કે પૈસાવાળાં' એવાં બનાવટી બણગાં ફૂંકવાવાળા નથી પણ ખરેખર બુક્સ ખરીદીને વાંચવામાં માને છે. મધ્યમવર્ગીય નોકરીપેશા બંગાળીઓ પણ લાખો-કરોડોની કિતાબો દાયકાઓથી ખરીદે છે, ગુજરાતીઓની જેમ બહાનાં નથી બનાવતા.

હમણાં પાછી દલીલ એ પણ છે કે આજકાલ ગુજરાતીમાં માત્ર મોટીવેશનલ પુસ્તકો (એટલે કે '૧૦૦ દિવસમાં સફળતાની ચાવીઓ' - 'જીવનમાં શાંત થવાનાં સુવર્ણ ઉપાયો'વાળી બુક્સ) જ વધુ જોવા મળે છે અને વેંચાય છે.

આને કારણે સાહિત્યિક લેખકોને દુઃખ થાય અને થવું પણ જોઇએ, પણ શું થાય? સુખી ગુજરાતીઓમાં સૌને 'સફળ અને પૈસાદાર' જ થવું છે. કોઇને પાકશાસ્ત્ર ગમે તો કોઇને પૈસાદાર થવું છે. આ વાત જ સમાજની માનસિકતાનો એક્સ-રે છે. વળી જે સાહિત્યિક લેખકો કે વિદ્વાનો આવાં પુસ્તકો વિશે સતત ચિંતા દેખાડે છે એ પોતે પણ ૫૦૦ રૂ.ની ખરીદી કર્યા વિના બૂક ફેરમાંથી ખાલી હાથે પાછા ફરતાં હોય છે. વચ્ચે અમદાવાદનાં એક ગુજરાતી બુકફેરમાં જાણે કોઇ ફેરિયો 'રસ્તે કા માલ સસ્તેમે' કહીને માલ વેંચતો હોય એમ ક્યાંક ૧૦૦રૂ.માં ૩ પુસ્તક મળતા હતાં તો 'પુસ્તકો મોંઘા છે' કહેનારી પ્રજાને પુસ્તકો સસ્તાં હોય; એમાં પણ ઇસ્યૂ થયો ને સોશિયલ મીડિયા પર મજાકો થઇ.

બીજી બાજુ, એક ગાંધીવાદી અને નફા વિના પડતર ભાવે પુસ્તક વેંચનાર પ્રકાશકે મને કહેલું કે 'ગુજરાતી લોકો ૧૦રૂ.ની બુક પર પણ ડિસ્કાઉન્ટ માગે છે!' એક કહેવાત લોકપ્રિય લેખક પોતે ઝોળી ઉપાડીને મેળામાં પુસ્તકો લાવેલા અને વાચકોને ઓટોગ્રાફ આપવાની ઓફર કરેલી તો લોકોને લાગ્યું કે લેખક ઓટોગ્રાફ સાથે બુકની કોપી પણ ફ્રીમાં આપશે અને માંગી પણ ખરી! ખરેખર જો એ બિચારો લેખક, પોતાની બુક ફ્રીમાં આપે તો એ લોકો ફરિયાદ કરશે કે લ્યો, એક જ કોપી આપી? એક્સ્ટ્રા કોપી આપતાં એનું શું જાય છે?! ટૂંકમાં, સરકારે કે કોઇ સંસ્થાએ આદરેલી કોઇપણ પ્રવૃત્તિની ટીકાઓ કરવી કે મજાક કરવી બહુ આસાન છે. અઘરું તો છે કે 'પુટ યોર મની વ્હેર યોર માઉથ ઇઝ !' જેટલું આપણું મોઢું ચાલે છે પણ એટલો હાથ નથી ચાલતો ખિસ્સામાંથી પૈસો કાઢવામાં! પુસ્તકમેળામાં મફતનાં કવિ સંમેલનમાં ૨૦૦-૩૦૦ લોકોની ભીડ જમા થઇ શકે પણ એ જ ભીડ, પુસ્તકો ખરીદવામાં ખાલી આંટો મારીને ધીમા કદમે ભાગી જાય છે..

'અરેરે આપણે ત્યાં પુસ્તકો સાવ કેવાં છે?' 'આજનું સાહિત્ય સાવ કેવું વાહિયાત છે', વગેરે બોલતાં પહેલાં આપણે યાદ કરી લેવું કે આ બધું આપણું જ પ્રતિબિંબ છે. કિતાબો ના ખરીદવાનાં સેંકડો બહાનાઓ મળશે, પણ કિતાબો લખવામાં-વખાણવામાં કે ખરીદવામાં જીગર જોઇએ છે. છ કે સાડા છ કરોડ ગુજરાતીઓ, એક સારાં પુસ્તકની માત્ર ૨૦૦૦ કોપી પણ ના ખરીદી શકતી હોય ત્યારે શું કહેવું? શેની સમૃદ્ધ પ્રજા કે શેની ગુજરાતી અસ્મિતાની વાતો? હા, આ બધું વાંચવુ કે મારા માટે લખવું ય કડવું છે, પણ ખરેખર તો કાતિલ સત્ય છે. 'ગુજરાતી અસ્મિતા' મહાન છે ને રહેશે પણ અત્યારે તો એ કેવળ વોટબેંક માટે જ વપરાય. ખેર, હવે આપણાં વિચારોમાં પણ ઊતરી આવે તો જ ખરી એ અસ્મિતા..! ■

# દિલ સે બેહતર કોઈ કિતાબ નહીં

## પુસ્તકને માણસની જેમ અને માણસને પુસ્તકની જેમ વાંચવાની મજા



દીપક સોલિયા

આ એક જૂનો ટુચકો છે. બે કૂતરાં ઉકરડામાંથી કશુંક ખાઈ રહ્યા હતા. એકના મોઢામાં ફિલ્મની પટ્ટી આવી. બીજાએ પૂછ્યું, કેવી લાગે છે ફિલ્મ? પેલાએ પટ્ટી ચાવતાંચાવતાં કહ્યું, પુસ્તક જેવી મજા નહીં.

આ તો ટુચકો છે અને વાત શ્વાનની છે. બાકી અસલી માણસનો અસલી સ્વભાવ એવો છે કે એને ફિલ્મો પણ ભાવે અને પુસ્તકો પણ ફાવે. વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે પુસ્તકોને બિરદાવવાના બહાને ફિલ્મ-નાટક-ટીવી-મોબાઈલ-કમ્પ્યુટર વગેરેને વખોડવાનો મતલબ નથી. સાહિત્ય સર્વત્ર છે. એ તો ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં, બાકી તો માધ્યમ કોઈ પણ હોય, મૂળ ચીજ છે, શબ્દ. મગજનો એક મહત્ત્વનો ખોરાક છે, શબ્દ.

માનસિક ખોરાકના મુખ્ય બે પ્રકાર છેઃ માહિતી અને પડકાર. આ બન્નેમાંથી મન પોષણ મેળવે, સક્રિય બને, મજબૂત બને. એક માણસના જીવનમાં કોઈ પડકાર ન હોય અને એના મગજમાં નવીનવી માહિતી ન ઉમેરાય તો એ ઝડપભેર મનથી વૃદ્ધ થતો જાય.

વિજ્ઞાન તો કહે જ છે કે માનસિક બુઢાપાને છેટો રાખવાનો એક બહુ ઉપયોગી રસ્તો છે રસ્તાઓ. હા, રસ્તાઓ. મગજમાં નવાનવા રસ્તાઓ -ન્યૂરોલોજિકલ પાથવેઝ- બનતાં રહે તો મન તરોતાજા, લવચિક, યુવાન રહે એ નિઃશંકપણે સાબિત થઈ ચૂકેલું સત્ય છે. નવી ભાષા શીખવી કે સંગીત શીખવું કે તરતાં શીખવું... કંઈ પણ નવું નવું શીખતા રહેવાથી જુવાન રહી શકાય.

મામલો નાવિન્યનો છે અને નાવિન્ય માટેનું હાથવગું સાધન છે પુસ્તક. પુસ્તકની આંગળી પકડીને માણસ નીતનવા પ્રવાસ ખેડી શકે. એ રીતે જોતાં પુસ્તકપ્રેમી નસીબદાર ગણાય. એને કલ્પનાની દુનિયામાં ફરવા જવા માટે કોઈ માણસના સંગાથની જરૂર નથી. માણસ પ્રવાસમાં સાથે આવવા બાબતે નખરા કરે અને સાથે આવ્યા પછી લોહી પીએ... પુસ્તક આવાં નખરાં ન કરે. પુસ્તક ન ગમે તો એને આસાનીથી બાજુ પર રાખી શકાય. માણસોને દૂર હડસેલવા અઘરા પડે.

આ રીતે જોતાં એવું માનવાનું મન થાય કે માણસ કરતાં પુસ્તકો સારાં, પણ એક ડગલું આગળ વધીએ તો એ પણ સમજી શકાય કે છેવટે તો માણસથી ઉત્તમ પુસ્તક બીજું કોઈ ન હોઈ શકે. કઈ રીતે? આ રીતે...

એન્જિનિયરિંગની ટેક્સ્ટબુક જેવા હાડોહાડ નોન-ફિક્શન પ્રકારને બાજુ પર રાખીએ તો મોટા ભાગનાં, ફિક્શન કેટેગરીના, સાહિત્યિક પુસ્તકો છેવટે માનવકેન્દ્રી હોય છે. આપણને પુસ્તકો ગમે છે કારણ કે એમાં માણસની વાત હોય છે. માણસને માણસમાં રસ પડે. આમાં સમજવાનું એ છે કે જીવતા મનુષ્યમાં રસ પડવા ઉપરાંત એનાથી આપણને ત્રાસ પણ થાય, જ્યારે પુસ્તકમાંના માણસને આપણે અસલમાં વેઠવો નથી પડતો. કાલ્પનિક પાત્રના સ્વભાવના અણિદાર ખૂણા કે એના બદનની બદબૂ આપણે વેઠવાં નથી પડતાં. પુસ્તકમાંનાં પાત્રોને આપણે થોડે દૂરથી, કલ્પનાની નજરે નિહાળીએ છીએ, એમાં ઓતપ્રોત થઈએ છીએ અને એક પુસ્તકમાંથી પસાર થયા બાદ એમાંના માણસોના જીવનની વાતો જાણીને એક સમૃદ્ધ અનુભવ મેળવ્યાનો સંતોષ માણીએ છીએ.

ફાઈન. આમાં ખોટું કશું નથી, પણ બીજી તરફ, આવી જ રીતે, પુસ્તકોનાં પાત્રોની જેમ, થોડે દૂરથી આપણે જીવતા મનુષ્યોને પણ વાંચીએ તો કેવું?

તો ઘણું સારું.

સીધી વાત છે. પુસ્તકમાંની કથા ગમે તેટલી ઘટનાપ્રચૂર અને ચડાવ-ઉતારવાળી હોય તો પણ જીવતા મનુષ્ય જેટલી ધબકતી પરિવર્તનશીલતા એમાં ન અનુભવી શકાય. આપણી સાથે વાત કરતો માણસ હસતાંહસતાં અચાનક રડી પડે ત્યારે જો આપણે એને પુસ્તકની જેમ પૂરી તન્મયતાથી વાંચવા મથીએ, વાંચી શકીએ તો એ અનુભવ કોઈ પણ પુસ્તકના પઠન કરતાં વધુ સમૃદ્ધ બની રહે.

કહેવાય છે કે માનવચિત્તના ગહનતમ સ્તરોને ઉલેચવામાં રશિયન લેખક ફ્યોદોર દોસ્તોયેવસ્કીનો જોટો જડવો મુશ્કેલ છે. દોસ્તોયેવસ્કી આ લખનારનો પણ સૌથી પ્રિય લેખક છે. હવે જરા વિચાર કરો કે લખવામાં સૌથી ઉસ્તાદ એવા દોસ્તોયેવસ્કી એક માણસને જાણીને કે એની કલ્પના કરીને એના પરથી પુસ્તક રચે અને પછી એ પુસ્તક આપણે વાંચીએ ત્યારે આપણી અને પુસ્તકના પાત્રની વચ્ચે દોસ્તોયેવસ્કી માધ્યમ બને છે. એ લેખક આપણને પાત્ર સાથે જોડનારી કડી બને છે. પરંતુ આપણી સામેની વ્યક્તિને વાંચતી વખતે વચ્ચે કોઈ માધ્યમની જરૂર નથી રહેતી. એ સીધો સંબંધ હોય છે. એ માણસ પાનાં પર થઈને તમારી સમક્ષ રજૂ નથી થતો. એ સીધેસીધો તમારી સમક્ષ જીવતો હોય છે. એને જો તમે શાંતિથી, રસથી, પ્રેમપૂર્વક, પુસ્તકની જેમ વાંચવા મથો તો એમાં નિત્યનવીન નદીનું વહેણ તમે જોઈ શકો. કોઈ જીવતી વ્યક્તિના આત્મામાં ઝાંકી શકવાનો અનુભવ જેવોતેવો નથી હોતો.

પુસ્તકનાં પાત્રોને આપણે ધબકતાં અનુભવી શકીએ છીએ, પરંતુ ધબકતાં માનવીને પુસ્તકનાં પાત્રોની જેમ આપણે વાંચી શકીએ છીએ ખરા? આ કળા શીખવા જેવી છે. આ ક્ષમતા વિકસાવવા જેવી છે. એનો સૌથી મોટો લાભ એ છે કે માણસને પુસ્તકની જેમ વાંચવાથી આપણામાં એ અનાસક્તિ વિકસી શકે જે સ્વસ્થ જીવન માટે ઘણી કામની ચીજ છે.


પ્રત્યેક માણસનું જીવન ભલભલી નવલકથાથી ઓછું નથી હોતું. સાવ જ સામાન્ય અને સપાટ જિંદગી પણ અસલમાં, અંદરખાને કેટલી સમૃદ્ધ હોય છે એ જો આપણને જોતાં-વાંચતાં આવડી જાય તો આપણે વધુ સ્વસ્થ રીતે જીવી શકીએ.

પુસ્તકોમાંથી મેળવવા જેવી સૌથી મહત્ત્વની ચીજ આ છેઃ પઠનની રીત. પુસ્તકો વાંચીને શીખેલી પઠનપદ્ધતિ તમે માણસના પઠનમાં પણ લાગુ પાડો ત્યારે તમે માણસોમાંથી વધુ પામી શકો છો, વધુ સ્વસ્થ બની શકો છે, સમતાપૂર્વક લોકો સાથે પનારો પાડવાનું શીખી શકો છો.

સઈદ રાહીનો એક શેર છેઃ ગાહે-ગાહે ઇસે પઢા કીજે, દિલ સે બેહતર કોઈ કિતાબ નહીં. ક્યારેક ક્યારેક એને વાંચતો રહો. દિલથી સારી કોઈ ચોપડી નથી.

વાત થોડી અઘરી છે અને આ મુદ્દે હજુ ઘણું વધુ મંથન થઈ શકે, પણ બાકીની વિચારણા તમારા પર છોડું છું. મુદ્દો આટલો જ છેઃ પુસ્તક જાણે જીવતું હોય એમ એને વાંચીએ અને માણસ જાણે હાથમાં રહેલું પુસ્તક હોય એમ એને વાંચીએ તો જબરો જલસો પડી શકે. શું કહો છો?

બાકી, આજના દિવસે પુસ્તકને વંદન. માનવીને વંદન. ■






# ગુજરાત ટાઇટન્સે પંજાબ કિંગ્સને ત્રણ વિકેટથી હરાવ્યું, રાહુલ તેવટિયાની શાનદાર ઈનિંગ

મુલ્લાનપુરઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની ૩૭મી મેચ પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે રમાઈ હતી. બંને ટીમો વચ્ચેની આ મેચ મુલ્લાનપુરના મહારાજા યાદવેન્દ્ર સિંહ ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં ગુજરાત ટાઇટન્સે પંજાબ કિંગ્સને ત્રણ વિકેટે હરાવ્યું હતું. આ સાથે ગુજરાત ટાઇટન્સે આ સીઝનમાં ચાર જીત મેળવી છે. આ પહેલા પંજાબ કિંગ્સના કેપ્ટન સેમ કુરેને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા આવેલી પંજાબ કિંગ્સની આખી ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૪૨ રન સુધી જ સિમિત રહી હતી. પંજાબ કિંગ્સ માટે ઓપનર પ્રભસિમરન સિંહે સૌથી વધુ ૩૫ રન કર્યા હતા. ગુજરાત ટાઇટન્સ તરફથી સાઈ કિશોરે સૌથી વધુ ચાર વિકેટ લીધી હતી. લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ગુજરાત ટાઇટન્સ ટીમે ૧૯.૧ ઓવરમાં સાત વિકેટ ગુમાવીને લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. ગુજરાત ટાઇટન્સ માટે સ્ટાર બેટ્સમેન રાહુલ તેવટિયાએ સૌથી વધુ ૩૬ અણનમ રનની ઇનિંગ રમી હતી. પંજાબ કિંગ્સ તરફથી હર્ષલ પટેલે સૌથી વધુ ત્રણ વિકેટ ઝડપી હતી.



આ મેચ જીતીને ગુજરાતની ટીમે પોઈન્ટ ટેબલમાં મોટી છલાંગ લગાવી છે. આ ટીમ હવે ૮મા સ્થાનેથી છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે. ગુજરાતના હવે ૮ પોઈન્ટ છે. બીજી તરફ પંજાબની ટીમની ૮ મેચમાં આ છઠ્ઠી હાર છે. આ ટીમ હવે ૯માં નંબર પર છે. આ મેચમાં પંજાબ કિંગ્સે પ્રથમ બેટિંગ કરતા ૧૪૩ રનનો ટાર્ગેટ આપ્યો હતો જેના જવાબમાં ગુજરાતની ટીમે ૭ વિકેટ ગુમાવીને ૧૪૬ રન કરીને મેચ જીતી લીધી હતી.

ટીમ તરફથી રાહુલ તેવટિયાએ અણનમ ૩૬, શુભમન ગીલે ૩૫ અને સાઈ સુદર્શને ૩૧ રન કર્યા હતા. જ્યારે પંજાબની ટીમ તરફથી હર્ષલ પટેલે ૩ અને લિયામ લિવિંગસ્ટોને ૨ વિકેટ ઝડપી હતી. અર્શદીપ સિંહ અને સેમ કુરનને ૧-૧ સફળતા મળી હતી. મેચમાં પંજાબ કિંગ્સની શરૂઆત સારી રહી હતી. પ્રભસિમરન સિંહે ૨૧ બોલમાં ૩૫ રન અને સેમ કુરને ૨૦ રન કર્યા હતા. ટીમે ૫૨ રનમાં પ્રથમ વિકેટ ગુમાવી દીધી હતી. સતત પડતી વિકેટોને કારણે આખી ટીમ દબાણમાં આવી ગઈ હતી. પરંતુ અંતે ૯માં નંબરે આવેલા હરપ્રીત બ્રારે ૧૨ બોલમાં ૨૯ રન કરીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. ગુજરાતની ટીમ તરફથી સ્પિનર સાઈ કિશોરે ચાર વિકેટ ઝડપી હતી. જ્યારે નૂર અહેમદ અને મોહિત શર્માએ ૨-૨ વિકેટ લીધી હતી. ■

## મુંબઈ સામે રાજસ્થાનને જીતવા મળ્યો ૧૮૦ રનનો ટાર્ગેટ



જયપુરઃ જયપુરના સવાઈમાન સિંહ સ્ટેડિયમમાં ઇન્ડિયન પ્રિમિયર લીગની મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનું પસંદ કર્યા બાદ મુંબઈ ઈન્ડિયન્સે રાજસ્થાન રોયલ્સને ૧૮૦ રનનો ટાર્ગેટ આપ્યો હતો. મુંબઈની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી.

૮મી ઓવરમાં ૪ બેટ્સમેન માત્ર ૫૨ રન કરીને પેવેલિયન પરત ફર્યા હતા. આ પછી નેહલ વઢેરા અને તિલક વર્માએ ૯૯ રનની ભાગીદારી કરી હતી. વઢેરાએ ૪૯ અને તિલકે ૬૫ રન કર્યા હતા. જોકે રાજસ્થાને છેલ્લી ઓવરોમાં શાનદાર વાપસી કરી હતી. સંદીપ શર્માએ ૧૮ રનમાં ૫ વિકેટ ઝડપી હતી.

તિલકે ૪૫ બોલમાં ૬૫ રનની અડધી સદીની ઇનિંગ રમી હતી. જ્યારે વઢેરાએ ૨૯ બોલમાં ૪૯ રનની શાનદાર ઇનિંગ રમી હતી. રાજસ્થાન તરફથી ઝડપી બોલર સંદીપ શર્માએ ૫ વિકેટ લીધી હતી. જ્યારે ટ્રેન્ટ બોલ્ટે ૨ વિકેટ લીધી હતી. જ્યારે અવેશ ખાન અને યુઝવેન્દ્ર ચહલને ૧-૧ સફળતા મળી હતી.

મુંબઇ માટે શરૂઆત સારી રહી ન હતી કારણ કે ટીમના બંને ઓપનિંગ બેટ્સમેન માત્ર ૬ રનના સ્કોર પર પેવેલિયન પરત ફર્યા હતા. ઈશાન કિશન આ મેચમાં કોઈ રન કરી શક્યો નહોતો, તો બીજી તરફ રોહિત શર્માએ ૬ રન કર્યા હતા. આ મેચમાં સૂર્યકુમાર યાદવને ૧૦ રનના સ્કોર પર સંદીપ શર્માએ આઉટ કર્યો હતો. ■

# ભારતીય ગ્રાન્ડમાસ્ટર ગુકેશે કેન્ડિડેટ્સ ટૂર્નામેન્ટ જીતી, વર્લ્ડ ટાઈટલ માટે સૌથી યુવા ચેલેન્જર બન્યો

ટોરન્ટોઃ ભારતના ૧૭ વર્ષીય ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશે કેન્ડીડેટ્સ ચેસ ટૂર્નામેન્ટ જીતીને ઈતિહાસ રચ્યો અને વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઈટલ માટે સૌથી યુવા ચેલેન્જર બન્યો હતો. તેણે ગેરી કાસ્પારોવનો ૪૦ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો હતો.

ગુકેશ ૧૪મા અને છેલ્લા રાઉન્ડમાં અમેરિકાના હિકારુ નાકામૂરા સાથે ડ્રો રમ્યો હતો. આ ટૂર્નામેન્ટમાં તેના ૧૪માંથી નવ પોઈન્ટ હતા જે વિશ્વ ચેમ્પિયન માટે ચેલેન્જર નક્કી કરે છે. તે વર્ષના અંતમાં વર્તમાન વિશ્વ ચેમ્પિયન ચીનના ડીંગ લિરેનને પડકાર આપશે.ચેન્નઈના રહેવાસી ગુકેશે કાસ્પારોવનો રેકોર્ડ પણ તોડ્યો હતો. કાસ્પારોવ ૧૯૮૪માં ૨૨ વર્ષનો હતો જ્યારે તેણે રશિયાના અનાતોલી કારપોવને વર્લ્ડ ચેમ્પિયનશિપ ટાઇટલ માટે પડકાર્યો હતો.

ગુકેશે વિજય બાદ કહ્યું હતું કે 'હું ખૂબ જ રાહત અનુભવી રહ્યો છું.' હું ફેબિયાનો કારુઆના અને ઈયાન નેપામ્નિઆચી વચ્ચેની મેચ જોઈ રહ્યો હતો. આ પછી હું ચાલવા જતો રહ્યો જેણે મદદ કરી હતી. ગુકેશને ઈનામ તરીકે ૮૮,૫૦૦ યુરો ( ૭૮.૫ લાખ રૂપિયા) પણ મળ્યા હતા. આ ટૂર્નામેન્ટની કુલ ઈનામી રકમ પાંચ લાખ યુરો છે. આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટ જીતનાર વિશ્વનાથન આનંદ પછી તે બીજો ભારતીય બન્યો હતો. પાંચ વખતના વર્લ્ડ ચેમ્પિયન આનંદે ૨૦૧૪માં ટાઈટલ જીત્યું હતું.



આનંદે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું હતું કે ડી ગુકેશને સૌથી યુવા ચેલેન્જર બનવા બદલ અભિનંદન. તમારી સિદ્ધિ પર ગર્વ છે. વ્યક્તિગત રીતે તમે મુશ્કેલ સંજોગોમાં જે રીતે રમ્યા તેના માટે મને તમારા પર ખૂબ ગર્વ છે. આ ક્ષણનો આનંદ માણો.

ગુકેશને જીતવા માટે માત્ર ડ્રોની જરૂર હતી અને તે નાકામુરા સામે ખચકાયો નહીં. બીજી તરફ કારુઆના અને નેપામનિયાચી વચ્ચેની મેચ પણ ડ્રોમાં સમાપ્ત થઈ હતી. જો તેમાંથી કોઈ એક જીતી ગયો હોત તો ટાઈબ્રેક થઈ શક્યો હોત.

કારુઆના, નેપામ્નિયાચી અને નકામુરા બધા પાસે ૮.૫ પોઈન્ટ રહ્યા છે અને તે સંયુક્ત રીતે બીજા ક્રમે રહ્યો હતો. ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંદ સાત પોઇન્ટ લઇને પાંચમા સ્થાન પર રહ્યો હતો જેણે અઝરબૈજાનના નિઝાત અબ્બાસોવને હરાવ્યો હતો.

વિદિત ગુજરાતીએ ફ્રાન્સની ફિરોઝા અલીરઝા સાથે ડ્રો રમી અને છઠ્ઠા સ્થાને રહ્યા હતા. અલીરજા સાતમા અને અબ્બાસોવ આઠમા સ્થાને રહ્યા હતા. ગુકેશે ૧૨ વર્ષની ઉંમરે ગ્રાન્ડમાસ્ટરનો ખિતાબ જીત્યો અને ચેસના ઇતિહાસમાં ત્રીજો સૌથી યુવા ગ્રાન્ડમાસ્ટર બન્યો હતો. . તેણે હાંગઝોઉ એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ પણ જીત્યો હતો.

### વડા પ્રધાન મોદીના અભિનંદન

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તમિલનાડુના મુખ્ય પ્રધાન એમ. કે.સ્ટાલિન સહિત વિવિધ ક્ષેત્રોની હસ્તીઓએ ભારતના યુવા ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશને અભિનંદન પાઠવ્યા હતા. ગુકેશને ટોરન્ટોમાં કેન્ડીડેટ્સ ચેસ ટૂર્નામેન્ટ જીતીને ઇતિહાસમાં પોતાનું નામ નોંધાવ્યું છે અને તેમને ભાવિ વિશ્વ ચેમ્પિયન ગણાવ્યા હતા. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| આંજણી | Crack |
| માથાનો ખોડો | Mole |
| મસો | Stye |
| ખીલ | Dandruff |
| ચીરો | Pimple |

### ઓળખાણ પડી?

તાજી વિયાયેલી ગાય કે ભેંસના ઓર પડ્યા પહેલાંના ખીરામાં ખાંડ નાખી ગરમ કરી બનાવેલી મીઠાઈની ઓળખાણ પડી? આ આઈટમ એકદમ નરમ હોય છે.




અ) કલાકંદ બ) ખોયા ક) મિલ્ક કેક ડ) બળી

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ સુ | લો | ૨ ચ | ના | | ૩ શ્રુ | ત | ૪ કી | ર્તિ | |
| ધા | | ક | | ૫ ઋ | ત | | ચ | | ૬ વા |
| રો | | ૭ મ | નુ | ષ્ય | | ૮ શે | ક | | લ્મિ |
| | ૯ ખા | ક | | ૧૦ શૃં | ૧૧ ગા | ર | | ૧૨ બા | કી |
| ૧૩ તુ | રું | | ૧૪ આ | ગ | ળ | પા | ૧૫ છ | ળ | |
| લ | | ૧૬ પ | ગ | | ણ | | ટ | | ૧૭ શાં |
| સી | | ર | | ૧૮ ધો | | ૧૯ થા | ક | | બૂ |
| ૨૦ દા | ન | વ | | ૨૧ બી | ન | | ૨૨ બા | ૨૩ હુ | ક |
| સ | | ૨૪ રિ | ટ | | | ૨૫ બા | રી | ક | |
| | ૨૬ કુ | શ | | ૨૭ કુ | બે | ર | | ૨૮ મ | ત્ત |

### શબ્દલાલિત્ય



**આડી ચાવી**

૧. અસ્તવ્યસ્ત, વેરણછેરણ (૬)
૪. જૂદું, નોખું (૩)
૬. બીક (૨)
૭. સાચને ---- નહીં (૨)
૮. ગુંડો, બદમાશ (૩)
૧૦. માછલી પકડવા જોઈએ (૨)
૧૧. દિલનું , હાર્દિક (૨)
૧૨. કાચની નળી (૪)
૧૩. શુદ્ધિ, હોશ, અક્કલ (૨)
૧૫. તમા, કાળજી, ચિંતા (૩)
૧૬. ગુજરાતીનું કળા સામયિક (૩)
૧૭. જેલનો અધિકારી (૩)
૧૯. બજર, તમાકું સુંઘો (૩)
૨૦. જ્યોતિષમાં કાળ કે સમયની ગણના (૫)
૨૨. કમળ જેવા (શુભ) હાથ (૫)
૨૪. નમેલું (૨)
૨૬. વસીલો (૨)
૨૭. ઉપર, પાંખ, નિર્લેપ (૨)
૨૮. સળવળવું તે (૫)
૨૯. મોંઘી વસ્તુ (૩)

**ઊભી ચાવી**

૧. મહેરબાન, કૃપાળુ (૫)
૨. બહાદુર (૨)
૩. મરણ પથારીએ પડેલો (૫)
૪. જે ચળે નહીં તે (૩)
૫. ગરીબોને ઉદ્ધારક (૬)
૭. ---- આપતાં પ્હોંચો પકડે (૩)
૯. સારસંભાળ રાખનાર (૨)
૧૩. વજન, બોજ (૨)
૧૪. વિશ્વાસપાત્ર, ઈમાનદાર (૪)
૧૫. પાંદડું, પર્ણ (૩)
૧૬. ઘરમાં રહી સીટી વગાડે (૩)
૧૭. કેદીઓનું ઘર (૨)
૧૮. આશરે, અંદાજે (૪)
૨૦. શું ચાલે છે આજ ---- (૨)
૨૧. શૈશવ, બાળપણ (૪)
૨૩. 'મળાવવું' નું અજ્ઞાર્થ (૩)
૨૫. પ્યાસ (૩)
૨૬. રૂઆબ (૨)
૧૯. છીંક ખાવી (૩)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'નવરાત્રિમાં માથે ગરબો મેલીને રમવાની પ્રથા નામશેષ થવા આવી છે' પંક્તિમાં મેલી શબ્દનો અર્થ જણાવો.

અ) શણગારી બ) મૂકી ક) ગવડાવી ડ) પૂજી

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ હૉસ્પિટલના નેફ્રોલોજી ડિપાર્ટમેન્ટ સાથે સંકળાયેલી હોય એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) નાક બ) આંતરડું ક) ફેફસાં ડ) કિડની

### માતૃભાષાની મહેક

ગરમી એટલે અગ્નિ, સૂર્ય વગેરેથી જે ગરમ હવા થાય છે તે, ઉષ્ણતા કે તાપ. ગરમીમાં ચાર ગુણ છેઃ જે ચીજમાં ગરમી દાખલ થાય છે તે ચીજનું કદ ફૂલીને વધે છે. કેટલાક નક્કર પદાર્થને તાવીને પ્રવાહી કરે છે. પાણી જેવા પદાર્થને તે વરાળ રૂપમાં લાવે છે અને જે જે ચીજો ગરમીથી કદમાં વધે નહિ, અથવા હવા રૂપે ઊડી જઈ શકે નહીં તેવી ચીજોને તે બાળીને ભસ્મ કરી શકે છે.

### ઈર્શાદ

મને જો કળ વળી તો વિશ્વ જોશે ઉડ્ડયન મારું,
ફફડતી પાંખમાં મુજ શક્તિનો ભંડાર બાકી છે.
--- અમૃત ઘાયલ

### સુડોકુ-૫૦૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૫ | | | ૭ | ૬ | | |
| ૬ | | | | | | | | |
| | ૨ | | ૩ | ૮ | | | | ૧ |
| | ૩ | ૨ | | | | | | |
| | | ૪ | | ૭ | | ૯ | | |
| | | | | | | ૫ | ૩ | |
| ૨ | | | | ૯ | ૮ | | ૧ | |
| | | | | | | | | ૫ |
| | | ૬ | ૫ | | | ૮ | | ૪ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૫૦૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૬ | ૫ | ૭ | ૮ | ૯ | ૨ | ૪ | ૧ |
| ૪ | ૮ | ૨ | ૧ | ૩ | ૬ | ૭ | ૫ | ૯ |
| ૧ | ૯ | ૭ | ૪ | ૫ | ૨ | ૮ | ૬ | ૩ |
| ૮ | ૩ | ૪ | ૨ | ૯ | ૭ | ૬ | ૧ | ૫ |
| ૬ | ૫ | ૯ | ૩ | ૧ | ૮ | ૪ | ૭ | ૨ |
| ૨ | ૭ | ૧ | ૬ | ૪ | ૫ | ૯ | ૩ | ૮ |
| ૭ | ૧ | ૬ | ૮ | ૨ | ૩ | ૫ | ૯ | ૪ |
| ૯ | ૨ | ૩ | ૫ | ૬ | ૪ | ૧ | ૮ | ૭ |
| ૫ | ૪ | ૮ | ૯ | ૭ | ૧ | ૩ | ૨ | ૬ |

### માઈન્ડ ગેમ

અહીં આપેલી બધી સંખ્યા ધ્યાનથી જુઓ અને એનો સંબંધ સમજી આગામી સંખ્યા કઈ હશે એ જણાવો.

૮, ૨૧, ૪૭, ૯૯, ૨૦૩, --------

અ) ૨૯૩ બ) ૩૭૫
ક) ૪૧૧ ડ) ૪૫૦

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| કબજિયાત | Constipation |
| તોતડાવું | Stammer |
| કર્કરોગ | Cancer |
| ચિત્તભ્રંશ | Dementia |
| હરસમસા | Piles |

માઈન્ડ ગેમ
૬૪

ઓળખાણ પડી?
તકમરિયાં

ગુજરાત મોરી મોરી રે
લોહી

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ગાડું

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) અબદુલ્લા એફ. મુનીમ (૭) પ્રતિમા પમાણી (૮) ધીરેન્દ્ર ઉદ્દેશી (૯) નીતા દેસાઈ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ડો. પ્રકાશ કટકિયા (૧૨) ભારતી પ્રકાશ કટકિયા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) ભારતી બુચ (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) પુષ્પા પટેલ (૧૮) વિભા મહેશ્વરી (૧૯) નંદકિશોર સંજાણવાળા (૨૦) મીનળ કાપડિયા (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) લજિતા ખોના (૨૪) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભાવના કર્વે (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કલ્પના આશર (૩૦) હર્ષા મહેતા (૩૧) મહેશ દોશી (૩૨) વિણા સંપટ (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) રજનીકાંત પટવા (૩૫) સુનીતા પટવા (૩૬) પુષ્પા ખોના (૩૭) અંજુ ટોલિયા (૩૮) અલકા વાણી (૩૯) દિલીપ પરીખ (૪૦) અરવિંદ કામદાર (૪૧) સુરેખા દેસાઈ (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નિતીન બજરિયા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) જ્યોત્સના ગાંધી (૪૬) હિના દલાલ (૪૭) રમેશ દલાલ (૪૮) ઈનાક્ષી દલાલ (૪૯) હેમા હરીશ દલાલ

# યુદ્ધનો ભય ઓસરતા બીજા દિવસે આગેકૂચ: સેન્સેક્સ ૫૬૦ પોઈન્ટ ઊછળ્યો, નિફ્ટી ૨૨,300ની ઉપર પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ઇરાન અને ઇઝરાયલના યુદ્ધનો ભય ઓસરવા સાથે ક્રૂડ ઓઇલના ભાવમાં થયેલા ઘટાડા અને એશિયાઇ બજારોમાં આવેલા સુધારા સાથે સ્થાનિક શેરબજારમાં તેજીનો માહોલ રહ્યો હતો. સેન્સેક્સ ૫૬૦.૨૯ પોઇન્ટ અથવા તો ૦.૭૭ ટકાના સુધારા સાથે ૭૩,૬૪૮.૬૨ પોઇન્ટની સપાટીએ અને નિફ્ટી ૧૮૯.૪૦ પોઇન્ટ અથવા તો ૦.૮૬ ટકાના ઉછાળા સાથે ૨૨,૩૩૬.૪૦ પોઇન્ટની સપાટી સ્થિર થયો છે.

લાર્સન એન્ડ ટૂબ્રો, બજાજ ફાઇનાન્સ, એક્સિસ બેન્ક, સ્ટેટ બેન્ક, અલ્ટ્રાટેક સિમેન્ટ, વિપ્રો, આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇન્ફોસિસ, એચસીલ ટેકનોલોજી અને એશિયન પેઇન્ટ ટોપ ગેઇનર રહ્યાં હતા. જ્યારે એનટીપીસી, જેએસડબલ્યુ સ્ટીલ અને એચડીએફસી બેન્ક ટોપ લુઝરની યાદીમાં હતા. જીઓ ફાઇનાન્શિયલે ચોથા ક્વાર્ટરમાં છ ટકાના વધારા સાથે રૂ. ૩૧૧નો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો છે. રેવેન્યૂ રૂ. ૪૧૪ કરોડ સામે વધીને રૂ. ૪૧૮ કરોડ નોંધાઇ છે. ઝાઇડસ લાઇફસાયન્સે યુએસમાં ઓવરએક્ટિવ બ્લેડર માટે જેનેરિક ડ્રગ લોન્ચ કર્યું છે. વોડાફોનનો એફપીઓ સંસ્થાકીય રોકાણકારોના સારા રોકાણને કારણે ૩.૩ ગણો ભરાયો છે. એસ્કોર્ટ કયુટોબા મે મહિનાની પહેલી તારીખથી ટ્રેકટરના ભાવમાં વધારો કરશે. એચડીએફસી બેન્કે માર્ચ ક્વાર્ટર માટે રૂ. ૧૭,૨૫૭.૮૭ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હોવા છતાં તેના શેરમાં નરમાઇ જોવા મળી હતી. સંપૂર્ણ સંકલિત સ્ટેનલેસ સ્ટીલ કંપની મંગલમ વર્લ્ડવાઇડ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૪ના ચોથા ક્વાર્ટરમાં ૧૨.૪૨ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨૩૯.૦૩ કરોડની કુલ આવક, ૭૫.૪૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૧.૮૧ કરોડનો ચોખ્ખો નફો, ૩૫.૬૬ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૧૩.૯૬ કરોડનું એબિટા નોંધાવ્યું છે. એબિટા માર્જિન ૫.૮૪ ટકા અને પીએટી માર્જિન વધીને ૪.૯૪ ટકા નોંધાયું છે.

આર્કિટેક્ચરલ ગ્લાસ ઉત્પાદકોમાંના એક સેજલ ગ્લાસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૪ના ચોથા ક્વાર્ટરમાં ૩૦૯.૯૩ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૫૦.૨૨ કરોડની કુલ આવક, ૪૯૨.૯૭ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫.૮૫ કરોડનું એબિટા, ૧૧.૬૪ ટકાનું એબિટા માર્જિન નોંધાવ્યું છે. પાછલા વર્ષના સમાન ગાળા સામે રૂ. ૦.૫ કરોડનો કરવેરા પહેલાનો નફો નોંધાવ્યો છે. કંપની વાર્ષિક ધોરણે ૩૯૮.૦૧ ટકાના વધારા સાથે રૂ. ૩.૧૭ કરોડનો કર પહેલાનો નફો નોંધાવ્યો છે.

ડીટીએચ પ્રોવાઇડર ડીશ ટીવીએ, ડીશ ટીવી સ્માર્ટ પ્લસ લોન્ચ કર્યું છે, જેમાં ટીવી સ્બ્સક્રિપ્શન સાથે બિલ્ટ ઇન ઓટીટી ઓફર થશે, જેના માધ્યમે કોઇપણ સ્થળેથી કોઇપણ સ્ક્રીન પર ટીવી કે એટીટી કન્ટેન્ટની કોઇ વધારાના ખર્ચ વગર પસંદગી થઇ શકશે.



મધ્યપૂર્વનું ટેન્શન સહેજ હળવું થવાથી શેરબજારમાં સુધારો આગળ વધ્યો છે, જોકે નિષ્ણાતોના મતે પરિસ્થિતી હજુ પ્રવાહી છે. સુધારો સાર્વત્રિક કક્ષાનો અને દરેક સેકટરમાં જોવા મળ્યો છે, પરંતુ ખાસ કરીને સ્મોલ અને મિડકેપ શેરોમાં ફરી આકર્ષણ જોવા મળ્યું છે. ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થયો છે, પરંતુ તે હજુ ઊંચા સ્તરે છે. શેરબજારમાં હાલ તુરત તો યુદ્ધની અસર ઓસરતી જોવા મળે છે, પરંતુ રોકાણકારોની નજર સતત મધ્યપૂર્વની આગામી ઘટનાઓ પર મંડાયેલી રહેશે અને તેને પરિણામે વોલેટાલિટી પણ રહેશે. આ સપ્તાહે કોર્પોરેટ ક્ષેત્રના નાણાકીય વર્ષ ૨૦૨૪ના માર્ચમાં પૂરા થયેલા ત્રિમાસિક સમયગાળાની કમાણી, યુએસ જીડીપીના વૃદ્ધિ અંદાજો અને મધ્યપૂર્વ પર ધ્યાન કેન્દ્રિત કરીને બજારો વધુ એકીકૃત થઈ શકે છે. રોકાણકારો યુએસ અને ભારતના મેન્યુફેક્ચરિંગ અને સર્વિસ પીએમઆઈ ડેટા, યુએસ જીડીપી ડેટા અને જાપાનના (નાણાકીય) નીતિ નિવેદન જેવા આર્થિક ડેટા પોઇન્ટ્સને પણ ટ્રેક કરશે. બજારના પીઢ નિરક્ષિકો અનુસાર ક્રૂડ ઓઇલલના ભાવમાં ૯૦ પ્રતિ બેરલથી નીચેનો ઘટાડો એ સંકેત આપે છે કે ઈરાન-ઈઝરાયેલ તણાવમાં વધારો થવાની મર્યાદિત સંભાવનાઓ હોઈ શકે છે. પરંતુ બજાર તેના પર નજર રાખશે અને તેથી નજીકના ગાળામાં તેલના ભાવમાં થોડી અસ્થિરતા જોવા મળી શકે છે.

ગયા અઠવાડિયે એફઆઈઆઈએ કેશ સેગમેન્ટમાં રૂ. ૧૧,૮૬૭ કરોડના સ્ટોકનું વેચાણ કર્યું હતું, જે એપ્રિલમાં અત્યાર સુધીમાં કુલ માસિક આઉટફ્લો રૂ. ૨૨,૨૨૯ કરોડ સુધી લઈ ગયો હતો, જ્યારે ડીઆઈઆઈએ સપ્તાહ દરમિયાન રૂ. ૧૨,૨૩૩ કરોડના શેરો અને મહિના દરમિયાન રૂ. ૨૧,૨૬૯ કરોડના શેરો ખરીદ્યા હતા. આ દર્શાવે છે કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોના આઉટફ્લોની ભરપાઈ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ કરવાનું ચાલુ રાખ્યું છે.

સ્થાનિક મોરચે, બજારના સહભાગીઓ કોર્પોરેટ અર્નિંગ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે અને તેથી ત્યાં વધુ શેરલક્ષી કામકાજ જોવા મળશે. લગભગ ૧૬૦ કંપનીઓ આ અઠવાડિયે તેમની ત્રિમાસિક કમાણી જાહેર કરી રહી છે, જેમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, એક્સિસ બેન્ક, હિન્દુસ્તાન યુનિલિવર, બજાજ ફાઇનાન્સ, ઇન્ડસઇન્ડ બેન્ક, નેસ્લે ઇન્ડિયા, ટેક મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, એચસીએલ ટેકનોલોજિસ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ, ભેલ, આઇસીઆઇસીઆઇ બેંક, એસબીઆઇ લાઇફ ઇન્સ્યોરન્સ કંપની અને શ્રીરામ ફાઇનાન્સનો સમાવેશ થાય છે, જેઓ નિફ્ટીમાં સામૂહિક રીતે લગભગ ૩૪ ટકા વેઇટેજ ધરાવે છે.

આ ઉપરાંત આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની, એસીસી, આદિત્ય બિરલા મની, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઈનાન્સિયલ સર્વિસીસ, એમસીએક્સ ઈન્ડિયા, ટાટા એલેક્સી, ઈન્ડિયન હોટેલ્સ, મેક્રોટેક ડેવલપર્સ, સીન્જિન ઈન્ટરનેશનલ, સાયેન્ટ, એલએન્ડટી ટેકનોલોજી સેવાઓ, આરબીએલ બેંક, એસબીઆઇ કાડ્ર્સ એન્ડ પેમેન્ટ સર્વિસિસ, આઇડીએફસી ફર્સ્ટ બેન્ક, એલએન્ડટી ફાઇનાન્સ હોલ્ડિંગ્સ અને યસ બેન્ક પણ આ સપ્તાહે તેમની માર્ચ ક્વાર્ટરની કમાણી જાહેર કરશે.

## સાત ટકા આર્થિક વૃદ્ધિદર જાળવી રાખવો શક્ય

નવી દિલ્હી: વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં સાનુકૂળ ચોમાસાને પગલે કૃષિ ઉત્પાદનમાં વધારો અને વૈશ્વિક સ્તરે સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં સાત ટકાનો આર્થિક વૃદ્ધિદર જાળવી રાખવો શક્ય હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની મૉનેટરી પૉલિસી કમિટીનાં સભ્ય શશાંક ભીડેએ જણાવ્યું છે.

ગત નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ખાસ કરીને ઉત્પાદન અને માળખાકીય ક્ષેત્રે સારી કામગીરી રહેતાં અર્થતંત્રમાં આઠ ટકા વૃદ્ધિ જોવા મળે તેવી શક્યતા વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું હતું કે ચાલુ નાણાકીય વર્ષમાં ચોમાસુ સાનુકૂળ રહેતાં કૃષિ ઉત્પાદનમાં વૃદ્ધિ ઉપરાંત વૈશ્વિક વેપારોમાં વૃદ્ધિ થતાં સાત ટકાનો વૃદ્ધિદર જળવાઈ શકે તેમ છે છતાં લાંબાગાળે ખાદ્યાન્નના ભાવમાં સ્થિરતા માટે ઉત્પાદકતામાં સુધારો મુખ્ય પરિબળ રહેશે.

જો આગામી ટૂંકા સમયગાળામાં રાજકીય-ભૌગોલિક વિખવાદો ઉકેલાશે નહીં તો એક તરફ વૈશ્વિક માગમાં ધીમી વૃદ્ધિ અને બીજી તરફ પુરવઠા ચેઈનમાં વિક્ષેપને કારણે ઈનપૂટ ભાવમાં વધારો નોંધપાત્ર પડકારો બની જશે, આથી આપણે હવામાનની ચરમ સિમાને કારણે ઉત્પાદન પર થનારી સંભવિત માઠી અસર સામે સજ્જ રહેવું પડશે, એમ તેમણે ઉમેર્યું હતું. તાજેરમાં ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડે સ્થાનિક પ્રબળ માગ અને કુલ વસતીમાં કામકાજ કરનારાઓની સંખ્યામાં થયેલા વધારાને ધ્યાનમાં લેતા વર્ષ ૨૦૨૪ માટે ભારતની વૃદ્ધિનો અંદાજ જે જાન્યુઆરીમાં ૬.૫ ટકાનો મૂક્યો હતો તે વધારીને ૬.૮ ટકા મૂક્યો હતો. આ ઉપરાંત એશિયન ડેવલોપમેન્ટ બૅન્કે પણ જાહેર અને ખાનગી ક્ષેત્રે વધેલી રોકાણલક્ષી માગ અને ગ્રાહકલક્ષી માગમાં મક્કમ ગતિએ થઈ રહેલા વધારાને ધ્યાનમાં લેતા જીડીપીનો અંદાજ જે અગાઉ ૬.૭ ટકા મૂક્યો હતો તે વધારીને સાત ટકા મૂક્યો હતો.

ખાદ્યાનનાં ઊંચા ભાવ અંગેના લાંબા સમયગાળાના ઉકેલ અંગે પૂછવામાં આવતા તેમણે જણાવ્યું હતું કે તાજેતરમાં વૈશ્વિક સ્તરે જોવા મળેલો ઊંચો ફુગાવો એ જલ્દીથી બગડી જાય તેવી શાકભાજી જેવી ચીજો પર હવામાનની થતી માઠી અસરોનાં પરિણામરૂપે છે. મારા મતે આ પ્રકારનો ભાવવધારો ટૂંકા સમયગાળાનો હોય, પરંતુ તેની અસર નોંધપાત્ર સ્તરે થતી હોય છે.

### મધ્ય પૂર્વના દેશોમાં તણાવ હળવો થવાના સંકેતે વૈશ્વિક સોનામાં બે ટકાનો કડાકો

## સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ ૫૨૯ ઘટીને ₹ ૭૩,000ની અંદર, ચાંદી ₹ ૧૨૯૯ તૂટી

મુંબઈ: આજે આંતરરાષ્ટ્રીય સ્તરે તહેરાને ઈઝરાયલનાં ડ્રોન હુમલાને નકારી કાઢતાં મધ્યપૂર્વના દેશોમાં તણાવની સ્થિતિ હળવી થતાં આજે લંડન ખાતે સોનામાં રોકાણકારોની સલામતી માટેની માગ નબળી પડતાં સત્રના આરંભે હાજરમાં ભાવ બે ટકા અને વાયદામાં ભાવ ૨.૪ ટકાના ઘટાડા સાથે ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ચાંદીના ભાવમાં ચાર ટકાનું ગાબડું પડ્યું હોવાના અહેવાલ હતા.

આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં આઠ પૈસા જેટલો સુધારો જોવા મળતાં સોનાની આયાત પડતરો ઘટવાને કારણે સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૭થી ૫૨૯નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૯૯નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની પણ માગ ખપપૂરતી રહેતાં હાજરમાં ભાવ



કિલોદીઠ રૂ. ૧૨૯૯ના ઘટાડા સાથે રૂ. ૮૧,૫૫૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજારનાં નરમાઈતરફી અહેવાલ, સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી અને ડૉલર સામે રૂપિયામાં મજબૂત વલણ રહેતાં ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૨૭ ઘટીને રૂ. ૭૨,૫૮૩ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૨૯ ઘટીને રૂ. ૭૨,૮૭૫ના મથાળે રહ્યા હતા.

એકંદરે આજે મધ્યપૂર્વનાં દેશોમાં રાજકીય-ભૌગોલિક તણાવ હળવો થતાં સોનામાં સલામતી માટેની માગ ખસી જતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું. વધુમાં હવે રોકાણકારોની નજર સપ્તાહના અંત આસપાસ જાહેર થનારા અમેરિકાના ફુગાવાના ડેટા પર સ્થિર થઈ હોવાથી રોકાણકારોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે બે ટકા ઘટીને ઔંસદીઠ ૨૩૫૪.૬૧ ડૉલર અને વાયદામાં ભાવ ૨.૪ ટકા ઘટીને ૨૩૫૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ચાર ટકાના કડાકા સાથે ઔંસદીઠ ૨૭.૫૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

હાલની સ્થિતિને ધ્યાનમાં લેતા સોનાના ભાવ ઊંચી સપાટીએ હોય તેમ જણાય છે. તેમ જ રોકાણકારો જોખમી અસ્ક્યામતો તરફ વળ્યા હોવાથી આજે વૈશ્વિક ઈક્વિટી માર્કેટમાં પણ સુધારાનું વલણ જોવા મળ્યું હોવાનું ઓએએનડીએનાં એશિયાપેસિફિક વિસ્તારનાં એનાલિસ્ટ કેલ્વિન વૉંગે જણાવ્યું હતું. વધુમાં સિટી રિસર્ચે એક નોટ્સમાં જણાવ્યું હ

તું કે તાજેતરમાં સોનાચાંદીમાં વધ્યા મથાળેથી પુલબેક જોવા મળ્યા બાદ અમારા મતે બીજા ત્રિમાસિકગાળાનાં અંત આસપાસ સોના અને ચાંદીના વૈશ્વિક ભાવ અનુક્રમે ઔંસદીઠ ૨૫૦૦ ડૉલર અને ઔંસદીઠ ૩૦થી ૩૨ ડૉલર આસપાસની સપાટીએ રહે તેવી શક્યતા છે.

## ડૉલર સામે રૂપિયામાં આઠ પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બાઉન્સબૅક, ગત શુક્રવારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી ઉપરાંત આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટાડાતરફી રહ્યા હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે સપ્તાહના આરંભે ડૉલર સામે રૂપિયો આઠ પૈસાના સુધારા સાથે ૮૩.૩૬ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ તથા ટ્રેઝરીની યિલ્ડમાં સુધારો આવ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૩.૪૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૩.૪૦ની મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૩.૪૫ અને ઉપરમાં ૮૩.૩૨ની રેન્જમાં અથડાઈને અંતે આગલા બંધ સામે આઠ પૈસા વધીને ૮૩.૩૬ના મથાળે બંધ રહ્યો હતો.

આજે મધ્યપૂર્વનાં દેશોનો રાજકીય-ભૌગોલિક તણાવ હળવો થવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારો આવતા રૂપિયામાં સુધારો જોવા મળ્યો છે, પરંતુ જો તણાવ વધે તો પુનઃ રૂપિયો દબાણ હેઠળ આવે તેવી શક્યતા વ્યક્ત કરતાં બીએનપી પારિબાસનાં વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આ સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૩.૧૦થી ૮૩.૬૦ની રેન્જમાં અથડાતો રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૬૦.૨૯ અને ૧૮૯.૪૦નો ઉછાળો આવ્યો હતો. તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૨૯.૩૯ કરોડની ચોખ્ખી લેવાલી રહી હતી. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૬૯ ટકા ઘટીને બેરલદીઠ ૮૬.૬૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૦૨ ટકા વધીને ૧૦૬.૧૭ આસપાસ ક્વૉટ થતાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ, નાકા ડિલિવરીમાં ₹ ૨૫નો ઉછાળો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે વેચવાલીના દબાણ સામે સ્થાનિક તથા દેશાવરોની માગ નિરસ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરના વેપાર ક્વિન્ટલે રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૩૫૫૦થી ૩૫૯૦માં થયાનાં અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ટકેલા રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૪નો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૫નો સુધારો જોવા મળ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. તેમ જ આજે ખપપૂરતી માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૮૦થી ૩૭૪૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૪૪ ઘટીને અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ વધીને રૂ. ૩૭૫૨થી ૩૮૬૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે સ્થાનિક ડીલરોની લેવાલી છૂટીછવાઈ હતી, પરંતુ ઔદ્યોગિક વપરાશકારોની પ્રબળ માગે વેપાર ક્વિન્ટલે રૂ. ૨૫ના સુધારા સાથે સ્મોલ ગ્રેડની ખાંડના ક્વિન્ટલે રૂ. ૩૬૩૦થી ૩૬૭૦માં અને મિડિયમ ગ્રેડના રૂ. ૩૭૩૦થી ૩૭૭૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

## ટીનમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીએ ₹ ૩૨ તૂટ્યા, અન્ય ધાતુમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: છેલ્લા ત્રણ સત્ર દરમિયાન ટીનમાં એકતરફી તેજી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૧૭૧નો ઉછાળો આવ્યા બાદ આજે સપ્તાહના આરંભે વધ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૩૨નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય લીડ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ, કોપર વાયરબાર અને બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો ઘટાડો આવ્યો હતો. જોકે, કોપરની અમુક વેરાઈટીઓ અને એલ્યુમિનિયમમાં સ્ટોકિસ્ટોની લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. બેથી ૧૫ વધી આવ્યા હતા, જ્યારે કોપર કેબલ સ્ક્રેપ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું. આમ એકંદરે આજે બજારમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૫ વધીને રૂ. ૭૭૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે કોપર સ્ક્રેપ હેવી અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૪૨ અને રૂ. ૧૮૪ અને કોપર આર્મિચર તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૩૭ અને રૂ. ૨૫૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીનમાં એકતરફી તેજી બાદ સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૨ ઘટીને રૂ. ૩૧૯૭ના મથાળે રહ્યા હતા. સિવાય અન્ય ધાતુ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી તથા સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૮૮૩ અને રૂ. ૧૯૦, લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૯૦ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૫૬૧ના મથાળે રહ્યા હતા.

## આ સપ્તાહથી ઈફ્કો નેનો યુરિયા પ્લસનું ઉત્પાદન શરૂ કરશે, પહેલી મે થી વેચાણ

નવી દિલ્હી: સહકારી ક્ષેત્રની અગ્રણી ખાતર કંપની ઈફકો આ સપ્તાહથી નેનો યુરિયા પ્લસના ઉત્પાદનની શરૂઆત કરશે અને તેનું વેપારી ધોરણે વેચાણ પહેલી મેથી શરૂ કરશે. અત્રે નોંધનીય બાબત એ છે કે નેનો યુરિયા પ્લસ એ નેનો યુરિયાનું સુધારીત સંસ્કરણ છે, જે પાકની વૃદ્ધિનાં કટોકટીના તબક્કામાં નાઈટ્રોજનની જરૂરિયાત પૂરી પાડે છે.

હાલમાં ઈફકો જે નેનો યુરિયા પૂરું પાડે છે તેમાં નાઈટ્રોજનની વજનથી વજન ધોરણે માત્રા એકથી પાંચ ટકા જેટલો હોય છે. જોકે, નેનો યુરિયા પ્લસ ફર્ટિલાઈઝરમાં વજનથી વજન ધોરણે નાઈટ્રોજનની માત્રા ૧૬ ટકા જેટલી છે. અમે નેનો યુરિયા પ્લસનું ઉત્પાદન આ સપ્તાહથી શરૂ કરીશું અને બજારમાં તેની ઉપલબ્ધિ પહેલી મેથી થશે, એમ ઈફકોના એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે નેનો યુરિયા પ્લસનું ઉત્પાદન ત્રણ એકમોમાં શરૂ થશે અને પ્રત્યેક એકમોની પ્રતિદિન બે લાખ બોટલની ક્ષમતા છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે સરકારે તાજેતરમાં નેનો યુરિયા પ્લસ ફર્ટિલાઈઝરના સ્પેસિફિકેશન નોટિફાઈ કર્યા હતા અને ઈફકોને તેના ઉત્પાદનની ત્રણ વર્ષ માટે મંજૂરી આપી હતી. અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે કંપનીનાં યુરિયા ઉત્પાદનના ત્રણ એકમો છે જેમાં ગુજરાતમાં કલોલ અને ઉત્તર પ્રદેશમાં ફુલપુર તથા આંવલા ખાતે આવેલા છે. અગાઉ જૂન, ૨૦૨૧માં ઈફકોએ વિશ્વના સૌપ્રથમ નેનો લિક્વિડ યુરિયા ફર્ટિલાઈઝરનો આવિષ્કાર કર્યો હતો અને ત્યાર બાદ નેનો ડીએપી ફર્ટિલાઈઝર એપ્રિલ, ૨૦૨૩માં બજારમાં મૂક્યું હતું. અનુસાર ઑગસ્ટ, ૨૦૨૧થી અત્યાર સુધીમાં ઈફકોએ ૭.૫ કરોડ બોટલ નેનો યુરિયાનું વેચાણ કર્યું છે, જ્યારે ૪૫ લાખ બોટલ નેનો ડીએપીનું વેચાણ કર્યું છે.

## બીએસઇનું માર્કેટ કેપ રૂ.૩૯૭.૮૬ લાખ કરોડના સ્તરે

મુંબઇ: બીએસઈ સેન્સેક્સ સોમવારે ગત શુક્રવારના ૭૩,૦૮૮.૩૩ના બંધથી ૫૬૦.૨૯ પોઈન્ટ્સ (૦.૭૭ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૭૩,૬૬૬.૫૧ ખૂલી નીચામાં ૭૩,૨૨૭.૩૨ સુધી અને ઉપરમાં ૭૩,૭૬૭.૮૦ સુધી જઈ અંતે ૭૩,૬૪૮.૬૨ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સની ૨૫ કંપનીઓ વધી અને ૫ કંપનીઓ ઘટી હતી. માર્કેટ કેપ રુ.૩૯૭.૮૬ લાખ કરોડ રહ્યું હતું.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં એસએન્ડપી બીએસઈ સેન્સેક્સ ૫૦ ઈન્ડેક્સ ૦.૮૪ ટકા, બીએસઈ મીડ કેપ ૦.૯૩ ટકા, બીએસઈ સ્મોલ કેપ ૧.૨૬ ટકા, બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૮૭ ટકા, બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૯૦ ટકા, બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૯૦ ટકા, બીએસઈ ઓલ કેપ ૦.૯૯ ટકા અને બીએસઈ લાર્જકેપ ૦.૯૩ ટકા વધ્યા હતા. આઈપીઓ ઈન્ડેક્સ ૧.૪૦ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૨.૨૭ ટકા વધ્યા હતા. સેક્ટરલ ઈન્ડાયસીસમાં એકમાત્ર યુટિલિટીઝ ૦.૦૭ ટકા ઘટ્યો હતો, જ્યારે કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૫૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૧.૯૩ ટકા, કેપિટલ ગુડ્સ ૧.૬૫ ટકા, સર્વિસિસ ૧.૫૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૧.૧૭ ટકા, હેલ્થકેર ૧.૦૫ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસિસ ૧.૦૪ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રિશનરી ૧.૦૨ ટકા, એફએમસીજી ૦.૯૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૯૪ ટકા, ઓટો ૦.૯૩ ટકા, બેન્કેક્સ ૦.૯૩ ટકા, ટેક ૦.૮૦ ટકા, કોમોડિટીઝ ૦.૭૩ ટકા, રિયલ્ટી ૦.૭૧ ટકા, એનર્જી ૦.૬૮ ટકા, આઈટી ૦.૫૯ ટકા, પાવર ૦.૩૬ ટકા અને મેટલ ૦.૨૫ ટકા વધ્યા હતા. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સમાં લાર્સન ૨.૬૭ ટકા, એક્સિસ બેન્ક ૨.૩૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૨.૩૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૦૯ ટકા અને વિપ્રો ૨.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે એનટીપીસી ૨.૨૪ ટકા, એચડીએફસી બેન્ક ૧.૨૪ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૧.૧૭ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૦.૪૬ ટકા અને ટાટા સ્ટીલ ૦.૧૫ ટકા ઘટ્યા હતા. કુલ મળીને ૯ કંપનીઓને ઉપલી અને ૪ કંપનીઓને નીચલી સર્કીટ લાગી હતી. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં સોમવારે ઈન્ડેક્સ ફ્યુચરમાં કુલ રૂ. ૯૯.૪૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૯૭૬ સોદામાં ૧૨૯૨ કોન્ટ્રેક્ટનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર અને ઈક્વિટી ફ્યુચર મળીને કુલ ૫૧,૮૦,૪૩૨ કોન્ટ્રેક્ટ્સના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા.

# વિનાશક ભૂકંપમાં ધ્વંશ થયા બાદ કચ્છ ફરી બેઠું થયું તે સમગ્ર વિશ્વ માટે હેરતભર્યુંઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મોરબીઃ આગામી લોકસભા ચૂંટણીના આડે હવે જ્યારે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સરહદી કચ્છમાં પણ દરેક રાજકીય પક્ષ પોતાના પ્રચાર પ્રસારમાં વ્યસ્ત બન્યા છે, જે અનુસંધાને હાટકેશ જયંતીના સપરમા દિવસે રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ક્ષત્રિય અને લઘુમતી સમાજની સારી એવી વસ્તી ધરાવતા નખત્રાણા ગામમાં કચ્છ-મોરબી લોકસભાની બેઠકના ઉમેદવાર અને વર્તમાન સાંસદ વિનોદ ચાવડાને સતત ત્રીજી વાર જીતાડવા ચૂંટણીસભા સંબોધી હતી.



(તસવીર: ઉત્સવ વૈદ્ય)

આગામી લોકસભા ચૂંટણીના પ્રચાર અર્થે કચ્છ આવેલા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સૌ પ્રથમ વખત માતાના મઢ પહોંચ્યા હતા. જ્યાં માં આશાપુરા મંદિર ખાતે માતાજીની મૂર્તિના દર્શન કર્યા હતા. જાગીર ટ્રસ્ટના અધ્યક્ષ યોગેન્દ્ર સિંહજી રાજાબાવા અને સભ્યો દ્વારા તેમને માતાજીની તસ્વીર ભેટ આપી બહુમાન કરાયું હતું. મતના મઢથી પટેલ નખત્રાણા પહોંચ્યા હતા, જ્યાં સુપર માર્કેટ ખાતે પક્ષના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયને અગ્રણીઓની હાજરીમાં ખુલ્લું મૂક્યું હતું. બાદમાં બજરંગ ગ્રાઉન્ડ ખાતે આયોજિત જાહેરસભાને સંબોધી હતી જેમાં ભૂપેન્દ્ર પટેલે ગ્રીન ઊર્જા ક્ષેત્રે ભારત દુનિયામાં ગ્રીન હાઇડ્રોજન એનર્જી ક્ષેત્રે હબ બનવા જઈ રહ્યું છે એમાં કચ્છ કેન્દ્ર સ્થાને છે એવું જણાવી કચ્છના રણમાં ૩૦ ગીગાવોટ વીજળીના ઉત્પાદનના કારણે કચ્છ ગ્રીન હાઇડ્રોજનનું હબ બની જશે. તત્કાલીન મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વાયબ્રન્ટ ગુજરાત શરૂ કર્યા બાદ આ ભાતીગળ પ્રદેશે વિકાસની હરણફાળ ભરી છે. વિશ્વની ફોર્ચ્યુન ૫૦૦ પૈકી ૧૦૦ કંપનીઓ ગુજરાતમાં છે. વિપક્ષ બેરોજગારીનો મુદ્દો ઉછાળે છે પણ ઔદ્યોગિક નાણાકીય વિકાસ થકી ગુજરાતમાં રોજગારીનું મોટા પાયે સર્જન થયું છે. કચ્છ એનું સાક્ષી છે. દેશ પ્રથમ એ સૂત્ર સાથે આગળ વધી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવાની એમણે મતદારોને અપીલ કરી હતી.

આ સમયે સાંસદ વિનોદ ચાવડા સાથે ધારાસભ્યો વિરેન્દ્રસિંહ જાડેજા (રાપર), પ્રદ્યુમનસિંહ જાડેજા (અબડાસા), અનિરુદ્ધ દવે ( માંડવી), માલતીબેન મહેશ્વરી (ગાંધીધામ), ત્રિકમ છાંગા (અંજાર) કેશુભાઈ પટેલ (ભુજ) તથા જિલ્લા પંચાયતના પ્રમુખ જનકસિંહ જાડેજા, કચ્છ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજી વરચંદ ઉપસ્થિત રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે, કચ્છ રાજપૂત ક્ષત્રિય સભામાં ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ ટ્રસ્ટી તરીકે સેવા આપે છે, ત્યારે રૂપાલા વિવાદ મામલે થોડા દિવસ પહેલા મીડિયા સમક્ષ આપેલા નિવેદનમાં તેમણે જરૂર પડ્યે સમાજ સાથે ઊભા રહેવાનું વચન આપ્યું હતું. માતાના મઢમાં મુખ્ય પ્રધાન પહોંચ્યા એ ઘટનાને જાણકારો ડેમેજ કંટ્રોલ એક્સરસાઇઝ તરીકે ગણાવી રહ્યા છે. ■

## ક્ષત્રિયોના વિરોધ વચ્ચે ગૃહપ્રધાને ભાવનગરની મુલાકાત લીધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ રાજ્યના ગૃહપ્રધાન અને સંગઠનના મહામંત્રી રત્નાકરજી પ્લેન મારફતે આજરોજ ભાવનગરની ઓચિંતા મુલાકાતે આવ્યા હતા, જ્યાં તેમણે શહેરની હોટલ ખાતે ભાવનગર ભાજપના સંગઠનોના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી, સાથે ભાવનગરના ભાજપના ક્ષત્રિય સમાજના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજકોટની જેમ જ આજે ભાવનગરમાં ગુજરાત રાજ્યના ગૃહપ્રધાન અને સંગઠનના મહામંત્રી રત્નાકરજી પ્લેન મારફતે ભાવનગરની ઓચિંતા મુલાકાતે આવ્યા હતા, જ્યાં તેમણે શહેરની હોટલ ખાતે ભાવનગર ભાજપના સંગઠનોના હોદ્દેદારો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં પાર્ટી સાથે સંકળાયેલા ક્ષત્રિય સમાજના નેતાઓ પણ ઉપસ્થિત રહ્યા હોવાનું જાણવા મળે છે.

ભાવનગરની ખાનગી હોટલમાં મિટિંગનો દૌર સતત બે કલાક સુધી ચાલ્યો હતો. આ બેઠકમાં ભાજપના શહેર પ્રમુખ, મહામંત્રીઓ, સંગઠનના હોદ્દેદારો સાથે બેઠક યોજાઇ હતી. આગામી લોકસભાની ચૂંટણી સંદર્ભે ચર્ચાઓ કરી રણનીતિ ઘડવા આવી પહોંચ્યા હતા અને ભાવનગર શહેર અને જિલ્લામાં પુરુષોતમ રૂપાલાનો વિરોધ વધી રહ્યો છે તેને શાંત કરવા માટે પણ આ મિટિંગમાં સૂચનઓ આપવામાં આવી હતી. હર્ષ સંઘવીની ઓચિંતાની મુલાકાતને પગલે ભાવનગર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. ■

## રાજકોટને કોઈની નજર ન લાગે તે માટે લીંબુંનું તોરણ લગાવવા આવ્યો છુંઃ ધાનાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની ચૂંટણી પહેલા રાજકોટની બેઠકની તમામ હાલચાલ પર લોકોની નજર છે. ભાજપના ઉમેદવાર પુરુષોતમ રૂપાલા સામે કોંગ્રેસે પરેશ ધાનાણીને મેદાનમાં ઉતાર્યા છે. ઉમેદવારી ફોર્મ ભરતાંની સાથે જ રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી પ્રચારમાં જોડાઈ ગયા છે. પરેશ ધાનાણીએ સોમવારે શહેરના જુબેલી ગાર્ડનથી સોરઠિયાવાડી સર્કલ સુધી પદયાત્રા યોજી હતી. જોકે આ દરમિયાન તેમણે હાથમાં લીંબુ લઈને પ્રચાર પણ કર્યો હતો. ધાનાણી પદયાત્રા દરમિયાન વેપારીઓને મળી રહ્યા હતા એક લીંબુના વેપારી સાથે પણ તેમણે વાતચીત કરી ધાનાણીએ હાથમાં લીંબુ લઈને શાસક પક્ષ પર કટાક્ષ કર્યો હતો. આ સાથે જ ઉદ્યોગોની દુર્દશા હોવાનો આક્ષેપ કરાયો હતો.

પરેશ ધાનાણીએ જણાવ્યું હતું કે, ‘રાજકોટને કોઇની નજર ન લાગી જાય એટલે રાજકોટના આંગણે લીંબુથી તોરણ બાંધવા આવ્યો છું. રાજકોટ એના સ્વબળે ઊભું થયું છે, સૌરાષ્ટ્રની રાજધાની રાજકોટ, રંગીલા રાજકોટે દેશ અને પ્રદેશમાં પોતાની ઓળખ બનાવી છે. રાજકોટની ઓળખને ભૂંસવાનો કોઇ પ્રયાસ કરે તો રાજકોટના લોકો તેને સાંખી નહીં લે તેવો સંપૂર્ણ વિશ્વાસ છે. રાજકોટના લોકો સ્વબળે ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રી લાવી રહ્યા છે. ગોલ્ડ, સિલ્વર અને ઇમિટેશન જ્વેલરીનું હબ બની ગયું છે.’

ધાનાણીએ વધુમાં જણાવ્યું હતું કે ‘રાજકોટે આ તમામ નાના મોટા ઉદ્યોગ ધંધા પોતાના સ્વબળે અને પોતાની જાતથી વિકસાવીને ભારતને યોગદાન આપ્યું છે. ગુજરાતને ચાર મુખ્ય પ્રધાન આપ્યા તેમ છતાં જો સરકારનો રાજકોટને સહયોગ મળ્યો હોત તો રાજકોટ વૈશ્વિક ઓળખ બનાવી શક્યું હોત. તો ચાલો હવે મારા રંગીલા રાજકોટને કોઇની નજર ન લાગે તે માટે હું રાજકોટના આંગણીએ તોરણ લગાવવા આવ્યો છું.’

## રૂપાલાનો વિરોધઃ સુરેન્દ્રનગરમાં શક્તિ માતાજીના મંદિરે ઉપવાસનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભાના ઉમેદવાર પુરુષોતમ રૂપાલાના વિવાદી નિવેદન બાદ સમગ્ર ગુજરાતમાં ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. ક્ષત્રિય સમાજ દ્વારા ચાલી રહેલા આંદોલન પાર્ટ-૨ના ભાગરૂપે સુરેન્દ્રનગરના દાળમીલ રોડ પર આવેલા શકિત માતાજીના મંદિર ખાતે ક્ષત્રિય સમાજની બહેનો સોમવારે પ્રતીક ઉપવાસ પર બેઠી હતી.

ગુજરાતમાંથી જે પાંચ બહેનોએ જોહરની ચીમકી ઉચ્ચારી હતી એમાંથી એક જાગૃતિબા રાઠોડે જણાવ્યું હતું કે, ભાજપને ક્ષત્રિય સમાજ કરતા એમના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા વધારે વહાલા છે, અમે લોકશાહીઢબે ખૂબ વિરોધ કર્યો છતાં અમને ક્ષત્રિય સમાજને ન્યાય ન મળતા નાછૂટકે અમારે આ અનશન કરવાની ફરજ પડી છે.

આજથી રોજ ક્ષત્રિય સમાજની ૨૧ બહેનો પ્રતીક ઉપવાસ પર બેસશે અને અમે આગામી લોકસભાની ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ મતદાન કરી યોગ્ય જવાબ આપીશું. ક્ષત્રિય સમાજની સંકલન સમિતિએ રાજ્યભરમાં રૂપાલાનો વિરોધ કરવાનો એજન્ડા તૈયાર કર્યો છે જેના ભાગરૂપે દરરોજ ક્ષત્રિય સમાજની મહિલાઓએ ઉપવાસ કરવાનું શરૂ કરી દીધું છે. ■

## રાજકોટ બેઠક પર રૂપાલાના ફોર્મ સામે વાંધો લેનાર અમરદાસે છેલ્લી ઘડીએ ઉમેદવારી પરત ખેંચી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની ૨૫ લોકસભા બેઠક પર આગામી ૭મી મેના રોજ મતદાન થવાનું છે. ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત સોમવારે ઉમેદવારીપત્રક ખેંચવાનો અંતિમ દિવસ હતો. રાજ્યની હાઈપ્રોફાઈલ રાજકોટ લોકસભા બેઠક પર ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થઈ ચૂક્યું છે.

ક્ષત્રિયો પર અણછાજતી ટિપ્પણી કરીને વિવાદમાં આવેલા ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાના ફોર્મમાં ચકાસણી સમયે ઢગલાબંધ વાંધા રજૂ કરનાર અપક્ષ ઉમેદવાર અમરદાસ દેસાણી છેલ્લી ઘડીએ ફસકી ગયા હતા અને પોતાનું ઉમેદવારીપત્રક પરત ખેંચી લીધું હતું. જે બાદ હવે રાજકોટ લોકસભા બેઠક પર નવ ઉમેદવારો ચૂંટણી જંગમાં રહ્યાં છે.

રાજકોટ બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ મુખ્ય ચૂંટણી જંગ રહે તેવા નિર્દેશો છે. આ ઉપરાંત બહુજન સમાજ પાર્ટી, બહુજન મુક્તિ પાર્ટી અને પાંચ અપક્ષો પણ નસીબ અજમાવી રહ્યાં છે.

રાજકોટ લોકસભાની બેઠક પર ભાજપના પુરુષોત્તમ રૂપાલા, કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણી, બહુજન સમાજ પાર્ટીના ચમનભાઈ સવસાણી, બહુજન મુક્તિ પાર્ટી ઉપરાંત અપક્ષ ભાવેશ આચાર્ય, નયનકુમાર ઝાલા, નિરલકુમાર અજાગિયા, જિગ્નેશ લોહાર, ભાવેશ પીપળિયા સહિત નવ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં રહ્યા હતા. ■

## પુરુષોત્તમ રૂપાલા સામેનો વિરોધ યથાવતઃ ૨૪મીથી ધર્મરથ કાઢશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા સામેનો ક્ષત્રિય સમાજનો વિરોધ શાંત થવાનું નામ નથી લઇ રહ્યો. ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાના વિરોધમાં આંદોલન-૨ શરૂ કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે રાજકોટમાં ક્ષત્રિયાણીઓ દ્વારા સોમવારથી પ્રતીક ઉપવાસની શરૂઆત કરવામાં આવી છે અને આગામી ૨૪મી એપ્રિલના રોજ શહેરના વિવિધ વિસ્તારોમાં ધર્મરથ કાઢવામાં આવશે. સોમવારે રાજકોટમાં ક્ષત્રિય સમાજ દ્વારા છ જેટલા કાર્યાલય શરૂ કરવામાં આવ્યા છે અને આગામી દિવસોમાં વોર્ડ વાઇઝ કાર્યાલય શરૂ કરવામાં આવશે.

રાજકોટના રામજી મંદિર ખાતે ક્ષત્રિયાણીઓ દ્વારા પ્રતીક ઉપવાસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ક્ષત્રિય સમાજની મહિલાઓ દ્વારા ત્રણ દિવસ સુધી શહેરના અલગ-અલગ વિસ્તારમાં ઉપવાસ આંદોલન કરવામાં આવશે. તેમ જ ૨૪મી એપ્રિલથી શહેરના અલગ-અલગ વિસ્તારમાં ધર્મરથ કાઢવામાં આવશે.

ક્ષત્રિય સમાજના મહિલા ભાર્ગવીબા ગોહિલે જણાવ્યું હતું કે રાજ્યની ૨૬ બેઠક પર ભાજપને કઈ રીતે નુકસાન થાય તે રીતે અમારી ટીમો કામ કરવા માગે છે.

આગામી એક કે બે દિવસમાં ગુજરાતભરમાં કાર્યાલય ખોલવામાં આવશે. કાર્યાલયોમાં અને ભાજપને કઈ રીતે નુકસાન પણ પહોંચે અને વધુમાં વધુ મતદાન કરવું કઈ રીતે તે અંગેની માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવશે. ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા પ્રચાર પણ શરૂ કરવામાં આવશે. ■

## પોરબંદર લોકસભા બેઠક પર ૧૨ અને વિધાનસભા બેઠક પર છ ઉમેદવાર વચ્ચે જંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદરમાં લોકસભાની સાથે વિધાનસભા બેઠકની ચૂંટણી યોજાનાર છે. ફોર્મ ચકાસણીની કામગીરી પૂર્ણ થયા બાદ ફોર્મ પરત ખેંચવાના દિવસે એકપણ ઉમેદવારે ફોર્મ પરત નહીં ખેંચાતા પોરબંદર લોકસભા બેઠક પર બાર ઉમેદવાર અને વિધાનસભા બેઠક પર છ ઉમેદવાર વચ્ચે જંગ જામશે.

પોરબંદર લોકસભા બેઠકની સાથે પોરબંદર વિધાનસભા બેઠક માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઇ છે. એકપણ ઉમેદવારે ફોર્મ પરત નહીં ખેંચતા હવે પોરબંદર લોકસભા અને વિધાનસભા બેઠકના ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયું છે. લોકસભામાં ભાજપ-કોંગ્રેસ ઉપરાંત બસપા, લોગ પાર્ટી, વીરો કે વીર ઈન્ડિયન પાર્ટી, સમાજવાદી પાર્ટી અને છ અપક્ષ ઉમેદવારો મેદાને છે. પોરબંદર વિધાનસભા રાજકીય પક્ષો ઉપરાંત ત્રણ અપક્ષ પણ ચૂંટણી જંગમાં છે.

પોરબંદર લોકસભા બેઠક પર મનસુખ માંડવિયા (ભાજપ), લલિત જસમત વસોયા (ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ), રાઠોડ નાથાલાલ પૂંજાભાઈ-(બસપા), સિદ્ધપરા હરસુખલાલ (લોગ પાર્ટી), લાખણશી ઓડેદરા (વિરો કે વીર ઈન્ડિયન પાર્ટી), સેખવા નિલેશ કુમાર (સમાજવાદી પાર્ટી), નાથા ભૂરા ઓડેદરા (અપક્ષ), હુસેન અલી સોઢા (અપક્ષ), જેઠવા બિપિનકુમાર ભીખાલાલ (અપક્ષ), રાઠોડ ચંદુ મોહન (અપક્ષ), સોલંકી જતીન ધીરુ (અપક્ષ), મહેમુદ સૈયદ (અપક્ષ) વચ્ચે ચૂંટણી જંગ થશે, જ્યારે પોરબંદર વિધાનસભાની પેટા ચૂંટણીમાં ઓડેદરા રાજુ ભીમા (ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ પાર્ટી), અર્જુન દેવા મોઢવાડીયા (ભાજપ), જુગી જીવન રણછોડ (અપક્ષ), રસિક ઘેલા મંગેરા (વિરો કે વીર ઈન્ડિયન પાર્ટી), મોતીવરસ અશ્વિન દેવજી (અપક્ષ), જોખિયા દિલાવર લાખા વચ્ચે ચૂંટણી જંગ થશે. ■

## ‘હમ્પબેક’ પ્રજાતિની ડોલ્ફિન એક વર્ષમાં સતત ત્રીજી વાર કચ્છના સમુદ્રકાંઠે દેખાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આગવી વન્યજીવ શ્રુષ્ટિ ધરાવતા રણપ્રદેશ કચ્છના મુંદરા બંદર નજીક એકાદ વર્ષ અગાઉ ડોલ્ફિનનું ઝૂંડ દેખાયા બાદ, ફરી એક વખત કચ્છના સીમાવર્તી અબડાસા તાલુકાના સમુદ્રકાંઠે એક સાથે ચાર જેટલી હમ્પબેક પ્રજાતિની ડોલ્ફિન માછલીઓ ઉછળકૂદ કરતી જોવા મળતાં કુતૂહલ ફેલાયું છે.

એક તરફ વિશાળ રણ અને બીજી તરફ વિશાળ સમુદ્ર વિસ્તાર ધરાવતાં કચ્છમાં આમ તો ભાગ્યે જ ડોલ્ફિન જોવા મળતી હોય છે ત્યારે આ રૂપકડા વિશાળ જળચર જીવના ટોળાંનો લોકો દ્વારા કેપ્ચર કરવામાં આવેલો વીડિયો હાલ યૂટ્યુબ, ફેસબુક અને ઇન્સ્ટાગ્રામ પર ધૂમ મચાવી રહ્યો છે.

રૂપકડા જળચર જીવની કચ્છ વિઝિટ અંગે જાણીતા મરીન રિસર્ચર યાશેશ શાહે જણાવ્યું હતું કે, હમ્પબેક પ્રજાતિની ડોલ્ફિનની ગર્દનમાંથી ત્રિકોણાકારની ખુંધ નીકળેલી હોય છે, જેને અંગ્રેજીમાં હમ્પ કહેવાય છે તેથી આ પ્રજાતિને હમ્પબેક ડોલ્ફિન તરીકે ઓળખાય છે. દક્ષિણ આફ્રિકાના પૂર્વ છેડેથી ભારત અને ચીન સુધી જોવા મળતી ડોલ્ફિનની આ પ્રજાતિને ઇન્ડિયન ઓશિયન હમ્પબેક ડોલ્ફિન તરીકે પણ ઓળખાય છે. ડોલ્ફિનની આ પ્રજાતિ ટોળામાં રહેવા માટે પ્રખ્યાત છે. સામાન્ય રીતે ગુજરાતના અરબી સમુદ્રમાં હમ્પબેક અને બોટલ નોઝ ડોલ્ફિન જોવા મળતી હોય છે જેમાંથી બોટલ નોઝ ડોલ્ફિન ખૂબ દુર્લભ છે. થોડા સમય અગાઉ મુંદરા બંદરના ઇન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલની નજીક ઉછળકૂદ કરી રહેલું ડોલ્ફિનનું ટોળું દેખાયું ત્યાર બાદ અબડાસા નજીકના આંતરરાષ્ટ્રીય જળસીમા ધરાવતા સમુદ્રકાંઠે હમ્પબેક પ્રજાતિની અંદાજિત ચાર જેટલી ડોલ્ફિન માછલીઓ જોવા મળી હતી.

કચ્છમાં મોટેભાગે હમ્પબેક ડોલ્ફિન જ દેખાતી હોય છે. છેલ્લે વર્ષ ૧૯૯૩માં બોટલ નોઝ ડોલ્ફિનની વિઝિટ નોંધવામાં આવી હતી તેમ તેમણે ઉમેર્યું હતું. ■

## રાજકોટના સંવેદનશીલ મતદાન કેન્દ્રની મુલાકાત લેતા પોલીસ ઓબ્ઝર્વર ચંદનકુમાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ને અનુસંધાને રાજકોટ જિલ્લાના ૧૦ - સંસદીય મતવિસ્તારમાં નિયુક્ત પોલીસ ઓબ્ઝર્વર ચંદનકુમાર ઝાએ રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારના સંવેદનશીલ મતદાન કેન્દ્ર, વિવિધ ચેકપોસ્ટ અને કણકોટ એન્જિનિયરિંગ કોલેજ ખાતેના મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી હતી.

આ તકે ચંદનકુમાર ઝાએ વામ્બે આવાસ યોજના સ્થિત ભીમ રાવ પ્રાથમિક શાળા નં. ૯૫, અંબિકા ટાઉનશીપની મોદી સ્કૂલ, લોધીકા તાલુકાના મેટોડામાં આવેલા સરદાર પટેલ પ્રાથમિક શાળા સહિતના સંવેદનશીલ મતદાન કેન્દ્રોની મુલાકાત લઈને જરૂરી માહિતી મેળવી હતી.

ઓબ્ઝર્વર ઝાએ મોટા મવા, માલવિયા નગર અને મેટોડા હાઇવે પરની ચેકપોસ્ટની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ ચેકપોસ્ટ ખાતે ફરજ બજાવતા પોલીસ કર્મીઓ સાથે સંવાદ સાધીને સુરક્ષા બંદોબસ્તને લઈને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ વેળાએ રાજકોટ ગ્રામ્ય પોલીસ વિભાગના પોલીસ ઇન્સ્પેક્ટર ડી.એમ. હિરપરા તેમજ અન્ય પોલીસ કર્મીઓએ સાથે રહી તેઓને રાજકોટ ગ્રામ્ય પોલીસ વિભાગ દ્વારા કરવામાં આવેલી સુરક્ષા વ્યવસ્થાપનની માહિતી પૂરી પાડી હતી.

## વાર્ષિક પરીક્ષા આપીને ઘેર પરત આવેલા ૧૩ વર્ષના વિદ્યાર્થીનું હૃદયરોગના હુમલામાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કોરોનાકાળ બાદ ગુજરાત સહિત સમગ્ર દેશમાં હાલહાર્ટ એટેક એક ગંભીર સ્વાસ્થ્ય સમસ્યા બની રહી છે અને અચાનક હૃદય ધબકતું બંધ થઇ જવાના કારણે મોતની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

૧૩થી લઇ, ૪૫ વર્ષની આયુના લોકોમાં હાર્ટએટેકના કિસ્સા રોકેટગતિથી વધી રહ્યા છે. આ દરમિયાન માધાપર ગામે પરીક્ષા આપીને ઘરે આવ્યા બાદ એક કિશોરવયના વિદ્યાર્થીનું તીવ્ર હૃદયરોગનો હુમલો આવ્યા બાદ મોત થતાં પરિવાર શોકમગ્ન બન્યો છે.

ચિંતાજનક અહેવાલ અંગે જાણવા મળેલી વિગતો અનુસાર, ભુજની ભાગોળે આવેલા માધાપરની મતિયા કોલોનીમાં રહેનારા નૈતિક દિનેશભાઈ મહેશ્વરી નામનો ૧૩ વર્ષીય વિદ્યાર્થી તેની શાળામાં વાર્ષિક પરીક્ષા આપી ઘેર પરત આવ્યો હતો.

થોડા સમય બાદ નૈતિકે મૂંઝારો થતો હોવાની ફરિયાદ કર્યા બાદ અચાનક તે ઢળી પડ્યો હતો. ગભરાયેલા પરિવારજનો તેને તાત્કાલિક ભુજની અદાણી જી.કે. જનરલ હોસ્પિટલમાં લઈ ગયા હતા પણ સારવાર અગાઉ તેનું મૃત્યુ થઈ ચૂક્યું હતું.

તબીબી સૂત્રોએ સિવિયર કાર્ડિયાક અરેસ્ટથી વિદ્યાર્થીનું તત્કાળ મૃત્યુ નીપજ્યું હોવાની બાબતને પુષ્ટિ આપી હતી. મૃતકને હાઇ પ્રેશર, ડાયાબીટીશ કે અન્ય કોઈ ક્રોનિક બીમારી ન હોવાનું પિતાએ જણાવ્યું હતું. પુત્રના અણધાર્યા મૃત્યુના પગલે પરિવાર ઘેરાં આઘાતમાં સરી પડ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રણપ્રદેશ કચ્છમાં કોવીડ-૧૯ની ઘાતક વેવ બાદ હૃદય રોગના બનાવોમાં ચોંકાવારો વધારો થયો છે. એકાદ-બે વર્ષ પહેલા હૃદય રોગથી અંદાજે ૧૦૦થી ૧૫૦ લોકોના મોત થતા હતાં. આરોગ્ય વિભાગના આંકડા પ્રમાણે વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦માં અનુક્રમે ૯૨ અને ૧૦૭ લોકોનાં મોત થયાં હતાં તેની સામે આ આંકડો વર્ષ ૨૦૨૨-૨૩માં વધીને ૨૬૫૬ની આસપાસ પહોંચી ચુક્યો છે. નવરાત્રીના પર્વ દરમ્યાન સેંકડો લોકોનાં અગમ્ય કારણોસર હૃદય બંધ પડી જતાં મોત નીપજી ચૂક્યાં છે. ■

## જૂનાગઢના બજારમાં એક મણ લીંબુનો ૧૪૦૦ રૂપિયા ભાવ બોલાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ઉનાળાની સીઝન ચાલી રહી છે. ઉનાળાના સમયમાં લોકો ઠંડા પીણા પીવાનું વધારે પસંદ કરતા હોય છે. રાજ્યમાં લીંબુના ભાવ આ વર્ષે ખૂબ આસમાને પહોંચ્યા છે. રાજ્યના બજારમાં લીંબુનો ભાવ ૨૦૦ રૂપિયા કિલો ચાલી રહ્યો છે. જૂનાગઢમાં સોમવારે પ્રતિ મણ લીંબુના ભાવ ૧૪૦૦ બોલાયા હતા અને નીચો ભાવ ૧૦૦૦ રૂપિયા બોલાયો હતો. જેના પગલે ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે.

રાજ્યમાં એક સમયે આ લીંબુનો ભાવ એક મણના ૨૫૦૦ રૂપિયા સુધી પહોંચ્યો હતો. જે લીંબુ માર્કેટમાં આવતા ૨૦૦ રૂપિયા સુધીનો ભાવ બોલાતો હતો અને તેથી જ અનેક ગૃહિણીઓના બજેટમાં ભારે વધારો નોંધાયો હતો. જૂનાગઢમાં સોમવારે ૧૦૦૦થી ૧૪૦૦ની વચ્ચે આ ભાવ નોંધાયો હતો. જૂનાગઢ જિલ્લામાં આવનારા સમયમાં આ ભાવ ઘટશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. ■

## ભાવનગરના ખરકડી મુકામે મહાન સંત પીર બાલનશાદાદાનો ત્રિ-દિવસીય ઉર્સ શરીફ ઉજવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ઘોઘા તાલુકાના ખરકડી મુકામે આવેલા મહાન સુફી સંત હઝરત રોશન જમીર પીર બાલનશાદાદાનો ત્રિ-દિવસીય ઉર્સ શરીફ શાનદાર રીતે ઉજવાયો હતો.

આ ઉર્સ પ્રસંગે દરગાહ શરીફમાં મિલાદ શરીફ, કુરઆનખ્વાની, સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો સલામ, સામૂહિક દુવાઓ, ન્યાઝ શરીફ સહિતના ધાર્મીક કાર્યક્રમો યોજાયા હતા. તેમજ સંદલ શરીફ અને નિશાન શરીફનું એક જુલૂસ બેન્ડ વાજા સાથે ખરકડી ગામમાં ફર્યો હતો. આ જુલૂસ દરગાહ શરીફ પાસે પહોંચતા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ પોલીસતંત્ર દ્વારા ગાર્ડ ઓફ ઓનર એટલે કે પોલીસ દ્વારા સલામી આપી બહુમાન કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે, હજરત બાલનશાપીર દાદાની દરગાહ શરીફ ઉપર સર્વ પ્રથમ નિશાન અને ચાદર શરીફ ભાવેણાના રાજવી પરીવાર દ્વારા ચડાવવામાં આવે છે તે મુજબ આ વર્ષે પણ રાજવી પરિવાર દ્વારા ચાદર શરીફ અને નિશાન શરીફ રાજવી પરિવાર ધ્વારા ચડાવવામાં આવ્યું હતું.

આ ઉર્સ પ્રસંગે શહેર તેમજ જિલ્લાના તમામ તાલુકા મથકોમાંથી હિન્દુ મુસ્લિમ શ્રદ્ધાળુ લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને કોમી એકતા અને ભાઈચારાના દર્શન થયા હતા. આ ઉર્સ પ્રસંગના કાર્યક્રમને સફળ બનાવવા હઝરત બાલનશા પીર દાદાની દરગાહ શરીફના ગાદીનશીન રહેમાનબાપુ સહિતના ઉર્સ કમિટીના આગેવાન કાર્યકરોએ સારી જહેમત ઉઠાવી હતી. ■